"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

સાહિત્યપ્રારંભિકા

(ગુજરાતી ભાષાસાહિત્યના ઇતિહાસનો પ્રાથમિક
પરિચય કરાવનાર લઘુ ગ્રંથિકા)

લેખક: શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારિયા

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠેઃ ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ - ૨

★

એક રૂપિયો

સાહિત્યપ્રારંભિકા

[ગુજરાતી ભાષાસાહિત્યના ઇતિહાસનો પ્રાથમિક
પરિચય કરાવનાર લઘુ ગ્રંથિકા]

★

લેખક :

શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારિયા

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

★

એક રૂપિયો

સંવત: ૨૦૦૦
પ્રત : ૪૫૦૦

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય
ઠે. રાયખડ :: અમદાવાદ.

નિવેદન

ગુજરાતી ભાષાસાહિત્યના ઇતિહાસનો પ્રાથમિક પરિચય આ નાના ગ્રંથમાં આપવામાં આવ્યો છે. આ ગ્રંથના લેખક શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારિયા ગુજરાતમાં છેલ્લાં ત્રીસ વર્ષથી સાહિત્યવિવેચનમાં અગ્રણી સ્થાન ભોગવે છે. 'કાવ્યમાધુર્ય' અને બીજાં તેમણે પ્રકટ કરેલાં પુસ્તકો ઘણાં આદર પામ્યાં છે અને તેમનાં પુસ્તકોની ઘણી આવૃત્તિઓ નીકળેલી છે.

સામાન્ય વાચકવર્ગને તથા વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે એવા ખાસ હેતુપૂર્વક તેમણે આ પુસ્તક તૈયાર કર્યું છે. "વિવિધ ગ્રંથમાળા"ના ગ્રાહકોને આ પુસ્તક તદ્દન નવા વિષયનો પરિચય આપશે. નરસિંહ–મીરાંથી આરંભી આજ સુધીના સ્વભાષાસાહિત્યના વિકાસની ટૂંકી પણ નક્કર હકીકતો જાણીને હરકોઈ વાચકબંધુને આનંદ જ થશે, એટલું જ નહિ પણ ઊગતા લેખકવર્ગને તો એ માર્ગદર્શક થઈ પડશે, એમાં શક નથી.

શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારિયાએ અતિસૌજન્યથી આ પુસ્તક સંસ્થાને માટે તૈયાર કરીને નિષ્કામભાવે તે પ્રકટ કરવાની અમને રજા આપી છે, એ માટે અહીં તેમનો આભાર માનવામાં આવે છે.

મુંબઈ,
તા. ૧–૧–૪૪

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

સાહિત્યપ્રારંભિકા

'સાહિત્યપ્રવેશિકા'થી નાનું, માત્ર મુખ્ય મુખ્ય બાબતોની ઉપર ઉપરની પિછાન આપતું, સાહિત્યના ઇતિહાસનો પ્રાથમિક પરિચય જ કરાવનારું પુસ્તક હોય તો તે ઉપયોગમાં લઈ શકાય એવો અભિપ્રાય રાજકોટના હંટર અધ્યાપન મંદિરના બે શિક્ષકમિત્રોએ (શ્રી. શામજીભાઈ તથા શ્રી. જ્યેષ્ઠારામ ઉપાધ્યાયે) જણાવ્યો હતો.

'સાહિત્યપ્રવેશિકા'ની બીજી આવૃત્તિમાં છેલ્લાં વીશ વર્ષની વિગત ઉમેરાઈ અને બીજી પણ થોડી આવશ્યક માહિતી દાખલ કરી એટલે તે પુસ્તકનું કદ મોટું થયું. તે ઉપરથી એક જુવાન મિત્ર શ્રી. દુષ્યન્ત મદનલાલ દેશાઈએ સૂચના કરી કે નાની સંક્ષિપ્ત આવૃત્તિ થાય તો વિદ્યાર્થીઓ અને સામાન્ય વાચકોને વધારે ઠીક પડે.

આવી રીતે મળેલી પ્રેરણા આ 'સાહિત્યપ્રારંભિકા' તૈયાર કરવામાં કારણરૂપ બની. સાહિત્યના ઇતિહાસની માત્ર પ્રાથમિક પિછાન જ આ લઘુ પુસ્તકમાં આપવામાં આવી છે.

'સાહિત્યપ્રવેશિકા'ની બીજી આવૃત્તિ તૈયાર છે; પણ કાગળના વધી ગયેલા ભાવ અને બીજી અડચણો તેના પ્રકાશનમાં કદાચ વિલંબ કરાવે. દરમ્યાન આ 'પ્રારંભિકા' શ્રી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના નિયંતાઓની કૃપાદૃષ્ટિથી પ્રગટ થાય છે.

ગુજરાતી સાહિત્યનો અભ્યાસ હવે તો સારી પેઠે વધતો જાય છે. છતાં આ જાતનાં પુસ્તકો હજી સુધી નથી લખાયાં એ દિલગીર

થવા જેવું છે. હવે તો નજીકના ભવિષ્યમાં એ ખોટ પૂરી પડશે એવી આશા છે.

'સાહિત્યપ્રવેશિકા' કરતાં 'પ્રારંભિકા'માં વિષયવિવરણ જરા અન્ય પ્રકારનું રાખ્યું છે. વિદ્યાર્થીઓ અને વાચકોને તે રુચિકર નીવડે એમ ઇચ્છું છું.

આ પ્રકાશન માટે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનો અને આખું પુસ્તક ઝીણવટથી વાંચી, કિમ્મતી સૂચનાઓ આપનાર ભાઇશ્રી વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોરનો આભાર માનવાની પવિત્ર ફરજ આનંદથી અદા કરું છું.

સં. ૨૦૦૦, માઘ સુદિ ૫
ખાર–મુંબઈ,
તા. ૩૦–૧–૧૯૪૪

હિં. ગ. અંજારિયા

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૨	છેલ્લી લીટી	સાંભલી તિ	સાંભલી નિ
	,,	કરશું	કરશુ
૧૮	૧૦	રાસબાળલીલા	રામબાળલીલા
૩૫	૨૪	વલ્લભ મેવાડો	વલ્લભ મેવાડો
		સંવત ૧૭૯૦–૧૮૧૧	સંવત ૧૭૦૦–૧૮૧૧
૫૮	૭	વાચનરસમાં તો	વાચનરસ તો
૬૮	૫	દ્વારા લેખો,	દ્વારા લેખો લખી,
૧૦૪	૨૧	ઓલિયા જોશી	ઓલ્યા જોશી
૧૨૨	૧૭	કિશોરીલાલ	કિશોરલાલ

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠાંક
૧	**પ્રારંભ—નરસિંહ—મીરાંયુગ**—ગુજરાતી ભાષા, પ્રાકૃતો, જૂની ગુજરાતી, નરસિંહ, ભાલણ, મીરાં, નાકર, વસ્તો.	૯ થી ૨૫
૨	**પ્રેમાનંદયુગ**—અખો, પ્રેમાનંદ, શામળ, નરહરિ–પારસી કવિ રૂસ્તમ અને નોશિરવાન, વલ્લભ મેવાડો.	૨૬ થી ૩૬
૩	**દયારામયુગ**—પ્રીતમદાસ, દયારામ, ધીરો, ભોજો.	૩૭ થી ૪૨
૪	**જીવનવિપર્યય**—નર્મદાશંકર, કરસનદાસ, મહીપતરામ, દલપતરામ, નવલરામ. ...	૪૩ થી ૫૩
૫	**અંગ્રેજી શિક્ષણનાં પહેલાં ફળ**—ગોવર્દ્ધનરામ, મણિલાલ, નરસિંહરાવ, રમણભાઈ, કેશવ હ. ધ્રુવ, આનંદશંકર.	૫૪ થી ૭૦
૬	**નવી કવિતા**—નરસિંહરાવ, કલાપી, મણિશંકર, બળવંતરાય, ન્હાનાલાલ, ખબરદાર, બોટાદકર, લલિત, રામમોહનરાય	૭૧ થી ૮૧
૭	**નવલકથા**—કરણઘેલો, સરસ્વતીચંદ્ર, ભોગીન્દ્રરાવ દિવેટિયા, કનૈયાલાલ મુનશી, રમણલાલ, મેઘાણી, ગુણવંત આચાર્ય	૮૨ થી ૯૭
૮	**નવલિકા**—ધૂમકેતુ, કનૈયાલાલ મુનશી, રામનારાયણ પાઠક, ઝવેરચંદ મેઘાણી, ગુણવંત આચાર્ય, રમણલાલ, ધનસુખલાલ, જ્યોતિન્દ્ર દવે.	૯૮ થી ૧૦૫

૯ **નાટક**—રણછોડભાઇ, વાઘજી આશારામ, નથુરામ સુંદરજી, ડાહ્યાભાઈ ધોળશાજી, કેશવ હ. ધ્રુવ, કાન્તા, રાઇનો પર્વત, જયાજયન્ત, પ્રતાપરાણો, શાહજહાં. ... ... ૧૦૬ થી ૧૧૭

૧૦ **વ્યાપક સાહિત્ય**—ગાંધીજી, કિશોરલાલ મશરૂવાળા, કાલેલકર, મહાદેવ હરિભાઈ. ... ૧૧૮ થી ૧૨૬

૧૧ **વર્તમાન સ્થિતિ**—સુન્દરમ્, ઉમાશંકર જોષી, સુંદરજી બેટાઈ, સ્નેહરશ્મિ, મનસુખલાલ ઝવેરી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિશ્વનાથ મગનલાલ, પન્નાલાલ પટેલ. ... ... ૧૨૭ થી ૧૩૫

સાહિત્યપ્રારંભિકા

પ્રકરણ ૧ લું—નરસિંહ—મીરાંયુગ

શરૂઆત—જૂની ભાષા

આપણી ગુજરાતી ભાષા હાલ બોલાય છે તેવી પહેલાં બોલાતી નહોતી. હમણાં પણ આપણે જાણીએ છીએ કે પ્રાંત પ્રાંતની બોલીમાં ફેર હોય છે; એટલું જ નહિ પણ લેખક લેખકની ભાષામાં પણ જુદાપણું હોય છે. આવું હોવા છતાં બધા જ ગુજરાતીઓની ભાષા એક જ છે—ગુજરાતી જ છે—પછી ભલે ગુજરાતમાં, કાઠિયાવાડમાં કે હિન્દના કે દુનિયાના ગમે તે જુદાજુદા ભાગોમાં વસતા હોય, તો પણ બધા ગુજરાતીઓની ભાષા તો ગુજરાતી જ છે.

હમણાં બોલાતી ભાષા સોબસો વર્ષ પહેલાં આજના જેવી નહોતી; ત્રણસોચારસો વર્ષ પર તો કાંઈક વધારે જુદી લાગે તેવી હતી. પાંચસોછસો વર્ષ પહેલાં તો ગુજરાત-કાઠિયાવાડમાં બોલાતી તે જ ભાષા મેવાડ, મારવાડ, માળવા એ બધા પ્રદેશમાં વપરાતી.

ભાષાઓમાં ફેરફારો થયા જ કરે છે. અમુક લોકો અમુક ભાષા બોલતા હોય; તે લોકો પોતે બીજા મુલકમાં જાય, અગર તેના મુલકમાં બીજા લોકો આવે, એટલે ભાષાનો ભેળીસાળો થવા લાગે. સંપર્ક જેમ જેમ વધે તેમતેમ ફેરફારો પણ વધે. જોરદાર ભાષા હોય, આગ્રહી લોકો હોય, તો અમુક ભાષા વધારે પ્રચાર પામે. આમ પરાપૂર્વથી થતું જ આવ્યું છે.

આર્યો જ્યારે ભરતખંડમાં આવ્યા, ત્યારે વેદોમાં જે ભાષા છે તે બોલતા હતા. અહીં આવ્યા પછી અહીંના મૂળ વતનીઓની સાથે મળવાભળવા લાગ્યા; પોતે પણ એકબીજાથી દૂર દૂર વસવાટ કરવા લાગ્યા; એટલે તેની અસર ભાષા પર થવા લાગી; ભાષામાં કાંઈ કાંઈ વિકૃતિઓ થવા લાગી.

ભાષા જુદીજુદી થઈ જાય, તો લોકોનું ઐક્ય ન ટકે એ તો સ્વાભાવિક જ હતું. એટલે આર્યોને સૂઝયું કે દેશદેશની ભાષામાં ભલે ફેરફારો થયા કરે, પણ સઘળા આર્યોમાં માન અને સ્વીકાર પામે તેવી એક સર્વવ્યાપક ભાષા તો હોવી જ જોઇએ. આ વિચાર એવો તો દૃઢ અને પાકો થઈ ગયો કે આર્યોએ સુંદર, સર્વવ્યાપક, સર્વમાન્ય ભાષા ઉપજાવી કાઢી. બોલાતી ભાષાઓ બગડી ગઈ હતી, એમ સમજી તેને સુધારી સંસ્કૃત ભાષા તૈયાર કરી. વેદોની મૂળ ભાષા પર આધાર રાખી, બગડતી, બગડેલી ભાષાનાં સ્વરૂપો સુધારી, ભાષાને સંસ્કાર આપી તેને સુધારી એટલે તેને 'સંસ્કૃત' એવું નામ આપ્યું. બ્રાહ્મણો, વિદ્વાનો, મોટા લોકો સંસ્કૃત જ વાપરવા લાગ્યા; ધર્મનાં પુસ્તકો સંસ્કૃતમાં જ લખાયાં; સંસ્કૃત માટે માન અને પ્રેમ, શ્રદ્ધા અને પવિત્ર ભાવ કેળવ્યાં, એટલે સંસ્કૃત સર્વમાન્ય ભાષા ગણાવા લાગી—સંસ્કૃત એ જ ભાષા, મુખ્ય અને એકલી માન્ય ભાષા ગણાવા લાગી. દરેક દેશમાં

લોકોની જુદીજુદી ભાષાઓ હતી, તે તો લોકસમસ્તમાં વપરાતી; તે ભાષા લોકોમાં—એટલે પ્રકૃતિમાં—વપરાતી, એટલે તે પ્રાકૃત કહેવાતી. સંસ્કૃત જ મૂળ ભાષા હતી એ વિચારને એવો તો ઊંડો અને વ્યાપક બનાવ્યો હતો કે દેશમાં બોલાતી ભાષા મૂળ સંસ્કૃતમાંથી જ બની છે એમ મનાવા લાગ્યું હતું; એટલે પ્રાકૃતની બીજી એવી પણ વ્યુત્પત્તિ પ્રચારમાં હતી, કે સંસ્કૃત એ પ્રકૃતિ, અને પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ માટે પ્રાકૃત; દેશભાષાઓ સંસ્કૃતમાંથી વિકૃતિ પામીને બની છે, એવો ખ્યાલ લોકોમાં સારી પેઠે પ્રસરેલો હતો.

આવા સર્વવ્યાપી અભિપ્રાયની એટલી બધી અસર થઈ ગઈ હતી કે, ભાષા એટલે સંસ્કૃત જ એમ મનાતું હતું. સંસ્કૃત સિવાયની તે બધી જ પ્રાકૃત. સંસ્કૃત સિવાયની બધી જ ભાષાઓ માટે પ્રાકૃત, એ એક સામાન્ય નામ જ ગણાય છે. જુદાજુદા પ્રદેશોની પ્રાકૃતને માટે જુદાંજુદાં વિશેષણો લગાડવામાં આવતાં. જેમકે મગધ દેશમાં બોલાતી પ્રાકૃત માગધી કહેવાતી; શૂરસેન–મથુરા નજીકના પ્રદેશમાં બોલાતી શૌરસેની વગેરે. આવી પ્રાકૃતો મુખ્ય પાંચ—ઉત્તરહિન્દમાં—પાંચ—હતી: માગધી, શૌરસેની, પૈશાચી, મહારાષ્ટ્રી અને અપભ્રંશ.

આ પ્રાકૃતોમાંની અપભ્રંશ, મેવાડ, મારવાડ, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર એ બધા પ્રદેશમાં વપરાતી. ગુજરાત–સૌરાષ્ટ્ર પર ગુર્જરોનાં આક્રમણ થયાં. મૂળવતનીઓ સાથે ગુર્જરો એવા મળી ભળી ગયા કે, ભાષાનાં સ્વરૂપ પર પણ અસર થવા લાગી. અગિયારમાબારમા સૈકામાં તો ભાષા એવી થઈ ગઈ કે, તેને અપભ્રંશ કહેવાય જ નહિ. ત્યાર પછી પણ ભાષામાં ફેરફારો ચાલુ જ રહ્યા. ચૌદમાપંદરમા સૈકામાં તે એવું સ્વરૂપ પામી કે, તેને આપણે ગુજરાતીનું જૂનું રૂપ ગણી

શકીએ. એ રૂપમાં પણ ફેરફારો તો ચાલુ જ રહ્યા; સોળમા-સત્તરમા સૈકામાં જે સ્વરૂપ હતું, તેને 'ગુજરાતી' નામ અપાયું.

આપણી ભાષા માટે 'ગુજરાતી' એવું ચોક્કસ નામ પહેલવહેલું પ્રેમાનંદે જ વાપર્યું છે. 'દશમસ્કંધ'માં એક જગાએ પ્રેમાનંદે તે નામ વાપર્યું છે—બીજે બધે તો પ્રેમાનંદ પણ ભાષા માટે 'પ્રાકૃત' નામ જ વાપરે છે. પ્રેમાનંદ જ નહિ, બધા જ લેખકો પોતાની ભાષા માટે પ્રાકૃત એવું જ સામાન્ય નામ વાપરે છે—સંસ્કૃત નહિ તે પ્રાકૃત એમ જ પ્રયોગ થયા કર્યો છે.

અપભ્રંશમાં ફેરફારો થયા કર્યા—ભાષા બદલાતી રહી—ચૌદમાપંદરમા સૈકામાં ભાષાએ જે સ્વરૂપ લીધું હતું તે ગુજ-રાતી કહી શકીએ તેવું હતું—હાલના જેવું નહિ, તો પણ ગુજરાતી તો ખરું; સ્વરૂપ જરા જુદું અને જૂનું, એટલે તે સમયની ભાષાને જૂની ગુજરાતી એવું નામ આપવામાં આવે છે.

પહેલાંની ભાષા 'ગુજરાતી' ન કહેવાય, પણ ચૌદમા-પંદરમા સૈકાથી તો આ પ્રદેશની ભાષાને જે સ્વરૂપ મળ્યું તે સ્પષ્ટ રીતે ગુજરાતી ગણી શકાય. એટલે ગુજરાતી ભાષાની શરૂઆત ચૌદમાપંદરમા સૈકાથી ગણવામાં આવે છે. તે વખતની ભાષાને જૂની ગુજરાતી એમ ઓળખીએ તો સ્પષ્ટતા અને સત્યતા બન્ને સચવાય. નામ ગુજરાતી આપીએ એટલે ભાષા-સાહિત્યના ઇતિહાસની શરૂઆત પણ ત્યારથી જ કરવી જોઈએ.

ચૌદમાપંદરમા સૈકાની જૂની ગુજરાતીનો નમૂનો નીચે આપ્યો છે.

રાજપુત્ર ! તહ્મો શૂં સાંભલશુ મુજ દૂખિણીનું મર્મ ?
અભાગિણી હૂં અતિ પાપિણી ! ક્રૂર કર્યાં બહુ કર્મ !
જન્મ થકી વૈરાગ્ય વારતા, સુખ કેરું નહિ લેશ;
તેહ સાંભલી તિ શૂં કરશું ? શોક કથાઈ નરેશ ?

> ઈમ કરતાં જો સાંભલવાનું કૌતક હુઇ મંનિ;
> કથા સહૂ હૂં કહૂં, સાંભલુ સ્થિર થઈ રાજન્!
>
> —'કાદમ્બરી' કડવું ૧૪

ને ને બદલે નિ, એમ ને બદલે ઇમ, સાંભળશો ને બદલે સાંભલશુ તથા મંનિ, કથાઇ વગેરે પ્રયોગો જૂની ગુજરાતીનું સ્વરૂપ બતાવે છે.

નરસિંહ મહેતો આ જમાનાનો જ—જૂની ગુજરાતીના સમયનો જ—લેખક છે, પણ તેનાં પદો કંઠોપકંઠે ઊતરતાં આવ્યાં છે. એટલે જમાના જમાના પ્રમાણે બદલાતાં ગયાં. નરસિંહનાં હાલનાં કાવ્યોની ભાષા તેના વખતની ભાષા તો રહી જ નથી. વળી, છાપવાવાળાએ પણ ભાષાને તદ્દન આધુનિક સ્વરૂપ જ આપી દીધું—એટલે જૂની ભાષાનું નામનિશાન રહ્યું નથી. કોઈ જગાએ એકાદ શબ્દ કે સ્વરૂપ રહી ગયું હોય તો જ કાંઇક જુનવાણી નિશાની મળે છે—બાકી તો જૂની ભાષા જાણવા તક જ નથી. નરસિંહ મહેતાના વખતની ભાષા તેનાં પદો પરથી જાણવા માટે તો સંભવ જ નથી, પણ છેલ્લી હાથપ્રત પ્રમાણે છપાયાં હોત, તોય તે પ્રતના સમયની ભાષા કાંઈક જાણવામાં આવત. તેવું પણ કાંઈ થયું નથી. હવે માત્ર એટલું રહ્યું છે કે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં, ફારબસ સભામાં કે બીજી કોઈ જગાએ જો જૂની હાથપ્રત રહેલી હોય તો તે જોવાથી કાંઈક પ્રકાશ મળે ખરો. આવા અભ્યાસ માટે તો ખાસ શોખ ધરાવનારા કોઈ નીકળે તો જ સાધનોની શોધખોળ થઇ શકે.

નરસિંહ મહેતાની કવિતાની ભાષા આધુનિક બની ગઈ છે, પણ તે જ સમયના બીજા લેખક ભાલણની 'કાદંબરી' જૂની ભાષામાં જ રહી છે. કાદંબરી બહુ જાણીતું પુસ્તક નહિ એટલે

તે જ્યારે છેલ્લું લખાયું ત્યારે જે ભાષા હતી તે ભાષામાં ટકી રહ્યું. પુસ્તકરૂપે કોઈ ભંડારમાં પડી રહ્યું એટલે તેની ભાષામાં ફેરફારનો પ્રસંગ રહ્યો જ નહિ. તે 'કાદંબરી'માં, તેમ જ 'કહાનડદે પ્રબંધ'માં અને હવે હળવે હળવે બીજા મળી આવતા કેટલાક નાનામોટા ગ્રંથમાં જૂની ભાષા સચવાઈ રહી છે. તે ભાષા તે પુસ્તકના લેખકના સમયની તો હોય કે ન હોય, પણ જે સાલમાં તેની છેલ્લી નકલ થઈ હશે તે સમયની તો હશે એમ માની શકાય.

આજ સુધી જૂના કવિઓનાં પ્રકાશનમાં ધોરણ જ એવું રખાયું હતું કે, ભાષાને આધુનિક રૂપ આપીએ તો જ વાચકો લાભ લે. એટલે બૃહત કાવ્યદોહન, પ્રાચીનકાવ્યમાળા, વગેરેમાં ભાષામાં બહુ સ્વરૂપફેર થઈ ગયેલો છે.

નરસિંહ, મીરાં વગેરે જૂના લેખકોની ભાષા તેઓની અસલ ભાષા તો નથી જ એ યાદ રાખવાનું છે.

હવે સમજવામાં આવતું જાય છે કે, જૂના કવિઓની જૂની ભાષા સચવાઈ હોય તો અભ્યાસ માટે ખૂબ સરળતા થાય, અને તેથી હવે તે જાતના વર્તન તરફ પ્રવૃત્તિ થવા માંડી છે. એ એક શુભ ચિહ્ન છે.

નરસિંહ મહેતો : સંવત ૧૪૭૦ થી ૧૫૩૬

ગુજરાતી ભાષાના જૂનામાં જૂના કવિ તરીકે તથા આદ્ય-કવિ તરીકે નરસિંહ મહેતો આખા ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ ખૂબ જાણીતો છે.

નરસિંહ મહેતો કાઠિયાવાડમાં આવેલા જૂનાગઢનો રહે-વાસી હતો. તેના જીવન સંબંધે ચોક્કસ માહિતી થોડી જ છે. ઇતિહાસ જેવી પ્રવૃત્તિ પર આપણું લક્ષ જ નહોતું. મહાજનોની

સ્મૃતિ દંતકથાઓદ્વારા જ ચાલુ રાખવા જેટલી તેમની સેવા કરવામાં આવે છે. એ પ્રમાણે નરસિંહ મહેતા માટે પણ કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. તેવી બધી દંતકથાઓમાંથી સાર કાઢીએ તો હકીકત એવી નીકળે છે કે નરસિંહ મહેતો નાનપણમાં ગમાર અને ધૂની છોકરો ગણાતો. કામધંધામાં દિલ ચોટાડયું નહિ હોય એટલે ભાભીનાં મહેણાં સાંભળવાં પડ્યાં. મહેણાંથી મનને દુઃખ થયું. દંતકથા કહે છે કે મહેણાંથી રિસાઇ તેણે ભાઈનું ઘર છોડયું અને મોસાળ જવા નીકળ્યો. મોસાળ પહોંચ્યો કે નહિ, એ કાંઈ જાણવામાં નથી, પણ મોસાળ જતાં જતાં રસ્તામાં ગોપનાથનાં દર્શન કરવા રોકાયો અને ગોપનાથની પૂજામાં જ બેસી ગયો. ગોપનાથની સેવા એણે એવી નિષ્ઠાથી અને અનન્યભાવે કરી કે ગોપનાથ પ્રસન્ન થયા. કૃષ્ણની રાસલીલાનાં દર્શન માટે પોતે જતા હતા ત્યાં નરસિંહ મહેતાને સાથે લઈ ગયા. નરસિંહ કૃષ્ણની રાસલીલા જોઈ એવો તન્મય અને કૃષ્ણમય બની ગયો કે તે ઘડીથી જ કૃષ્ણભક્તિમાં મસ્ત અને મશગૂલ થયો.

રાસલીલાનાં દર્શન કરી, કૃષ્ણભક્ત બન્યા પછી તે પાછો જૂનાગઢ આવ્યો. ભાઈભોજાઈ સાથેનો અણબનાવ ટળી ગયો. ભાઇએ તેને પરણાવ્યો. તેને એક છોકરો અને એક છોકરી એમ બે સંતાન થયાં. તે બંનેને પરણાવ્યાં પણ ખરાં. નરસિંહ મહેતાની આજીવિકા માટે શી વ્યવસ્થા હશે એ કંઈ જાણવામાં નથી. પરંતુ કૃષ્ણભક્ત તરીકે ભજનકીર્તન કરતો હશે, કવિતા બનાવતો હશે, જીવન ગરીબાઈમાં ગાળવું પડયું હશે, છતાં ગુજારો તો ચાલતો હશે.

નરસિંહ મહેતાનાં લખાણમાં જ્ઞાનની કોટિ અને સર્જકશક્તિની સંસ્કારી ઉચ્ચતા જોતાં એમ તો સ્વીકારવું જ પડે છે કે

તેને સંસ્કાર ઘણા સારા મળેલા હોવા જ જોઈએ. તેનું તત્ત્વજ્ઞાન ચોક્કસ અને ઊંડું છે, તેનું સંસારજ્ઞાન વિશાળ અને નિર્મળ છે, અને તેનું લખાણ સરળ છતાં ભાષા પર પ્રભુત્વવાળું અને રચનામાં કળાકૌશલ્ય દાખવનારું છે. તેની કવિતામાં ગીતમાધુર્ય અને ભાવમાધુર્ય એવી તો સ્વાભાવિક રીતે આવી રહે છે કે કુદરતની બક્ષિસ અને અથાક અભ્યાસના સુમેળ વગર એવી કુશળતા ભાગ્યે જ આવે. નરસિંહ મહેતાએ ક્યારે અને કોની પાસે અભ્યાસ કર્યો એ કંઈ કોઈના જાણવામાં નથી. માત્ર એટલી અટકળ કરી શકાય કે જૂનાગઢ છોડી, ગોપનાથની સેવામાં જે સમય ગાળ્યો, ત્યાં કદાચ કોઈ ગુરુ મળ્યો હોય; ત્યાં થયેલી જ્ઞાનપ્રાપ્તિને પાછળથી વાચનશ્રવણથી વિપુલ બનાવી હોય એ બનવાજોગ છે.

તેનાં પ્રભાતિયાં અને જ્ઞાનનાં પદોમાં બુદ્ધિ અને કવિત્વનાં જે તેજ ઝળકારા મારી રહ્યાં છે તેની બરોબરી કરી શકે તેવું સાહિત્ય ગુજરાતીમાં તો શું, હિન્દની બીજી કોઈ પણ ભાષામાં ભાગ્યે જ લખાયું હશે. પ્રભાતિયાં તો ગુજરાતીઓનું અવિનાશી ધન છે. ઘરગથ્થુ, સર્વસુલભ ભાવો, વર્ણનમાં સર્વને એકદમ જ ગમી જાય—યાદ રહી જાય, સ્વાભાવિક જ લાગે તેવા વિચારો, ભાષામાં મધુરી ઝડઝમકના પ્રયોગો અને ગામડાંના અને શહેરના સર્વ લોકોને મુગ્ધ બનાવે તેવા સર્વપ્રિય વિષયો—આવા આવા ગુણોને લીધે પ્રભાતિયાં તો ગુજરાતમાં ગામેગામ અને ઘેરેઘેર ગવાયાં કરે છે. 'જાગને જાદવા', 'જળકમળ છાંડી જાને બાળા', 'જે ગમે જગતગુરુદેવ જગદીશને', 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ', 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' વગેરે પ્રભાતિયાં ગામડે ગામડે અને ઘેરેઘેર લલકારાતાં હજી આજ પણ સંભળાય છે.

નરસિંહ મહેતાએ 'સુદામાચરિત્ર', 'ચાતુરી', 'સહસ્રપદી રાસ' વગેરે ઘણું ઘણું લખ્યું છે. પોતાના જીવન સંબંધે પણ કાંઇ કાંઈ લખ્યું છે એમ પણ મનાય છે. 'હારમાળા' માટે હજી બે મત પ્રવર્તે છે. કેટલાક તેને નરસિંહ મહેતાની લખેલી માને છે અને કેટલાક પ્રેમાનંદની માને છે. ખરો ખુલાસો તો એવો લાગે છે કે નરસિંહ મહેતાએ થોડાં પદો કર્યાં હશે અને પછીના લેખકોએ તેમાં વધારો કર્યા કર્યો હશે. પ્રેમાનંદે તે બધાંને ફરી લખ્યાં. નરસિંહ મહેતાનાં અને બીજા લેખકનાં લખેલાં બધાં પદોને પોતાની મતિ પ્રમાણે સુધાર્યાં, કોઈ નવાં પણ ઉમેર્યાં અને એમ 'હારમાળા' તૈયાર થઈ. આ પ્રશ્ન હજી ચર્ચાસ્પદ ગણાય છે. શોધખોળથી સત્ય શોધી શકાય એવો હજી સમય છે. કોઈ ધૂની અભ્યાસી નીકળી આવે, તો હજી કાંઈક નવું જાણવાનું કદાચ મળે. તેવી બાબતોમાં પૂર્વગ્રહ કે મતાગ્રહ રાખવામાં આવે તો સત્ય પર આચ્છાદન વળી જાય છે.

નરસિંહ મહેતાનો સમય સંવત ૧૪૭૦ થી ૧૫૩૬ સુધીનો ગણાય છે.

ભાલણ : સંવત ૧૪૯૦ થી ૧૫૭૦

નરસિંહ મહેતા ઉપરાંત બીજા કેટલાક લેખકો થઈ ગયા હશે, પણ આપણને આજ સુધીમાં થોડા જ જાણવામાં આવ્યા છે. અભ્યાસ અને શોધખોળ ચાલુ રહેશે, તેમ તેમ બીજા જાણવામાં આવશે. હમણાં પણ થોડાઘણાની માહિતી મળી છે. નરસિંહ મહેતાની સાથોસાથ પણ કદાચ ઊભો રહે તેવો એક લેખક ભાલણ છે.

તે સિદ્ધપુર પાટણનો રહેવાશી હતો. સંસ્કૃતમાં લખાયેલાં

ગદ્યકાવ્ય 'કાદંબરી'નું તેણે ગુજરાતીમાં પદ્યરૂપે ભાષાંતર કર્યું છે—અક્ષરશઃ ભાષાંતર તો નથી, પણ વાર્તા, વર્ણન વગેરેનો મુખ્ય મુખ્ય ભાગ આવી જાય તેવો અનુવાદ છે. તે પુસ્તકભંડારમાં પડી રહ્યું એટલે તે સંબંધે માહિતી રહી નહિ. વળી વિષય પણ એવો કે સંસ્કૃતના સારા પંડિત સિવાય બીજાને સમજ પણ ન પડે. એટલે તે પુસ્તકની ભાષા મૂળ સ્વરૂપમાં જળવાઇ રહી અને અસલ પ્રમાણે જ તે છાપવામાં આવ્યું, એટલે જૂની ભાષા જાણવાની આપણને સગવડ રહી.

ભાલણે 'કાદંબરી' ઉપરાંત 'સપ્તશતી', 'નળાખ્યાન', 'દશમસ્કંધ' વગેરે લખ્યું છે. ખાસ તો તેનાં રાસબાળલીલાનાં પદો બહુ ગમી જાય તેવાં છે. તે પદોમાં બાળભાવનું વર્ણન, માતાની બાળક માટેની અધીરજનું અને ચિંતાભરી લાગણીનું વર્ણન, લોકો બાળકોમાં અને બાળકોની રમતમાં કેવો રસ લે છે તેનું વર્ણન, બાળકોની રમતોનું વર્ણન વગેરે એવી સરસ રીતે લખાયું છે કે તે પદો એકદમ જ પ્રિય થઇ પડે છે.

ભાલણ ઉપરાંત બીજા લેખકો પણ હળવે હળવે જાણવામાં આવતા જાય છે.

બીજા થોડા લેખકો

કાયસ્થ કવિ કેશવે કૃષ્ણલીલામૃત કાવ્ય લખ્યું છે. એ કવિ પ્રભાસપાટણનો રહેવાશી હતો અને સંવત ૧૫૨૯ માં હયાત હતો.

સંવત ૧૫૪૦ માં લખાયેલ 'હરિલીલાષોડશકલા'નો લેખક ભીમ પણ તે જ અરસામાં થયો છે. સંસ્કૃતમાં લખાયેલા એક પુસ્તક પરથી ભીમે આ કળાઓ લખી છે. તેમાં ભાગવતનો સાર કાવ્યરૂપે લખ્યો છે. સંસ્કૃતના આધાર પરથી એ લખાયેલ હોવા

છતાં, કેમ જાણે સ્વતંત્ર લખાણુ હોય એવી જ છાપ પડી રહે છે.

સંવત ૧૫૧૨ માં પદ્મનાભે 'કહ્નાનડદે પ્રબંધ' લખ્યો છે. તેમાં યુદ્ધનું વર્ણન છે; એક ગઢને ઘેરો ઘાલવામાં આવે છે તે વિષે લખાણુ છે. હથિયારોની માહિતી, લડાઈની તૈયારીઓ અને લોકોના યુદ્ધસમયના મનોભાવ વિષે લખાણુ હોઈ, નવી જાતનું સાહિત્ય રજૂ કરનારું તે પુસ્તક ઠીક પ્રચાર પામી રહ્યું છે.

આ ઉપરાંત પણુ હરસેવક નામના લેખકનું 'મયણુરેહા રાસ' નામનું પુસ્તક છે; જયશેખરે 'ત્રિભુવન દીપક પ્રબંધ' લખ્યો છે; હીરાનંદે 'વસ્તુપાલ તેજપાલ રાસ' લખ્યો છે; જનાર્દનનું 'ઉષાહરણુ', કર્મણુ મંત્રીકૃત 'સીતાહરણુ', કોઇ અજાણ્યા લેખકનો 'વસંતવિલાસ', લાવણ્યસમયકૃત 'વિમળપ્રબંધ' વગેરે લખાણો હવે જાણુવામાં આવ્યાં છે. તેમાંનાં કેટલાંક તો છપાઈ પણુ ગયાં છે. બીજા પણુ કેટલાક લેખકો હજી અજાણ્યા રહ્યા હોય એ બનવાજોગ છે. જૂનું તે બધું જ સોનું ન ગણીએ તોપણુ સંભવ છે કે કોઈક સત્ત્વશાળી પણુ અંધારામાં હટાઈ રહ્યો હોય. વધારે શોધખોળ અને આગ્રહભર્યો અભ્યાસની હજી જરૂર છે એ તો દેખીતું જ છે.

મીરાંબાઈ: સંવત ૧૫૫૫-૬૦ થી ૧૬૨૦-૨૫

નરસિંહ મહેતાની પેઠે મીરાંબાઈ પણુ ભક્ત તરીકે ગુજરાતમાં જ નહિ, પણુ આખા ભરતખંડમાં જાણીતાં છે. ગુજરાતના શ્રેષ્ઠ કવિઓમાં મીરાંબાઈની ગણુના થતી જ આવી છે.

ચાળીસપચાસ વર્ષ પહેલાં એમ મનાતું હતું કે ગુજરાતી સાહિત્યની શરૂઆત નરસિંહ-મીરાંથી થઈ હતી, અને તે સમયમાં માત્ર ભક્તિસાહિત્ય જ લખાતું હતું. તે યુગને ભક્તિયુગ એવું જ નામ અપાતું હતું. કારણુ એ હતું કે કંઠોપકંઠે

ઊતરી આવેલાં ભજનો અને ભક્તિનાં પદો જ લોકોના જાણવામાં હતાં. પરંતુ હળવે હળવે બીજું સાહિત્ય પ્રકાશમાં આવવા લાગ્યું, બીજા ગ્રંથોની માહિતી મળવા લાગી, અને તે સમયમાં પણ આખ્યાન, પ્રશસ્તિકાવ્ય, સંવાદ, વાર્તા વગેરે લખાયેલાં છે એ જાણવામાં આવતું ગયું. શ્રીધર નામના લેખકે 'રણમલ્લછંદ' સંવત ૧૪૫૪ માં લખ્યો છે. ભીમ નામના એક લેખકે સંવત ૧૪૬૬ માં 'સદયવત્સચરિત' લખ્યું છે. 'પ્રબોધ બત્રીશી', 'વસંતવિલાસ', વિમળપ્રબંધ, 'ઉષાહરણ' વગેરે જુદી જુદી પ્રતિનાં લખાણ મળી આવ્યાં છે. એટલે નરસિંહ–મીરાંનો યુગ ભક્તિયુગ હતો એમ કહી શકાય તેવું રહ્યું નથી.

એ બધાં લખાણમાંથી ખાસ ઊંચા ગુણો ઘણા થોડામાં જ છે. ભાલણની કાદંબરી જેવું સુંદર લખાણ પણ હવેના જમાનામાં બહુ પ્રચાર પામે એવું નથી. જે જે જૂના લેખકો અને જૂનું સાહિત્ય હવે પ્રકાશમાં આવતું જાય છે, તે બધું ટકાવી રાખવા જેવું ભાગ્યે જ ગણાશે. અભ્યાસીઓ માટે તો તે અવશ્ય ઉપયોગી થઈ પડશે; વિદ્યાર્થીઓને પણ શોધખોળ માટે ઉપયોગી બનશે; સામાન્ય જનસમુદાયમાં નરસિંહ–મીરાંનાં કાવ્યો જેટલાં લોકપ્રિય છે અને સદાકાળ લોકપ્રિય રહેવાનાં છે, તેવું ઇતર સાહિત્ય માટે થવાનો સંભવ નથી.

મીરાંબાઈની કૃતિ પ્રમાણમાં થોડી છે; પરંતુ લોકમાનસને અસર કરવાનો ગુણ તેની બધી જ કૃતિઓમાં બહુ ઊંચી પ્રતિનો છે. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંની પેઠે મીરાંબાઈનાં ભજનો ગુજરાતી હૃદયને તલ્લીન બનાવવામાં બહુ સફળ થયાં છે. મીરાંબાઈની વાણીમાં એવું મનમોહક આકર્ષણ છે, તેના સ્ત્રીહૃદયના ભાવભર્યા ઊભરામાં એવી તો મોહની છે કે દરેકના હૃદયને એકદમ વશ કરી લે છે.

મીરાંબાઈનાં લખાણમાં વિષયવૈવિધ્ય કશું નથી. તે તો ભક્તિની ધૂનમાં તલ્લીન છે; કૃષ્ણની સાથે જ તે હમેશાં પોતાનો વખત ગાળે છે; કૃષ્ણના સહવાસમાં આનંદ માણે છે; કૃષ્ણના વિરહથી થતી લાગણી પ્રદર્શિત કરે છે. આત્મકથાના ઇસારા એકાદએ કાવ્યમાં છે, પરંતુ તે કાવ્યોમાં પણ, માળામાં સૂત્ર હોય છે તેમ, કૃષ્ણ અને કૃષ્ણની ભક્તિ પ્રેરણારૂપ, કાવ્યમાં પ્રાણ રેડનાર ભાવરૂપ, સર્વત્ર હાજર જ હોય છે. મીરાંબાઇને જ્ઞાન કે ઉપદેશ, આનંદ કે ઉલ્લાસ, ધર્મ કે ફરજ એકેની દરકાર નથી. તે તો ભક્તિમાં મસ્ત અને કૃષ્ણસેવામાં મગ્ન રહે છે. ભક્તિની ધૂનમાં તન્મય બની ભજનો ગાવાં, કૃષ્ણ સાથે સાક્ષાત્કાર અનુભવવો, અને જીવનને કૃષ્ણના ચરણમાં, કૃષ્ણ સાથે એકરૂપ થવામાં ગાળવું એ જ એની મજા છે, એ જ એનું જીવન છે. ‘કાનુડો ન જાણે મારી પીડ’, ‘નહિ રે વિસારું હરિ’, ‘ઘેલાં અમે ભલે થયાં’, ‘સતભામાનું રૂસણું’ વગેરે ભજનોના ભાવ અને તેના રસપ્રવાહ ગુજરાતમાં એટલા બધા પરિચિત અને પ્રિય થઈ રહ્યા છે કે મીરાંબાઈનાં બસોઅઢીસો જેટલાં જ કાવ્યો હોવા છતાં ગુજરાતી જનતાને મન મીરાંબાઇ તો અનન્ય ભક્ત અને ઉત્તમ કવિ તરીકે ખૂબ પૂજ્ય બની રહેલ છે.

નરસિંહ મહેતાનાં કાવ્યોની પેઠે જ મીરાંબાઇનાં કાવ્યો પણ આજ આપણને જે ભાષામાં મળે છે, તે ભાષામાં લખાયાં નહોતાં. તેના સમયમાં મેવાડ, મારવાડ, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશમાં બોલાતી ભાષા એકસરખી હતી, એટલે જ મીરાંબાઈનાં ભજનો અને ગીતો સર્વત્ર પ્રચાર પામી શકયાં. પરંતુ જેમ જેમ જમાના ફરતા ગયા, અને ભાષામાં પણ હળવે હળવે ફેરફાર થતા ગયા, તેમ તેમ મીરાંબાઈનાં પદો તત્કાલીન સ્વરૂપ લેતાં ગયાં. કંઠોપકંઠે યાદ રાખી પ્રચાર પામતા

સાહિત્યમાં આવા ફેરફાર થયા જ કરે છે. મીરાંબાઈનાં પદોમાં તો બે પ્રકારના ફેરફાર થયા છે. ગુજરાતમાં બોલાતાં તેનાં પદો ગુજરાતી સ્વરૂપ પામતાં રહ્યાં; તેમ જે પદો મેવાડ, મારવાડ અને ઉત્તરહિંદમાં રહ્યાં, તે પદો હળવે હળવે હિન્દી સ્વરૂપ લેતાં ગયાં. મીરાંબાઈનાં પદો જેમ ગુજરાતી ભાષામાં છે, તેમજ હિન્દી ભાષામાં પણ છે.

મીરાંબાઈ મેડતાના રાઠોડનાં પુત્રી હતાં, અને ચિતોડના કુંભારાણાના પુત્ર ભોજરાજજી સાથે તેમનાં લગ્ન થયાં હતાં. ભોજરાજજી લગ્ન પછી તુર્ત જ રણમાં પડ્યા, એટલે મીરાંબાઈ વિધવા થયાં. પિતાના ઘરની કૃષ્ણભક્તિમાં મીરાંબાઈનું મન નાનપણથી જ ચોંટેલું હતું એટલે મીરાંબાઇને વૈધવ્યદશાથી ખાસ કાંઇ દુઃખશોક થયાં નહિ; તે તો કૃષ્ણભક્તિમાં જ જીવન સમર્પણ કરી રહ્યાં હતાં, એટલે સંસારના સુખભોગ માટે તેમના હૃદયમાં અવકાશ જ નહોતો. ભજનકીર્તન ગાવાં અને સાધુસંતો ને ભેગા કરી ભક્તિમય જીવન ગાળવું, કૃષ્ણની સેવા, કૃષ્ણ સાથે સહવાસ, અને આખર કૃષ્ણને જ દેહ સમર્પણ કરી કૃષ્ણમાં જ સમાઈ જવું, એ માટે જ મીરાંબાઇ જીવી રહ્યાં હતાં. રજવાડામાં રાજની રીતે રહેવા માટે તેમને સમજાવવા પ્રયત્નો થયા, પરંતુ મીરાંબાઇને કશી જ અસર થઇ નહિ; કુટુંબીઓ અને સંસારીઓ તરફથી કનડગત વધવા લાગી, એટલે મીરાંબાઇ રાજકુટુંબ અને સ્વજન–સ્વદેશ છોડી, કૃષ્ણના ચરણમાં જ જીવન ગાળવાનો નિશ્ચય કરી દ્વારકામાં જતાં રહ્યાં અને ત્યાં રણછોડરાયજીના ધામમાં શેષ જીવન ગાળ્યું. રાજકુટુંબીઓએ પાછા કુટુંબમાં આવવા ઘણી વાર વિનવણી કરી, પણ મીરાંબાઇએ દ્વારકાં છોડયું નહિ. દંતકથા એમ કહે છે કે રાણાજીના અત્યાગ્રહને વશ થઈ, મીરાંબાઇએ દ્વારકાં છોડી સ્વદેશ આવવા હા પાડી,

અને રણછોડરાયજીની છેવટની પરવાનગી લેવા મંદિરમાં ગયાં, તે મંદિરમાંથી પછી પાછાં આવ્યાં જ નહિ; રણછોડરાયજીના શરીરમાં જ સમાઈ ગયાં !

મીરાંબાઈના જીવન સંબંધે પહેલાં તો પુષ્કળ મતભેદ હતા, પણ હવે નિશ્ચિત રીતે મનાય છે કે તેમનાં લગ્ન સંવત ૧૫૭૩માં થયાં હતાં, એટલે જન્મ સં. ૧૫૬૦ ના અરસામાં થયેલો હોવો જોઇએ. અવસાન માટે કોઈ ૧૬૦૩નું વર્ષ માને છે, અને કોઈ તો તે ૧૬૨૦ સુધી હયાત હતાં એમ કહે છે.

નાકર : સંવત ૧૫૫૦–૬૦ થી ૧૬૩૦–૪૦

મીરાંબાઈ દ્વારકામાં ભક્તિમય જીવન ગાળતાં હતાં તે સમયમાં વડોદરામાં નાકર નામનો એક વૈશ્યકવિ આખ્યાન ઉપર આખ્યાન લખી, બ્રાહ્મણને આપી, બ્રાહ્મણને આજીવિકા માટે સગવડ કરી આપતો હતો.

પ્રેમાનંદ પહેલાં પણ આખ્યાનકાર થઇ ગયા છે અને કોઇ કોઇએ તો સંખ્યાબંધ આખ્યાનો લખેલાં છે. પરંતુ તે આખ્યાનોમાં સાહિત્યગુણ નહિ હોવાથી, તે બધાં ક્ષણજીવી જ રહ્યાં. નાકરનાં આખ્યાનોમાં પણ કવિત્વ કે સત્ત્વ જેવું કાંઈ જ નથી. લોકોને આખ્યાનો સાંભળવાં ગમતાં હતાં, બ્રાહ્મણો આખ્યાનો ગાઇ આજીવિકા મેળવતા હતા, એટલે તે ધંધો કરનારા કોઈ કોઈ નીકળી આવતા. નાકરને તે શોખ લાગી ગયો. પોતે બ્રાહ્મણ નહિ હોઇ, આજીવિકા માટે તો તેને જરૂર નહોતી, પરંતુ આખ્યાનો રચવાનો નાદ લાગી જતાં, તેણે તે કામ ખૂબ હોંસથી ચાલુ રાખ્યું; પોતે રચેલાં આખ્યાનો એક બ્રાહ્મણને આપી દેતો, બ્રાહ્મણ તેથી પોતાનું ગુજરાન ચલાવતો. આમ નાકરે પોતાનાં આખ્યાનોદ્વારા પરોપકાર પણ

ખૂબ કર્યો. સંવત ૧૫૫૦–૬૦ થી ૧૬૩૦–૪૦ સુધીમાં તે થઇ ગયો.

અન્ય લેખકો

બીજા આખ્યાનકારોમાં 'કાદમ્બરી'કાર ભાલણના દીકરા ઉદ્ધવ અને વિષ્ણુદાસ તથા ખંભાતનો વિષ્ણુદાસ એ ત્રણ ઠીક-ઠીક લખી ગયા છે અને તેમની કંઈ કંઈ કૃતિઓ હાથ પણ લાગી છે.

તે જમાનામાં વાર્તા લખનારા પણ થતા હતા. 'રસમંજરી' નામની વાર્તાનો લખનાર વછરાજ સંવત ૧૬૦૦ માં થયેલો મનાય છે. તુળસી, ગોપાળદાસ, વસ્તો એ પણ આ જ જમાનામાં ગણી શકાય. સંવત ૧૬૨૫–૩૦ના અરસામાં ગોપાળદાસ અને સંવત ૧૬૫૩ માં વસ્તો થયેલા મનાય છે. આ બંને લેખક ખાસ ધ્યાન ખેંચે તેવા છે. ગોપાળદાસે શ્રીમદ્વલ્લભાચાર્યનું 'વલ્લભાખ્યાન' નામે જીવન લખ્યું છે. વલ્લભી સંપ્રદાયવાળાઓમાં તે એક માન્ય ગ્રંથ ગણાય છે; તેના પર વ્રજભાષામાં ટીકા લખાઈ છે. 'વલ્લભાખ્યાન'ની ભાષા સંસ્કારી અને અધ્યયન યોગ્ય છે. ગુજરાતી શાળામહાશાળાનાં પાઠ્યપુસ્તકોમાં આવાં આખ્યાનને સ્થાન નથી મળતું, એ જરા શોચનીય છે.

વસ્તો ધારાળા જ્ઞાતિનો હતો; બોરસદમાં વસતા ડોડિયા કુળના કાલાનો સુત હતો. એવી અભણ અને પછાત કોમમાંથી પણ સંસ્કારી જીવ પાકે, લેખક બને અને સન્માન્ય ગણાય, એ આપણા સમાજને માટે કેટલું સંતોષકારક ગણાવું જોઇએ ! વસ્તો નાનો હતો ત્યારે કોઈ સાધુની સંગત થઈ જતાં, સાધુ સાથે ચાલી નીકળ્યો. બુરહાનપુરમાં સાધુના

અખાડામાં રહી, ત્યાગી બની, સાધુજીવન ગાળ્યું. તેના લખેલા (સંવત ૧૬૫૩) 'શુકદેવઆખ્યાન'માં ખાસ ગુણો તો કાંઈ નથી, પણ તેના જેવા લખનારા ઉત્પન્ન થાય એ આપણા સમાજ માટે ખૂબ સૂચક બાબત છે, એ ધ્યાનમાં લેવું જોઈએ.

આ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યના પ્રારંભકાળના લેખકો-માંથી થોડાની પિછાન આપવામાં આવી છે. જે જે લખાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાંનાં ઘણાં પ્રગટ થઈ ગયાં છે. તેમાંથી કેટલાંક જોકે સહેલાઈથી મેળવી શકાય તેવાં નહિ હોય, તોપણ લગભગ બધાં જ લભ્ય તો છે જ. નરસિંહ–મીરાંનાં તો સહેલાઈથી મેળવી શકાશે. ભાલણ અને નાકરનાં પણ હવે મળી શકે એવી સગવડ થઈ છે. બીજાં તો ઘણાંક 'બૃહત કાવ્યદોહન'-માં છપાયાં છે. 'બૃહત કાવ્યદોહન'ના પણ હવે કોઈ કોઈ ભાગ અપ્રાપ્ય છે, એટલે ગુજરાતી સાહિત્યના અભ્યાસમાં મુશ્કેલીઓ વધવા લાગી છે. પરંતુ વાંચનારા વધે, તો પ્રકાશનમાં સરળતા થાય એ આશા તો અમર છે જ. હળવે હળવે ગુજરાતી માટે શોખ વધતો જશે અને ગુજરાતી વાચકો પુસ્તક ખરીદવાનો શોખ વધારતા જશે, એમ માનવું એ જ સંતોષ આપનારો માર્ગ છે.

પ્રકરણ ૨ : પ્રેમાનંદયુગ

સાહિત્યની ઉત્પત્તિ આત્મસંતોષ માટે થાય છે એ જેટલું ખરું છે, તેટલું જ ખરું એ પણ છે કે બીજાઓને ઉપદેશક અને માર્ગદર્શક બની, પોતાનું વર્ચસ્વ પ્રકાશમાં લાવવું એ પણ સાહિત્યની ઉત્પત્તિમાં કારણરૂપ હોય છે. નરસિંહ–મીરાં જેવા ભક્તો આત્માનંદને માટે જ લખે છે; પરંતુ તેમનાં લખાણમાં પણ વાચકો અને શ્રોતાઓનો ખ્યાલ નથી હોતો એમ નહિ. સાહિત્યમાત્રની ઉત્પત્તિમાં પરોપદેશ મૂળરૂપે થોડો-ઘણો તો હોય છે જ. લોકોમાં પ્રસરી રહેલ દંભ અને ઢોંગની ટીકા કરી, ઘટતો બોધ આપવો એ સાહિત્યસર્જકો પોતાનું એક કર્તવ્ય જ સમજે છે. કેટલાક સીધી રીતે તેવી જ પ્રવૃત્તિ કરે છે; કેટલાક આડકતરી રીતે લખી તે હેતુ સિદ્ધ કરવા મથે છે. અખાએ છપ્પાદ્વારા એ જ કામ કર્યું છે. પરંતુ અખાની પહેલાં પણ માંડણ નામના બંધારા જ્ઞાતિના એક લેખકે 'પ્રબોધ-બત્રીશી' લખી, અખાના જેવું જ કામ કર્યું છે. માંડણ સંવત ૧૫૨૫–૫૦ ના અરસામાં થયો હશે એમ મનાય છે. તેના પછી સો સવાસો વર્ષે અખાએ તેવું જ સાહિત્ય ઉત્પન્ન કર્યું છે; લોકોને રુચિકર થાય અને વધારે અસર કરે તેવું નવું સાહિત્ય ઉત્પન્ન થાય એટલે જૂનું સાહિત્ય વિસરાઈ જાય છે. અખાના છપ્પા લોકપ્રિય થતાં માંડણની 'પ્રબોધબત્રીશી' ભુલાઈ જ ગઈ.

અખો : સંવત ૧૬૭૧ થી ૧૭૩૦

અખાએ લોકોના જીવનમાં હરહમેશ માલૂમ પડતી ક્ષતિઓ, ત્રુટિઓ, વિચિત્રતાઓ એ બધાંની કડક ટીકા કરી, તેમજ કટાક્ષ સાથે બોધ આપનારા છપ્પાઓ લખી, મનુષ્યસ્વભાવનો સારો પરિચય કરાવ્યો છે. સંસારી લોકોના જીવનમાં જ ખોડખાંપણ હોય છે તેવું જ નહિ, પણ ત્યાગી, વૈરાગી અને ધાર્મિક જીવન ગાળનારાઓમાં પણ કેવો દંભ, કેવા અનાચાર અને અત્યાચાર, કેવાં પાપભર્યાં આચરણ પેસી ગયાં હોય છે તે વિષે પણ દાખલાદૃષ્ટાંતથી એણે ઠીક સત્યપ્રકાશ પાડ્યો છે. છપ્પા બધા મળી ૭૪૬ છે, પણ તેટલામાં તો સત્ય જ્ઞાન, વાજબી ટીકા, દોષોનું પ્રાકટ્ય, ગુણોની પ્રશંસા, ઉત્તમ બોધ એવું ઘણું ઘણું લખી નાખ્યું છે. અખાની શૈલી સંક્ષિપ્ત અને અર્થઘન હોઈ, કોઈ કોઈ વાર સમજવી મુશ્કેલ થઈ પડે છે; છપ્પા કરતાં બીજાં લખાણમાં કાંઈક વિસ્તાર અને વિવેચન વધારે છે, તેમ છતાં બીજાં લખાણો વેદાન્તના જ્ઞાનપ્રચારને માટે હોઈ, સામાન્ય વાચકને દુર્ઘટ લાગે તેવાં છે. 'પંચીકરણ', 'અખેગીતા', 'ગુરુ–શિષ્ય સંવાદ', 'અનુભવબિંદુ' અને કેટલાંક ભજનો વગેરે બધાં જ્ઞાનવિષયક હોઈ, તેના વાંચનારા વિરલ જ હોય એ સ્વાભાવિક છે.

અખો જ્ઞાતિએ સોની હતો; ધંધો પણ સોનીનો જ કરતો હતો. એ ચારિત્ર્યવાન અને પ્રામાણિક હતો અને કારીગરીમાં પણ કુશળ હતો. તેની હુશિયારી અને નીતિની કદર તરીકે તેને ટંકશાળનું કામ મળ્યું હતું. તેવા કામમાં જશ કરતાં અપજશ વધારે મળે છે, એ અનુભવ કમભાગ્યે અખાના નસીબમાં પણ હતો. આખરે તેના ચારિત્ર્યની ઘટતી આંકણી થઇ અને તે નિર્દોષ ઠર્યો. પરંતુ તે બનાવથી અખાને સંસાર પર અભાવ

આવી ગયો. વિરાગી વૃત્તિ કરાવનારા બીજા પણ પ્રસંગો બન્યા હતા. તેની બહેનના અકાળ અવસાનથી તેને જીવનમરણનો કોયડો બહુ ગૂંચવણભરેલો લાગ્યો. વળી, એક બાઈને તેણે ધર્મબહેન માની હતી. તે બાઇને અખાએ એક કંઠી કરી આપી. તે કંઠી બહુ કિંમતી લાગવાથી, બાઈને વહેમ પડ્યો કે સોનું શુદ્ધ હશે કે કાંઈ ભેગ હશે, એટલે તેની કસોટી કરાવી. કસોટીમાં સોનું શુદ્ધ ઠર્યું, કંઠી બહુ કિંમતી ઠરી. તે કંઠીને કસોટી માટે કાપવી પડી હતી, એટલે તે પાછી સમી કરવા તે બાઇએ અખાને જ આપી. અખાના જાણવામાં બધી હકીકત આવતાં, તેને સંસારી લોકો પર અને સંસારી જીવન પર તિરસ્કાર આવ્યો. તે કામધંધો છોડી વૈરાગી થઇ નીકળી પડ્યો અને ગુરુની શોધ કરવા લાગ્યો. તેમાં પણ બહુ નિરાશ થયો. ગુરુઓ ધન હરે, પણ કોઇ જાતનો ખરો લાભ ન આપે એવા લાગ્યા. પૈસો હોય તો સામું જુવે એવા ગુરુઓ અને ધર્માચાર્યો જોઈ અખાને ખૂબ કંટાળો આવ્યો. પણ જ્ઞાન મેળવવાની તેની ભૂખ જોરદાર હતી, એટલે તે સાધુવૈરાગીઓમાં અને ધર્મના ઉપદેશકોમાં ખૂબ ભમ્યો. છેવટે તેને સાચો ગુરુ મળ્યો—તેની પાસેથી તે જ્ઞાન મેળવી કૃતકૃત્ય થયો. દંભ, ઢોંગ અને સ્વાર્થી જીવનમાં જ આખું જગત ડૂબેલું હતું, છતાં તે જ જગતમાં કોઈ વિરલા સંતપુરુષ પણ હોય છે જ. જો ખરું જ્ઞાન મેળવવું હોય, શાંતિ મેળવવી હોય, તો તેવા કોઈ સાચા ગુરુને મેળવી, હરિ, ગુરુ અને સંતની સેવા કરો તો જીવન સફળ થશે, એવો ઉપદેશ અખાએ ખૂબ આપ્યા કર્યો છે.

સંવત ૧૬૭૧ થી ૧૭૩૦ સુધી અખાનો જીવનઅવધિ માનવામાં આવ્યો છે.

પ્રેમાનંદ : સંવત ૧૬૯૨ થી ૧૭૯૦

પ્રેમાનંદ ગુજરાતના કવિઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તે હતો તો આખ્યાન કરનારો માણભટ્ટ. પણ તેનાં આખ્યાનો એટલાં તો રસપૂર્ણ અને તેથી લોકપ્રિય થઈ ગયાં હતાં કે તેની ગણના કવિ તરીકે થતી આવી છે અને કવિઓમાં પણ તેને પ્રથમ સ્થાને મૂકવામાં આવે છે.

આખ્યાનકારો તો પ્રેમાનંદની પહેલાં પણ થયા હતા અને પછી પણ થયા હતા. પરંતુ પ્રેમાનંદનાં આખ્યાનોમાં સામાન્ય સમાજને રુચિકર થઈ પડે એવા ઘણા ગુણો છે. તેનાં કોઇ કોઇ આખ્યાનમાં સારું કવિત્વ છે. રસભરી લેખનશક્તિને લીધે પ્રિય થઇ પડવાનો ગુણ તો ઘણાં આખ્યાનોમાં છે. એટલે પ્રેમાનંદને જે પ્રશંસા અને જે કીર્તિ આપવામાં આવે છે, એ ઘણે અંશે યોગ્ય છે.

હરહંમેશના જીવનમાં જ્ઞાન અને વિનોદ આપનારાં કોઈ કોઇ સાધનોની જરૂર લોકોને લાગે છે. આગલા વખતમાં સંસ્કૃત કથાઓને ગુજરાતીમાં કહી સંભળાવનારા બ્રાહ્મણો મારફત આ જરૂર પૂરી પડતી. આવી કથા કરનારા પુરાણીઓ કહેવાતા. કથાવાર્તા માટે ઘણે ભાગે પુરાણોનો આશરો લેવામાં આવતો, એટલે કથાભટ્ટો પુરાણીઓ કહેવાતા. હળવેહળવે તે બધા બ્રાહ્મણોમાંથી જ કોઇ કોઇ એવા નીકળ્યા કે જે સંસ્કૃત પરથી કથા કહેવાને બદલે, ગુજરાતીમાં કથા કહેવા લાગ્યા, અને લોકોને વધારે આનંદ પડે માટે તે કથા ગાઇને કરવા લાગ્યા. ગાવામાં સાથે તાલ માટે એક માણ—ત્રાંબાની મોટી ગાગર—રાખતા. આંગળીમાં વેઢવીંટી પહેરતા અને તે વતી ગાગર પર તાલ આપી રણકાર ગજવતા. આવી કથા ગાનારાઓ માણભટ્ટને નામે ઓળખાતા. રાત્રે મોટા ચોકમાં મોટી મેદની

એકઠી થતી. રાતની આવી કથામાં રસ લાગવાને લીધે, પુરાણીઓનાં કથાવાચન ઘટતાં ગયાં અને સારા સારા માણભટ્ટો તો પુરાણીની આજીવિકાને નડતરરૂપ પણ થતા.

પ્રેમાનંદ આવો માણભટ્ટ હતો. તેનાં આખ્યાનોમાં રસ અને સાહિત્યગુણ કાંઈક સારા પ્રકારનાં હતાં, એટલે તેનાં આખ્યાનો ખૂબ પ્રચાર પામતાં, વખણાતાં અને ઠેકઠેકાણે ગવાતાં.

'દશમસ્કંધ,' 'મામેરું,' 'નળાખ્યાન,' વગેરે સંખ્યાબંધ આખ્યાનો તેણે લખ્યાં છે. 'સુદામાચરિત્ર,' 'હૂંડી,' 'શ્રાદ્ધ,' હરિશ્ચંદ્રાખ્યાન' 'ચંદ્રહાસઆખ્યાન,' 'ઓખાહરણ,' 'અભિમન્યુ,' 'સુધન્વા,' વગેરે ઘણાં ગણાવાય તેમ છે. પણ હાલના જમાનામાં આવાં આખ્યાનો બહુ વંચાય એવો સંભવ ઓછો છે. પહેલાંના વખતમાં તો જીવનના ધાર્મિક પ્રસંગો સાથે આવાં આખ્યાનો વાંચવાના ક્રમને જોડી દેવામાં આવ્યો હતો—લોકોને કંઈક શ્રદ્ધા પણ હતી. પણ હવેના વખતમાં જમાનો એવો ફરી ગયો છે કે શહેરોમાં તો ભાગ્યે જ કોઈ આવાં આખ્યાનો તરફ આકર્ષાય. ગામડાંઓમાં ક્યાંક ક્યાંક વંચાતાં હોય એવું બને—જોકે હવે તો ગામડાઓમાં પણ વિનોદ અને આનંદ મેળવવાના જૂના માર્ગો ભાગ્યે જ ટકી રહ્યા હશે.

પ્રેમાનંદનાં આખ્યાનો હવે તો ઘણે ભાગે સાહિત્યના અભ્યાસીઓના જ વાંચવામાં આવે છે. પ્રેમાનંદમાં રસ જમાવવાની આવડત બહુ સારી છે; શ્રોતાઓને તન્મય કરી વાર્તારસને વિવિધ રીતે કેમ ટકાવી રાખવો અને શ્રોતાઓને થોડે થોડે વખતે કેમ રીઝવવા, એ પ્રેમાનંદ સારી રીતે જાણે છે. એટલે પ્રેમાનંદ હમેશાં લોકપ્રિય બની રહે છે. પરંતુ હવેના શ્રોતાઓ અને વાચકો મુગ્ધ બની જાય એવો સનાતન રસ

કે ઊંચું કવિત્વ પ્રેમાનંદમાં બહુ ઝાઝું ન હોવાથી હવે તો તેની કૃતિઓમાંથી ઘણી થોડી જ ટકી રહેશે. તેના સમયમાં આખ્યાનકાર તરીકે પ્રેમાનંદ સફળ હતો. શ્રોતાઓ પ્રસન્ન થઈ રહે એવાં આખ્યાનો એક પછી એક લખવાની તેની આવડત ખરેખર પ્રશંસનીય જ હતી. ગુજરાતીમાં થોકબંધ લખાણુ તેણે લખી નાખ્યાં છે એ પણ ખરું છે. પરંતુ તેનામાં કેટલીક ઊણપો પણ હતી; હસાવવા બેસે ત્યારે તેને પાત્રતાનું ભાન રહેતું નહિ. સારાં સારાં અને પૂજ્ય પાત્રોની પાસે કોઈક વાર એવા હલકા આચાર ને ઉદ્ગાર કરાવે કે આપણને ઘૃણા થયા વિના ન રહે. આવી ક્ષતિ તેનાં લખાણમાં આવતી, તે માટે જવાબદારી તેના જમાનાની પણ હતી એ સ્વીકારવું જોઇએ. પરંતુ તે બધું સ્વીકાર્યા પછી પણ ખરી કદર કરવા બેસીએ, ત્યારે તો કહેવું જોઇએ કે પ્રેમાનંદ મોટો અને ચમત્કારિક લખનારો હોવા છતાં, તેના લખાણમાં ઊંચું, નિર્દોષ, સાચું સાહિત્ય ઘણું થોડું છે. સાહિત્યના અભ્યાસની દૃષ્ટિએ પ્રેમાનંદને મોટો કવિ ગણવાને બાધ ન ગણીએ, તોપણ તેની કૃતિઓમાંથી કેટલાની ગણના એકાંતશુદ્ધ અને ઉચ્ચ સાહિત્યમાં કરવી એ હમેશાં ચર્ચાસ્પદ જ રહેશે.

પ્રેમાનંદને નામે ત્રણ નાટકો છપાયાં છે. તે નાટકો ‘નળાખ્યાન’વાળા પ્રેમાનંદનાં ન હોઈ શકે એવી જોરદાર શંકા ઉઠાવવામાં આવી છે. નરસિંહરાવે ‘પ્રેમાનંદનાં નાટકો’ એ નામનો એક મોટો લેખ લખી આ શંકા રજૂ કરી છે. નાટકોને પ્રેમાનંદનાં જ ગણનારાઓએ એ શંકાના સમાધાન માટે પુષ્કળ રદિયાઓ આપ્યા છે. બંને પક્ષો પોતપોતાના મતને વળગી રહેવાની દૃઢતાથી જ જાણે ચર્ચા કરતા હોય એવું જણાય છે, એટલે નિકાલ થવાનો સંભવ લાગતો નથી. ગુજરાતી સાહિત્યનો

લેખપ્રવાહ, તેમાં થયેલી જુદીજુદી કૃતિઓ, ગુજરાતી જનતાના સંસ્કાર, પ્રેમાનંદનો પોતાનો જમાનો અને તેની આગળ-પાછળનું ગુજરાતીઓનું જીવન, ગુજરાતીમાં નાટકસાહિત્યનો અત્યંતાભાવ, નાટકોને પણ અપાયેલું આખ્યાન એવું નામ, વગેરેનો વિચાર કરતાં સામાન્ય વાચકને એમ જ લાગે કે પ્રેમાનંદ જેવા આખ્યાનકારને આ નાટકો જેવી ચમત્કૃતિ ક્યાંથી સૂઝી?

આ પ્રશ્ન જુદીજુદી રીતે, જુદાંજુદાં દૃષ્ટિબિન્દુઓથી, અને તેટલી નિષ્પક્ષ સમતુલા જાળવીને ચર્ચવા જેવો અવશ્ય છે. 'પ્રારંભિકા'ના વાચકો માટે આટલું સૂચન જ બસ છે. નાટકો નળાખ્યાનવાળા પ્રેમાનંદનાં હો કે ન હો, નળાખ્યાન-વાળા પ્રેમાનંદનાં નહિ તો કોઇ બીજા પ્રેમાનંદનાં હો, ગમે તેનાં હો, પણ તે ત્રણે સારાં, સુવાચ્ય છે; ગુજરાતી સાહિત્ય-ભંડારમાં શોભે તેવાં છે; અભ્યાસ કરવા–કરાવવા લાયક છે; ભણનારાઓને આનંદ આપે તેવાં છે. 'રોષદર્શિકા', 'દ્રૌપદી-પ્રસન્નાખ્યાન,' 'તપત્યાખ્યાન' એવાં એ નાટકોનાં નામ છે.

પ્રેમાનંદના જીવન માટે પણ દંતકથાઓ પર જ આધાર રાખવાનો છે. નાનપણમાં તે બુડથલ હતો; સદ્ભાગ્યે કોઈ સત્પુરુષની સાથે સુયોગ થઇ જતાં બુદ્ધિ ખૂલી ગઇ અને સારો લેખક થઈ ગયો. આખ્યાનો લોકપ્રિય થવા લાગ્યાં તેમ તેમ પૈસેટકે અને જીવનમાં સુખ અને સરળતા વધતાં ગયાં. ભાષા માટે અભિમાન ખૂબ હતું એમ માનવામાં આવે છે. શિષ્યમંડળ અને પ્રશંસકમંડળ પણ મોટું હતું એમ કહેવાય છે. આયુષ્ય પણ સારું ભોગવ્યું હતું. જન્મ સંવત ૧૬૯૨માં અને અવસાન સંવત ૧૭૯૦ માં થયાનું મનાય છે.

શામળ : સંવત ૧૭૪૦–૪૫ થી ૧૮૨૫–૩૦.

ચોક્કસ માહિતી માટે પૂરતી કાળજી રાખવામાં ન આવે કે ઘટતો શ્રમ લેવામાં ન આવે, તો ઘણી ઘણી ભૂલો જમાનાઓ સુધી ચાલ્યા કરે છે. શામળના સંબંધમાં એવી ભૂલ ઘણો વખત ટકી રહી હતી. તેને પ્રેમાનંદનો સમકાલીન ગણવામાં આવતો–તેને ને પ્રેમાનંદને ઝઘડો થયેલો હતો, એમ એક વખત માનવામાં આવતું. પણ અભ્યાસ સંગીન થતો ગયો તેમ જણાતું ગયું કે એ બધી માન્યતા ખોટી જ હતી.

શામળ વાર્તાકાર હતો અને એક વખત પ્રેમાનંદ જેટલી જ પ્રતિષ્ઠા ભોગવતો હતો. શામળની વાર્તાઓનો આધાર સંસ્કૃત વાર્તા કે દંતકથા કે લોકવાયકા પર હતો. પણ વાર્તાને આડકથા, ઉખાણાં, પ્રશ્નોત્તરી વગેરેથી રસિક બનાવવાની કુશળતા શામળની પોતાની જ હતી.

આખ્યાનો ઘણે ભાગે શહેરોમાં પ્રચલિત હતાં; વાર્તાઓ મુખ્યત્વે ગામડાંઓમાં પ્રચલિત હતી. ગામડાંઓમાં પણ લોકોમાં શોખ હોવો જોઇએ, સંસ્કાર હોવા જોઇએ, સારાનરતાની કદર હોવી જોઇએ, સાધારણ સમજ પણ ઠીકઠીક હોવી જોઇએ, એમ શામળને મળેલી પ્રતિષ્ઠા પુરવાર કરે છે.

શામળની વાર્તાનાં વખાણ સાંભળી એક પાટીદાર એવા તો પ્રસન્ન થઈ ગયા કે તેમણે શામળને પોતાના ગામમાં બોલાવી બેઠી ખાવા માટે થોડી જમીન આપી, અને વાર્તાઓ લખવા માટે ખૂબ અનુકૂળતા કરી આપી.

પ્રેમાનંદનાં આખ્યાનો લોકો ટોળે મળી ખૂબ આનંદથી સાંભળતા, તેમ શામળની વાર્તાઓ સાંભળવા પણ લોકો ખૂબ ભેગા થતા. પરંતુ હવેના જમાનામાં શામળની વાર્તાઓ પ્રિય

થવાનો સંભવ નથી. ગામડામાં કોઈ કોઈ શોખીન હશે અને ક્યાંક ક્યાંક વંચાતી હશે. શામળમાં પ્રશ્નોત્તરી ગોઠવવાની ચતુરાઈ છે, વાર્તારસ વહેતો રાખવાની આવડત છે, આડકથાઓ અને સામાન્ય બોધક ટુચકાઓથી શ્રોતાઓનો રસ ટકાવી રાખવાની કળા છે, વાર્તા ઉપર વાર્તા લખ્યા જવાની હુશિયારી છે. આવા ગુણો હોવા છતાં હાલના જમાનામાં શામળની વાર્તા માટે આકર્ષણ રહેવાનો સંભવ નથી. શામળના લખાણમાં ગામડિયાનું જાડાપણું છે, અને સંસ્કારોમાં ગામડિયાપણું છે; તેમ સાટે બોધક છપ્પા, પ્રાસ્તાવિક ઉપદેશ, વાર્તાનું અને પાત્રોનું વૈવિધ્ય, લખાવટમાં જુસ્સો, એવા એવા ગુણો પણ છે; છતાં હવે તેની વાર્તાઓ ભદ્ર લોકમાં વંચાય એવો સંભવ નથી. 'મદનમોહના' જેવીને અભ્યાસક્રમમાં રાખી ટકાવી રાખવામાં આવે એ એક જુદી વાત છે. બાકી વાર્તાઓમાંથી તો સાહિત્યવાચનમાં ચાલુ રાખી શકાય, એવી બહુ જ થોડી છે. 'વિદ્યાવિલાસિની' જેવી કોઈક અપવાદરૂપ મળી આવે—બાકી તો 'ઉદ્યમકર્મસંવાદ,' 'રાવણમંદોદરી સંવાદ,' 'અંગદવિષ્ટિ'ના જેવું લખાણ શાળાઓમાં ચલાવવાથી શામળને ટકાવી રખાય. અલ્પશિક્ષિત જનતામાં—ગ્રામજનતામાં—તેનો શોખ હોય અને ચાલુ રહે એ બનવાજોગ છે. પણ શહેરવાસીઓમાં, ભદ્ર લોકોમાં, સંસ્કારી વિદ્યાર્થીઓમાં, શામળને ચાલુ રાખવાનો મોહ શિથિલ થતો જશે. તેના સમયની ભાષાના અભ્યાસ માટે શામળની કોઈ કોઈ કૃતિ પસંદ કરવામાં આવે ત્યારે પણ ઘટતી સમજૂતી અને ટીકા આપવામાં આવે, તો જ અભ્યાસનો હેતુ સચવાય એ ખાસ યાદ રાખવા જેવું છે.

શામળનાં લખાણમાં કેટલીક બાબતો ધ્યાન ખેંચે તેવી છે. ખાસ કરીને સ્ત્રીઓ સંબંધી તેનું લખાણ અધ્યયનયોગ્ય છે.

શામળની સ્ત્રીઓ ખૂબ બહાદુર, સાહસિક, કાર્યકુશળ, કઠણ હૈયાની અને બળવાન શરીરવાળી હોય છે. લગ્નની બાબતમાં, નાતજાતની બાબતમાં અને ગૃહજીવનની બીજી બાબતોમાં શામળના વિચારો અને શામળનું લખાણ પ્રચલિત રીતરિવાજોથી જુદું પડતું છે.

શામળના જીવન સંબંધે ખાસ કંઇ જાણવા જેવું નથી. મૂળ અમદાવાદ પાસે જેતલપુરનો રહેવાશી હતો; તેની વાર્તાઓથી ખુશ થઇ નડિયાદ પાસે માતર પરગણાના ગામ સુંજ-સિંહુજ-ના પાટીદાર રખીદાસે તેને પોતાને ત્યાં બોલાવ્યો અને થોડી જમીન આપી પોતાને ગામ રાખી લીધો. ત્યાં તેણે સંખ્યાબંધ વાર્તાઓ લખી. લખાણમાં પહેલી સાલ સંવત ૧૭૭૪ની છે અને છેલ્લી સંવત ૧૮૨૧ ની છે, એટલે જન્મ માટે સંવત ૧૭૪૦-૪૫ અને મરણ માટે સંવત ૧૮૨૫-૩૦-ની અટકળ કરવામાં આવે છે.

અન્ય લેખકો

સંવત ૧૬૭૦ થી ૧૮૨૫-૩૦ સુધીના ગાળામાં બીજા પણ કેટલાક કવિઓ થઈ ગયા છે. ભગવદ્ગીતાનું ગુજરાતી પદ્યમાં ભાષાંતર કરનાર નરહરિ, નરસિંહ મહેતાના જીવન વિષે લખનાર વિશ્વનાથ જાની, અને ગુજરાતીઓમાં ખૂબ જાણીતા થયેલા મહિનાઓનો લખનાર રત્નો ભાવસાર એ બધા આ સમયમાં જ થઈ ગયા છે. બે પારસી કવિઓ રૂસ્તમ અને નોશિરવાન પણ ઇતિહાસની અને ભાષાની દૃષ્ટિએ ખાસ જાણવા જેવા આ જમાનામાં જ થઈ ગયા છે.

વલ્લભમેવાડો : સંવત ૧૭૯૦–૧૮૧૧

વલ્લભમેવાડો માતાના ભક્ત તરીકે અને ગરબાના લેખક તરીકે

આખા ગુજરાતમાં લગભગ અખા–પ્રેમાનંદ જેટલો જ જાણીતો થયો છે. માતાની ભક્તિ ગુજરાતમાં જૂના સમયથી પ્રચલિત હતી, અને ગરબા પણ ગવાતા હોવા જોઇએ. વલ્લભમેવાડાના ગરબા લોકપ્રિય થઈ જવાથી આગળના બધા ભુલાઇ ગયા. વલ્લભના ગરબાઓમાં રાગ અને તાલનો જે વેગભર્યો સુમેળ છે, ગરબાના લયમાં અને પ્રવાહમાં જે જુસ્સો અને જોમ છે તે વલ્લભની ઉપજાવેલી નવી જ સૃષ્ટિ હોય એમ માની શકાતું નથી. જૂના કાળથી ગરબાઓ તો ચાલુ હશે જ. વલ્લભે તેમાં ઉત્સાહ, શૌર્ય, જુસ્સો, વગેરે ઉમેર્યાં અને તેથી તેના ગરબા એટલા સરસ બન્યા કે તે જ ચાલુ રહ્યા અને આગળના ભુલાઈ ગયા.

માતૃભક્તિ ઉપરાંત વલ્લભે સમાજના અયોગ્ય રીતરિવાજ પર, કળિજુગમાં સમાજની અધોદશા કેવી થવાનો સંભવ છે એ પર, કજોડાં પર વગેરે પર ગરબા લખી કેટલીક ટીકા કરી છે અને જમાનામાં પેસી ગયેલી બદીઓ તરફ લોકોનું સારું ધ્યાન ખેંચ્યું છે.

તે રહેવાશી અમદાવાદનો હતો, પણ બહુચરા માતામાં અનન્ય શ્રદ્ધા હોવાથી તે ચુંવાલમાં જ રહેતો. આયુષ્ય ઘણું સારું ભોગવ્યું હતું; જન્મ સંવત ૧૭૦૦માં હતો અને અવસાન સંવત ૧૮૧૧ માં થયું હતું.

સંવત ૧૮૨૫ થી ૧૯૦૦ સુધીનાં પોણોસો વર્ષમાં ગુજરાતમાં જાણે ભક્તિ અને જ્ઞાનની તૃષા ખૂબ વધી પડી હોય એમ, તે વર્ષોમાં કવિઓ અને ભક્તોએ ઉપદેશક પદો અને જ્ઞાનભક્તિનાં કાવ્યો લખવાની પ્રવૃત્તિ ખૂબ કરી છે. લોકોને બોધ આપી તેમને સન્માર્ગે દોરવા, જીવનને આનંદ માણવાના અને સુખ ભોગવવાના પ્રસંગો આપવા, મનુષ્યજીવનને ભગવદ્ભજનથી અને પરોપકારી કાર્યોથી સફળ બનાવવાની સલાહ આપવા, લેખકો પ્રેરાયા છે. લેખકોને આ કામથી પ્રતિષ્ઠા મળી છે; કોઈ કોઈ પ્રસંગે ધન કે આજીવિકાનાં સાધન પણ મળ્યાં હશે, પણ ઘણે ભાગે તો આત્મસંતોષ એ જ તેમનો મોટામાં મોટો બદલો છે. આ પોણોસો વર્ષમાં ઘણા ઘણા કવિઓ, ભક્તો, જ્ઞાનીઓ પોતપોતાની રીતે જગતને બોધ આપવા અને તે કામ કર્યાથી આત્મસંતોષ મેળવવા, પ્રવૃત્તિ સેવી રહ્યા છે.

આવા લેખકોમાંથી ખાસ જાણવા લાયક પ્રીતમદાસ, દયારામ, ધીરો અને ભોજો છે.

પ્રીતમદાસ : સંવત ૧૭૭૫–૮૦ થી ૧૮૫૪

પ્રીતમદાસ ભાટ હતો, અને રામાનંદી સંપ્રદાયનો સાધુ થયો હતો. નાનો હતો ત્યારે ગામમાં રામાનંદી સાધુઓની જમાત આવી હશે, તેની સાથે ભળી ગયો. જમાતના મહંતે તેને ભણાવ્યો અને ઘટતો બોધ પણ આપ્યો. ભણી રહ્યા પછી

તે પાછો પોતાને ગામ સંદેસર આવ્યો; ત્યાં મંદિરમાં જ સ્થાનક રાખ્યું અને ભક્તિમાં જ જીવન પૂરું કર્યું. સામાન્ય ગ્રામવાસીઓ સમજી શકે માટે તેણે ભગવદ્‌ગીતા, અધ્યાત્મ રામાયણ, ભાગવતનો એકાદશસ્કંધ વગેરે જ્ઞાનપ્રચારનું સાહિત્ય ગુજરાતીમાં ઉતાર્યું. તે ઉપરાંત પદો, ભજનો વગેરે પણ ખૂબ લખ્યાં છે. તેની ભાષામાં ઝડઝમક શબ્દાલંકાર બહુ સ્વાભાવિક રીતે આવી જાય છે; લખવાની ધાટી જોરદાર અને જુસ્સાભરી છે; રાગ અને ઢાળમાં મનોગમ મધુરતા લાવી શકે છે; તાલના સરસ લયને લીધે ગાનારાને ખૂબ આનંદ મળે છે; વિચારો બોધ આપનારા હોવા સાથે સર્વને ગમે તેવા અને પ્રેરણા આપે તેવા છે; આવા આવા ગુણોને લીધે તેનાં ઘણાં ઘણાં પદો લોકોમાં પ્રિય થઈ પડ્યાં છે.

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.
પ્રેમનો પંથ છે ન્યારો, સર્વથી, પ્રેમનો પંથ છે ન્યારો.
ભક્તિ જુગમાં કરે નર સોઈ, જાકે ધડ પર શીશ ન હોઈ.

વગેરે એનાં ઘણાં ઘણાં પદો જનસમુદાયમાં અને ભજનમંડળીઓમાં ખૂબ ગવાય છે.

પ્રીતમદાસનાં પદોમાં સુવિચાર, ઊંચી પ્રેરણા અને ઉત્તેજક બોધ સાથે આછું આછું કવિત્વ ઠેકઠેકાણે ચમકારા કરી રહેલું માલૂમ પડે છે. શબ્દાલંકાર અને અર્થાલંકારને લીધે તેની સાદી અને સરળ ભાષા સાચા શૃંગારથી શોભી રહે છે; જીવનને વિશુદ્ધ કરવા, મનને ઉત્સાહપૂર્ણ કરવા, સન્માર્ગ માટે આગ્રહ રાખવા અને જીવતરને સફળ કરવા તેનું લખાણ એવું તો બોધક અને પ્રેરક છે કે, શાળાઓના અભ્યાસક્રમમાં રાખવાથી શીખનાર અને શીખવનાર બધાને લાભકારક થયા વગર રહે જ નહિ.

પ્રીતમદાસની કૃતિઓનો 'પ્રીતમની વાણી' એવા નામથી એક સંગ્રહ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે' પ્રગટ કર્યો છે, એટલે હવે તે સાહિત્ય સુલભ થયું છે.

પ્રીતમદાસના જન્મ સંબંધે તો કાંઈ ચોક્કસ માહિતી મળતી નથી; પણ તેનું અવસાન સંવત ૧૮૫૪માં થયું અને ત્યારે તેની ઉમ્મર ૭૫–૮૦ વર્ષની હતી એટલે તેનો જન્મ ૧૭૭૫–૮૦ના અરસામાં થયો હોય એમ માની શકાય.

દયારામ : સંવત ૧૮૩૩–૧૯૦૯

પ્રીતમદાસ જ્ઞાની અને ભક્ત હતો તેવો જ જ્ઞાની, ભક્ત અને કવિ દયારામ પણ હતો. પરંતુ બંનેની પ્રકૃતિ બહુ ભિન્ન હતી. પ્રીતમદાસ વેરાગી, સાધુ, અકિંચન હતો; દયારામ સંસારી, ટાપટીપનો આગ્રહી, શોખીન અને ભોગવિલાસમાં રમનારો હતો. દયારામ વલ્લભસંપ્રદાયનો હતો. તેનું સાંપ્રદાયિક જ્ઞાન ઊંચી પ્રતિનું હતું, પણ તે માત્ર સાંપ્રદાયિક મર્યાદાઓમાં જ વિહાર કરનારું હતું. સાહિત્યગુણમાં દયારામની કૃતિ પ્રીતમદાસની કૃતિ કરતાં વધારે શિષ્ટ અને સંસ્કારી છે. તેની ગરબીઓમાં જુદાજુદા પ્રસંગની જુદીજુદી લાગણીનું મર્મસ્પર્શી લખાણ એટલું તો સુંદર અને એટલું તો મર્મવેધક છે કે તેની ગરબીઓ ગુજરાતી સાહિત્યમાં ખૂબ મૂલ્યવાન થઈ રહી છે.

દયારામ ચાણોદનો રહેવાશી હતો, પણ જીવન ડભોઇમાં ગાળ્યું હતું. ફાંકડા અને રંગીલા જુવાન તરીકે જીવનની શરૂઆત કરી હતી. જુવાનીમાં જ કાવ્યશક્તિ પ્રગટ થઇ હતી. તે અરસામાં તેના સદ્‌ભાગ્યે જીવરામ ભટ્ટ નામના મહાત્માનો યોગ થઈ ગયો. તે મહાત્માના બોધથી દયારામનું જીવન ભક્તિ-પરાયણ બની ગયું. સંગીતનું જ્ઞાન સારું હતું અને ગાવાનો

શોખ પણ સારો હતો. સાથે સાથે કવિત્વની બક્ષિસ મળેલી હતી એટલે દયારામનાં કાવ્યો સંગીત અને કવિત્વના સુમેળથી બહુ લોકપ્રિય થયાં છે. તેની કેટલીક ગરબીઓ ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓમાં ગણના પામે છે. તે ઉપરાંત પણ તેણે ઉપદેશક અને આખ્યાનવિષયક સાહિત્ય લખ્યું છે. વલ્લભસંપ્રદાયના તત્ત્વજ્ઞાનનો તેનો ગ્રંથ 'રસિકવલ્લભ' બહુ માન્ય ગણાય છે. 'પરીક્ષા પ્રદીપ', 'લોચન મનનો ઝગડો', 'જે કોઈ પ્રેમ અંશ અવતરે', 'ચાલ વહેલી અલબેલી પ્યારી રાધે', 'પ્રકટ મળે સુખ થાય' વગેરે ઘણાં ઘણાં પદો સારી પેઠે જાણીતાં છે. દયારામની ભાષામાં સંસ્કારભરી સરળતા અને પ્રાસાદિક ભાવપ્રવાહ સાથે ગીતમાધુર્ય અને દિલને હલાવી નાખે તેવી રીતે લાગણીઓને સ્પર્શ કરવાની કુશળતા હોવાથી દયારામનું લખાણ આકર્ષક બને છે. સારા સાહિત્યમાં તેની ગણના થાય છે અને તેથી ગુજરાતીના થોડા સારા કવિઓમાં તેને સ્થાન મળે છે.

દયારામને પ્રવાસનો ઘણો શોખ હતો. હિન્દનાં ચાર દિશાનાં ચારે તીર્થધામો એ એકથી વધારે વાર જઈ આવ્યો હતો. પ્રવાસના શોખ જેવો જ તેને ભાષાઓનો પણ શોખ હતો. હિન્દી અને સંસ્કૃત તો તે જાણતો; તે ઉપરાંત મરાઠી, પંજાબી અને કાંઇક ઉર્દૂ અને તેલુગુ પણ જાણતો.

તેનો જન્મ સંવત ૧૮૩૩માં અને અવસાન સંવત ૧૯૦૯માં થયેલ છે.

ધીરો : સંવત ૧૮૦૯–૧૮૮૧

આજ સમયમાં ધીરો અને ભોજો પણ થઈ ગયા છે. ધીરો જાતિએ ભાટ હતો; વડોદરા તાબે સાવલીનો રહેવાશી હતો; જન્મ સંવત ૧૮૦૯માં અને અવસાન ૧૮૮૧માં. તે જ્ઞાની હતો.

તેનો વેદાંત અને યોગનો અભ્યાસ સારો હતો. તેણે કાફીઓ લખી છે. સંસારીઓને ઉપદેશ અને સત્ય જ્ઞાન આપવા તેણે કોયડા જેવા લખાણનો ઉપયોગ કર્યો છે. 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ'નાં જેવાં લખાણ જેને અવળવાણી એવા નામથી ઓળખવામાં આવે છે તેવાં ધીરાનાં લખાણમાં પુષ્કળ છે.

ભોજો: સંવત ૧૮૪૧ થી ૧૯૦૮

ધીરો જેમ કાફી માટે વખણાય છે, તેમ ભોજો ચાબખાના લખનાર તરીકે જાણીતો છે. ભોજો કાઠિયાવાડમાં અમરેલી નજીકના કોઈ ગામડામાં જન્મ્યો હતો, એમ માનવામાં આવે છે. અમરેલી પાસે ફત્તેહપુરમાં તથા ગોંડળ પાસે વીરપુરમાં એમ બે જગાએ એ રહેતો. જાતે કણબી હતો. સાધુસંતો પાસેથી કે જતા આવતા કોઇ મહાત્મા પાસેથી તેણે વેદાંત અને યોગ વિષે ઠીકઠીક જ્ઞાન મેળવ્યું હતું. ખાસ અભ્યાસ કર્યો હોય એવું લાગતું નથી. તેની ભાષા અભણ ગામડિયા જેવી જ છે અને જીવન પણ ગામડાંઓમાં અને ગામડિયાઓ વચ્ચે જ ગાળ્યું છે. પરંતુ ભક્ત તરીકે ઓળખાય છે એટલે જીવન ભક્તિપરાયણ, પરમાર્થી અને સેવાભાવી તો હોવું જોઇએ. સંસારમાં ખોટી રીતે ચાલનારાઓ ગુનેગાર જ છે અને તેવાઓને તો ચાબખાની સજા જ થવી જોઇએ, એમ માની તેણે જે ઉપદેશક પદો લખ્યાં છે, તેને 'ચાબખા' એવું નામ આપ્યું છે. તેના ચાબખા લોકોમાં સારો પ્રચાર પામ્યા હતા. ચાબખાએ ઉન્માર્ગગામીઓને ઠેકાણે લાવવાનું, દુષ્ટ દુરાચારીઓને સુધારવાનું અને સંસારના મોહમાં ફસાયેલાને સદ્‌બોધ આપવાનું કામ સારું કર્યું છે.

આ ગાળામાં રામાયણવાળો ગિરધર, ચંડીપાઠના ગરબાવાળો રણછોડજી દીવાન, સ્વામીનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, દેવાનંદ વગેરે સાધુઓ અને બીજા પણ કેટલાક જ્ઞાની, ભક્ત અને કવિ થઈ ગયા છે. કેટલાક લેખકો તો માત્ર એકેક બબ્બે પદોના જ લખનારા હોવા છતાં, તે પદો એવાં તો અજબ સત્ત્વવાળાં છે કે તેવાં એક બે પદથી જ તેઓ અમર થઈ ગયા છે. 'ઓધવજી સંદેશો કહેજો શ્યામને' નો લખનાર રઘુનાથદાસ, તિથિઓનો લખનાર રામૈયો, 'કશી વાતનો ખરખરો, મંન નાણો'નો લખનાર ભૂખણ, 'બેડો આઈ બૂડતો તારો'નો લખનાર રાવો ભક્ત વગેરે અનેક થઈ ગયા છે. નિરાંત ભક્ત, બાપુસાહેબ ગાયકવાડ, બુટિયો ભક્ત, નરભેરામ વગેરે ઉપદેશનું અને પ્રભુમય જીવનનું ધ્યેય રાખી જુદીજુદી જગાએ ભજનો ગાતા અને લોકોમાં ધાર્મિક શ્રદ્ધા અને પવિત્ર જીવન માટે વાતાવરણ ચાલુ રાખ્યા કરતા. હમણાં પણ ગામડાંઓમાં ભક્તો ભજનની ધૂન લગાવતા હોય છે, પણ હવે જમાનો બદલાઈ ગયાથી તેવા ભક્તોનો લાભ મેળવવા પ્રસંગો મળતા નથી. આપણી જીવનપ્રણાલિકા બદલાઈ ગયેલી હોવાથી, આપણે તેવા ભક્તોની દરકાર પણ કરતા નથી.

સંવત ૧૮૫૯–૬૦—ઈ. સ. ૧૮૦૩–૪

ઇ. સ. ૧૮૦૩–૦૪ થી ગુજરાતની રાજકીય દશામાં ખૂબ ફેરફાર થઈ ગયા અને તેની અસર લોકોના જીવન પર પુષ્કળ થઈ. ભાષા અને સાહિત્યને પણ જુદો જ રંગ ચડવા લાગ્યો. ઈ. સ. ૧૮૧૮ થી અંગ્રેજોનો અમલ શરૂ થયો. અંગ્રેજી ભાષા અને અંગ્રેજી ભણતર દેશમાં દાખલ થયાં. રાજ્ય કરનારા હોવાને લીધે અંગ્રેજો તરફ પૂજ્યભાવ રહેવા લાગ્યો અને તેને પરિણામે તેમના સંસ્કાર અને આચારવિચાર માટે મોહ ઉત્પન્ન થયો. અંગ્રેજો સાથે પરિચય થવા લાગ્યો તેમ તેમ આપણા મોટા લોકો અંગ્રેજોના પ્રશંસક અને પૂજક બનવા લાગ્યા. જે કાંઈ અંગ્રેજનું કે નવું, તે સારું, અને જૂનું તે ખરાબ અને તેથી સુધારવા લાયક, એવી આપણી મનોદશા થવા લાગી. ઇ. સ. ૧૮૩૦–૩૫ થી તો નવા ભણતરને લીધે, નવા સહવાસને લીધે, નવા મોહને લીધે, જે જીવનપ્રવાહ દેશમાં ફેલાવા લાગ્યા, તેથી શહેરોમાં, મોટા લોકોમાં, સરકારી અમલદારોમાં અને તે અમલદારોની જ્યાં જ્યાં અસર પહોંચે ત્યાં ત્યાં વિદેશીનો પ્રચાર ખૂબ થતો ગયો.*

તે જમાનામાં લોકોને અંગ્રેજીનું સીધું જ્ઞાન તો થોડું હતું; માત્ર અંગ્રેજોનો આડકતરો પરિચય થવા લાગ્યો હતો; પણ મોટા લોકોને અંગ્રેજો અને તેમની રીતભાત માટે એટલું બધું માન ઉત્પન્ન થયું હતું કે, અંગ્રેજોના જીવનનું, તેમની રીતભાતનું અને તેમના સંસ્કારોનું અનુકરણ કરવું, એ સુધારો ગણાયો અને તેવો સુધારો દાખલ કરનારા સુધારક ગણાવા લાગ્યા.

દેશના જીવનમાં જે વિપર્યય દાખલ થયો હતો—થતો હતો—તેની અસર લેખકો અને કવિઓ પર થઈ. પહેલાંના વખતમાં ધાર્મિક સંસ્કાર, ધાર્મિક ઉપદેશ અને જીવનને પવિત્ર અને ઊંચું બનાવવાની ભાવના હતી, ત્યારે હવે જીવન-ને સુધરેલું, ઉપયોગી, અને સંસારી સંસ્કારોમાં રસ લેતું કરવાની ભાવના ઉત્પન્ન થઈ.

જૂના આચારવિચાર તજી જ દેવા જોઇએ, એવી સલાહ આપનાર નર્મદાશંકર, કરસનદાસ મૂળજી, મહીપતરામ, દુર્ગારામ મંછારામ વગેરે સુધારકો ગુજરાતને સુધારવા તનતોડ મહેનત કરી રહ્યા હતા. ભાષણો દ્વારા, નિબંધો અને લખાણો દ્વારા, કવિતા દ્વારા, માસિક અને ચોપાનિયાં દ્વારા લોકોને તેઓ બોધ આપતા હતા, અને ઊંઘતા દેશને જગાડવા પ્રયત્ન કરતા હતા.

આ સુધારકો બે પ્રકારના હતા. થોડાક ઉગ્ર, ઉતાવળિયા, અને કડક હતા, તો થોડાક ધીમે ધીમે સમજૂતીથી કામ લેનારા હતા. નર્મદાશંકર, કરસનદાસ, વગેરે બોલવામાં અને ચાલવામાં તડ અને ફડ કરનારા હતા; દલપતરામ, નવલરામ વગેરે લોકોને સમજાવી, શાંતિથી સુધારા તરફ આકર્ષણ કરનારા હતા.

મુંબઇમાં બુદ્ધિવર્ધક સભા અને અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના એ આ જમાનામાં શરૂ થયેલી નવી પ્રવૃત્તિનાં સીમાચિહ્નો હતાં.

નર્મદાશંકરે બુદ્ધિવર્ધક સભાદ્વારા ભાષણો આપી, બુદ્ધિ-વર્ધક માસિકમાં અને પછી ‘ડાંડિયા’ નામના પત્રમાં લેખો લખી, નર્મકવિતાના છૂટા છૂટા અંકો બહાર પાડી, સુધારાનો ઝંડો ફરકાવ્યો, અને જૂના ચીલામાં ઊંડા ઊતરી ગયેલા દેશને નવા રસ્તા પર લાવવા ખૂબ ઢંઢોળી યાહોમ કરી આગળ પડવાની હાકલ કરી. નર્મદાશંકરની કવિતામાં સાચું કવિત્વ તો થોડું જ

હતું; પણ લોકોની કેળવણી થોડી હતી, સામાન્ય જ્ઞાન પણ થોડું હતું, અને સમજશક્તિ કે દીર્ઘદૃષ્ટિ જેવું પણ ઝાઝું હતું નહિ; એટલે નર્મદાશંકરના જુસ્સાથી, તેના ઉત્સાહથી, તેની કાર્યશક્તિથી લોકો ખુશ ખુશ થઈ જતા અને તેની કવિતાના વખાણનારા બની, તેનો ફેલાવો કરવા તત્પર થઈ જતા. નર્મદાશંકરની કવિતાથી લોકો એટલા બધા પ્રસન્ન થયેલા હતા કે મુંબઈમાં અને સુરતમાં કવિ એટલે નર્મદાશંકર એમ જ લોકોની માન્યતા થઈ ગઈ હતી.

નર્મદાશંકરની કવિતામાં કાયમ ટકે તેવું કવિત્વ થોડું જ છે. છતાં, તેવી કવિતા કરનારા પણ તે સમયે બહુ થોડા હતા. વળી, તેની કવિતામાં જુસ્સો અને સુધારાનો બોધ એવાં હતાં કે તે જમાનામાં સુધારાના પવનને લીધે, નર્મદાશંકરની કવિતા લોકોને અનુકૂળ વાચન પૂરું પાડતી. જમાનો જ હજી અલ્પ-શિક્ષિત હતો એટલે નર્મદાશંકરનું લખાણ અસરકારક નીવડતું. આને લીધે તે જમાનામાં નર્મદાશંકરને કવિ ગણવામાં આવતા; પરંતુ હવે નર્મદાશંકરની કવિ તરીકેની આંકણીમાં ફેર પડી ગયો છે. કવિ તરીકે નર્મદાશંકરની કિંમત ભલે બહુ ઓછી કરવામાં આવે, પણ ન્યાયની ખાતર કહેવું જોઈએ કે તે જમાનાના આગ્રહી, ઉત્સાહી, અને અશ્રાન્ત કાર્યકર તરીકે તો તે હંમેશાં માન્ય અને પૂજ્ય જ ગણાશે. ઘણી ઘણી બાબતોમાં પહેલ કરનાર નર્મદાશંકર છે એ વસ્તુસ્થિતિ તો અન્યથા થઈ શકે તેમ નથી.

ગદ્યલેખક નર્મદાશંકર પહેલા જ હતા—ગુજરાતીમાં જગતના ઇતિહાસને ઉતારનાર પણ તે પહેલા છે; ગુજરાતી કોશ કર-નાર પણ તે પહેલા જ છે; ગુજરાતમાં નવજીવનનો ડંકો વગાડનાર પણ તે પહેલા જ છે. વળી, સુધારા સંબંધે પોતાના વિચારો ફર્યા, ત્યારે સુધારા સાથે પોતાનો વિરોધ જાહેર કરવાની

હિમ્મત બતાવી નીડરતા અને પ્રમાણિકતાનું વિરલ દૃષ્ટાંત રજૂ કરનાર પણ તે જ હતા.

નર્મદાશંકર શૂરવીર, આગ્રહી, ટેકીલા, ચોખ્ખાબોલા અને નીડર હતા; પણ તેમનામાં દીર્ઘદૃષ્ટિ, તીવ્ર બુદ્ધિ કે ઊંડો વિચાર કરવાની શક્તિ ઘણાં ઓછાં હતાં. વાચન વિશાળ હતું, પણ વિવેકદૃષ્ટિ સ્થૂલ જ રહી ગઇ હતી. તત્કાલ જે સૂઝ્યું તે ખરું માની, તેનો ખૂબ આગ્રહ રાખતા અને તે પ્રમાણે આચરણ કરવા ઉતાવળા થઈ જતા.

જૂના વિચારવાળાના દંભ અને દુરાચરણથી તે જેમ ઊકળી ઊઠ્યા હતા અને સુધારાના અગ્રણી થઈ બેઠા હતા તેમ જ જ્યારે તેમણે સુધારકોમાં બદી અને દુષ્ટતા જોયાં ત્યારે પણ તે ખૂબ ઉશ્કેરાઈ ગયા અને સુધારો કાંઈ સાર કે અર્થ વગરનો છે એમ માની લઈ જૂના વિચારના પ્રશંસક અને પૂજક બની ગયા. તેનો આ વિચારપલટો પ્રમાણિક હતો. પણ પહેલાં જેમ જૂના વિચારવાળા તરફ ઉતાવળિયો વિરોધ કર્યો હતો તેમ હવે સુધારકો સામે ઉતાવળિયો વિરોધ કરી બેઠા. નર્મદાશંકર શાંતિથી, ગંભીરતાથી, દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી શકે તેવી સૂક્ષ્મ બુદ્ધિ કે તીવ્ર સમજશક્તિ જ ધરાવતા નહોતા. પ્રમાણિક હતા, હિમ્મતવાન હતા, નીડર હતા, જુસ્સાથી ભરેલા હતા; પણ ઊંડી વિચારશક્તિ કે ભવિષ્યમાં નજર નાખી શકે તેવી તીક્ષ્ણ દૃષ્ટિ, કે ગંભીર શાંતિ તેમનામાં ન હોવાને લીધે તેમનું જીવન ક્ષણિક ઊભરાઓને જ વશ બની જતું. કાંઈક નવું કરવાનો તેમનો જુસ્સો બહુ જબ્બર હતો. જુદા જુદા પ્રકારની કવિતા લખનારા તે લગભગ પહેલા હતા. આગળ કહ્યું તેમ કોશ, ગદ્ય, ઇતિહાસ, જીવનચરિત્ર, નિબંધ વગેરેના લખનાર પણ તે પહેલા હતા અત્યંત આગ્રહી, ઉદ્યોગી અને અશ્રાન્ત

કામ કરનારા હતા—ગુજરાતમાં નવજીવનનો સંચાર કરાવનારા કાર્યકરોમાં મુખ્ય હતા. 'જય જય ગરવી ગુજરાત'એ ભાવના જગાડનારા હતા. ખરેખર, એક મહાન ગુજરાતી હતા.

તેમની કવિતાઓમાંથી 'શૂરવીરનાં લક્ષણ,' 'વીરરસ કવિતા,' 'હિંદુઓની પડતી,' 'સુરતની હકીકત,' એવી થોડી કૃતિ ટકી રહે તેવી છે. ગદ્યલખાણમાં 'ગુજરાતીઓની સ્થિતિ,' અને બીજા થોડા નિબંધો તથા 'ધર્મવિચાર' અભ્યાસ કરવા લાયક છે. 'નર્મકથાકોશ,' જેમાં પુરાણનાં અને બીજાં જાણવા લાયક પાત્રોની પિછાન આપવામાં આવી છે તે તો હજી સુધી અજોડ જ રહેલ છે. આવી આવી તેમની સેવાઓ ગુજરાત કદી ભૂલી શકે નહિ.

તેમના સમયના સુધારકોમાં મુખ્ય કરસનદાસ મૂળજી (ઇ. સ. ૧૮૩૨–૧૮૭૧), મહીપતરામ રૂપરામ (ઇ. સ. ૧૮૨૯–૧૮૯૧), તથા દુર્ગારામ મંછારામને ગણાવવા જોઇએ. કરસનદાસ મૂળજી અને મહીપતરામ તો વિલાયત જવાની પહેલ કરનારા હતા. જ્ઞાતિજનોનો વિરોધ હોવા છતાં તેઓએ પરદેશગમન કર્યું હતું, એટલું જ નહિ પણ સુધારાનાં બીજાં કામોમાં પણ તેઓ સારો રસ લેતા હતા. કરસનદાસ મૂળજી ખાસ તો 'લાયબલ કેસ'થી અમર થયા છે. વલ્લભી સંપ્રદાયમાં કેટલીક બદીઓ પેસી ગઈ હતી તે વિષે કરસનદાસે છડેચોક ટીકા કરી. કરસનદાસે જાહેર કરેલી હકીકત ખોટી છે અને તેથી વૈષ્ણવના મહારાજની બદનક્ષી થઇ છે એમ ગણી વૈષ્ણવના મહારાજે કરસનદાસ પર નુકસાનીનો દાવો માંડ્યો. આ કેસમાં સાક્ષી આપવા માટે અને બીજી રીતે ઘણા લોકોને જ્ઞાતિજન તરફથી ખૂબ કનડગત થતી હતી, છતાં થોડાક દૃઢનિશ્ચયી પુરુષોની નીડરતાને લીધે કેસ સાંગોપાંગ ચાલ્યો. આ કેસની સઘળી માહિતીવાળું 'લાયબલ કેસ' એ

નામનું પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. સાહિત્ય સાથે એ કેસને કશો સંબંધ નથી, પણ સમાજ સાથે તો અવશ્ય છે; એટલે વિદ્યાર્થીઓએ વાંચી જવું જોઇએ. કરસનદાસે સારા નિબંધ અને ગૃહસંસારમાં ઉપયોગી થાય તેવી બાબતો વિષે બેત્રણ પુસ્તક લખ્યાં છે. ખાસ ધ્યાન ખેંચે તેવું તો તેનું ઇંગ્લંડમાં પ્રવાસનું પુસ્તક છે. વિલાયતના પ્રવાસે જનારા તે પહેલા જ હતા, એટલે તેમના પુસ્તકમાં આપેલી માહિતીથી આખા ગુજરાતને સારો લાભ મળ્યો હતો.

મહીપતરામ પણ સુધારક હતા; સ્થિર વૃત્તિના અને એકમાર્ગી કામ કરનારા હતા. તેમણે પણ પુસ્તકો ઘણાં લખ્યાં છે. 'સધરા જેસંગ,' 'વનરાજ ચાવડો,' 'સાસુવહુની લડાઇ' વગેરે તે સમયમાં ખૂબ વંચાતાં; ભવાઇઓની માહિતી એકઠી કરી 'ભવાઈ સંગ્રહ' નામનું તેમનું પુસ્તક ઉપયોગી માહિતીથી ભરપૂર છે.

આ બધાએ સુધારાનું જેવું કામ કર્યું છે તેવું જ કામ કરનારા બીજા શાંત કાર્યકરો પણ હતા. તેમની કાર્યપદ્ધતિ જરા જુદી હતી પણ ઉદ્દેશ તો એક જ હતો. દલપતરામ (ઈ. સ. ૧૮૨૦–૧૮૯૮) અને નવલરામ (ઈ. સ. ૧૮૩૬–૧૮૮૮) એ શાંત સુધારકોમાં શ્રેષ્ઠ હતા. દલપતરામે 'હુન્નરખાનની ચઢાઇ,' 'વેનચરિત્ર' અને કન્યાકેળવણીની તથા બીજી ગરબીઓમાં આપેલો બોધ બહુ કિમતી છે. દલપતરામનું સામાન્યજ્ઞાન બહુ વિશાળ હતું, પણ કવિત્વ સાધારણ પ્રતિનું અને બુદ્ધિશક્તિ પણ સામાન્ય કોટિની જ હોવાથી, તેમની કૃતિઓ સરળ, સદ્બોધથી ભરેલી અને મનરંજન કરનારી હોવા છતાં ઊંચા કવિત્વની કે ઉત્તમ સાહિત્યની ગણનામાં આવી શકે તેવી નથી. સાધારણ જ્ઞાનવાળા પૃથગ જનને તો તે હંમેશાં રોચક થઇ પડશે. 'ફારબસ વિલાસ', 'વિજયક્ષમા', 'હંસકાવ્ય શતક', 'ગમાર

બાવની', 'સંપલક્ષ્મી સંવાદ', 'અંગઉધારનો ઝઘડો' વગેરે કવિતાઓ ખૂબ રસથી વાંચનારા ઘણા મળી આવશે.

સમાજસુધારા માટે અને કન્યાકેળવણી માટે તો દલપતરામે શતદિવસ કામ કર્યા જ કર્યું હતું. આજના જમાનામાં તેની કદર કરનારા થોડા છે એ દિલગીર થવા જેવું છે.

દલપતરામ અંગ્રેજી ભણ્યા નહોતા, પણ ફારબસ સાહેબના સહવાસથી અંગ્રેજી સંસ્કારોની સારી માહિતી પામ્યા હતા. અંગ્રેજોના સારા પ્રશંસક હતા. અંગ્રેજી રાજ્યના ખરા વખાણનારા હતા. તે જમાનો જ એવો હતો. અંગ્રેજના રાજ્યમાં શરૂઆતથી જે શાંતિ અને સ્થિરતા મળવા મંડ્યાં હતાં, તેથી અંગ્રેજી રાજ્ય માટે પૂજ્યભાવ અને પ્રેમભાવ પ્રગટ થયાં હતાં. આવા અંગ્રેજી રાજ્યમાં દરેક જણે પોતપોતાથી બનતું કરી દેશમાં જ્ઞાન, સંપત્તિ, સંપ વગેરેનો પ્રચાર કરવા મચી રહેવું જોઈએ એમ દલપતરામ માનતા, અને પોતે પોતાથી બનતું કરવા તૈયાર પણ હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું કામ કરવા કોઈ લાયક માણસની જરૂર પડી ત્યારે ફારબસ સાહેબે દલપતરામને તે કામ ઉપાડી લેવા સૂચના કરી. દલપતરામ તે વખતે સરકારી નોકર હતા. સરકારી નોકરીમાં પગારનો વધારો, પેન્શન, લોકોમાં મોભો વગેરે ઘણા લાભ હતા, છતાં તે નોકરી છોડી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી ખાનગી સંસ્થાની નોકરી દલપતરામે સ્વીકારી. દેશસેવા કે સાહિત્યસેવા ખાતર આવો ત્યાગ કરનારા ઘણા થોડા હોય છે. દલપતરામની આવી મૂંગી સેવાઓની ગુજરાત કદર કરી શક્યું નથી, એ ગુજરાતનાં કમભાગ્ય છે.

નર્મદાશંકર અને દલપતરામ બંનેના કરતાં વધારે બુદ્ધિશાળી, અભ્યાસી અને વધારે ગંભીર વિચારક હોવા છતાં

નવલરામ શાંત અને મૂંગું કામ કરનારા હોઈ, તે જમાનામાં બહુ આગળ પડતા ગણાયા નહોતા. જો સુધારાના વિચારમાં અને સાહિત્યની સેવામાં સંગીનતા અને ઉપયોગિતાની દૃષ્ટિએ જોઇએ તો નવલરામનો ફાળો નાનોસૂનો નહોતો. જૂના રીત-રીવાજો માટેનો તેમનો અણગમો 'બાળલગ્ન બત્રીશી'માં અને ગરબાવળીની કોઇ કોઈ ગરબીમાં પ્રકટપણે દેખાઈ આવે છે. દુર્ગારામ મહેતાજી તથા કરસનદાસ મૂળજીનાં જીવનચરિત્રની નોંધ લેતાં તેમની સુધારા તરફની મનોદશા અને સુધારામાં તેમનો વિશ્વાસ આપણે જોઈ શકીએ છીએ. નર્મદાશંકરના વિચારપલટા પર ટીકા કરતાં નવલરામે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'સુધારો મરી ગયો નથી અને મરવાનો પણ નથી. દેશમાં જેમજેમ શિક્ષણ અને કેળવણી વધતાં જશે તેમતેમ સુધારો આગળ ને આગળ પ્રગતિ કર્યા જ કરશે.' નવલરામની આ આગાહી કેટલી બધી સફળ થઈ છે એ આજનો જમાનો પુરવાર કરે છે.

નવલરામે કવિતા થોડી જ લખી છે. ઉપર જણાવી તે ઉપરાંત તેમણે કાલિદાસના મેઘદૂતનું ભાષાંતર કર્યું છે. તે ભાષાંતર તરફ સાક્ષરોનું કેમ દુર્લક્ષ છે એ સમજાતું નથી. કાલિદાસનો ભાવ સારામાં સારાં સમશ્લોકી ભાષાંતર જેટલો જ નવલરામ મેઘછંદમાં ઉતારી શક્યા છે. એ ભાષાંતર વિસારી દેવા જેવું નથી એમ દરેક વાંચનાર કબૂલ કરશે. નવલરામની કવિતા થોડી હોવા છતાં, તેમની કૃતિમાં કવિત્વ છે, સુવિચાર છે, સદ્બોધ છે.

નવલરામનું ગદ્ય નર્મદાશંકરના ગદ્ય કરતાં વધારે સંસ્કારી, વધારે જોરદાર, વધારે અર્થવાહક અને વધારે રસભર્યું છે—છતાં હવે તો તેમનું લખાણ સંપૂર્ણ સંગ્રહ તરીકે સુલભ નથી એ શોચનીય છે. તેમનાં ગ્રંથાવલોકનો સાહિત્યના વિદ્યાર્થીઓને

બહુ માર્ગદર્શક બને તેવાં છે એટલું જ નહિ, પણ ગુજરાતીમાં પહેલા સંસ્કારી અવલોકનકાર તરીકે તે ખૂબ માનને પાત્ર છે. સામાન્ય માહિતી આપતા લેખો—જેનો સંગ્રહ જૂની નવલ-ગ્રંથાવલિના ચોથા ભાગમાં કરવામાં આવ્યો હતો તે—ઉપયોગી માહિતીથી ભરપૂર છે; સામાન્ય વાચકને તે લેખો આનંદ અને બોધ આપનારા છે.

તેમના શિક્ષણશાસ્ત્રને લગતા લેખો હમણાં જાણે તદ્દન ભૂલાઈ ગયેલા જ લાગે છે. નવલરામના લેખોને જૂનવાણી ગણી આજની નવીન પ્રગતિના પ્રશંસકો નવાં પુસ્તકોની શોધમાં નવલ-રામની સામે પણ જોતા નથી એવું લાગે છે. ખરી રીતે તો શિક્ષકોને અને શિક્ષકોને તૈયાર કરનારા ટ્રેનિંગ કોલેજમાં કામ કરનારાઓને નવલરામનાં લખાણ આજ પણ પ્રેરક અને બોધક થાય તેવાં છે. જૂની નવલ ગ્રંથાવલિના ત્રીજા ભાગમાં શિક્ષણ અને કેળવણીને લગતા લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. નવલરામનાં નાટકો વિષે આ પુસ્તકના જ પ્રકરણ ૯ મામાં નોંધ લેવામાં આવી છે.

નવલરામના જેવા સંસ્કારી વિદ્વાન, સુશ્રુત અને વિવેકી દૃષ્ટિવાળાનો અભ્યાસ હમણાં થાય છે તેથી વધારે થાય એ ઇચ્છવા જેવું છે.

આ ત્રણ મુખ્ય લેખકો ઉપરાંત પણ આ જમાનામાં બીજા કેટલાક વિદ્વાનો અને કાર્યકરો લોકોપયોગી સાહિત્ય પ્રગટ કરીને સારી સાહિત્યસેવા કરી ગયા છે. તેમાંથી રણ-છોડભાઈ ઉદયરામ (ઈ. સ. ૧૮૩૮–૧૯૨૩), હરગોવિંદદાસ કાંટાવાળા (ઇ. સ. ૧૮૪૪–૧૯૩૧), વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી (ઈ. સ. ૧૮૨૫–૧૮૯૩), ઈચ્છારામ સૂર્યરામ દેશાઇ (ઈ. સ. ૧૮૫૭–૧૯૧૨), એ તો ખાસ નોંધ લેવા લાયક છે. રણછોડ-ભાઇ ઉદયરામે કવિતા લખી છે, નાટકો લખ્યાં છે, છૂટક છૂટક

લેખો લખ્યા છે એમ અનેક રીતે પ્રવૃત્તિ કરી છે. તેમનો ઉદ્યોગ અને સાહિત્યશોખ અજબ પ્રતિનાં હતાં. તેમની કૃતિઓમાંથી 'રણુ-પિંગળ' અને જગતના જુદા જુદા દેશોના વ્યાપારની માહિતીવાળાં પુસ્તકો ખાસ નોંધ લેવા જેવાં છે. હરગોવિંદદાસ કાંટાવાળાએ 'પાણીપત' અને 'વિશ્વની વિચિત્રતા' એવાં બે નાનાં કાવ્યો લખ્યાં છે, વાર્તાઓ લખી છે, સામાન્ય માહિતીનાં બીજાં પુસ્તકો પણ લખ્યાં છે. તેમનો ઉદ્યોગ પણ ખરેખર અત્યંત વિસ્મયકારક હતો. ખાસ સેવા તો તેમણે જૂનાં કાવ્યોને પ્રગટ કરીને કરી છે. પહેલાં પ્રાચીન કાવ્ય ત્રિમાસિક અને પછી ગાયકવાડ સરકારના આશ્રયથી પ્રાચીન કાવ્યમાળા એ પ્રગટ કરવામાં તેમણે જે શ્રમ લીધો છે તે ખરેખર યાદગાર છે. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇ-એ પણ 'બૃહત કાવ્યદોહન'ના પ્રકાશનથી સરસ સેવા બજાવી છે. હરગોવિંદદાસ તથા ઇચ્છારામ બંનેનાં પ્રકાશનકાર્યમાં આજે આપણને અનેક ક્ષતિઓ લાગે છે, પરંતુ તે જમાનામાં તે બંનેએ અથાગ શ્રમ લઈ, જે કાર્ય કર્યું છે તે ખરેખર વખાણવા લાયક છે. અલબત્ત, જમાનામાં પ્રગતિ થતી જાય તેમતેમ નવુંનવું સૂઝે—જૂનું દોષવાળું લાગે—એ સ્વાભાવિક છે. તેવું થાય ત્યારે જમાના પ્રમાણે સુધારાવધારા કરતા જવા જોઇએ. પણ ભૂતકાળમાં થયેલા કામને, લેવાયેલા શ્રમને, બતાવેલા ઉત્સાહને અન્યાય તો ન જ કરવો જોઇએ.

વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી સંસ્કૃતના પ્રખર પંડિત હતા. માગધી ભાષાના પણ જાણનારા હતા, અને ગુજરાતી ભાષા-ના વંશાવતાર અને ગુજરાતી ભાષાનાં વ્યાકરણ વગેરેના અભ્યાસ માટે સારો શ્રમ લેનારા હતા. તેમનાં લખેલાં 'ગુજ-રાતી ભાષાનો ઇતિહાસ' અને 'ઉત્સર્ગમાળા' એ બે પુસ્તકો નાનાં હોવા છતાં બહુ મૂલ્યવાન છે.

આ ઉપરાંત આ જમાનામાં કેટલીક નવીનવી પ્રવૃત્તિઓ થઇ છે. નાનામોટા અનેક લેખકોએ કાવ્ય, વાર્તા અને બીજાં લખાણો કર્યાં છે અને તેમાંથી કોઈકોઈ તો નોંધ લેવા જેવાં પણ છે. પરંતુ પ્રારંભિકામાં તો માત્ર ઉપર ઉપરની માહિતી આપવાનું રાખેલું હોઈ, વધારે વિગત આપી નથી. છતાં ‘કરણ-ઘેલા’ની નોંધ લીધા વગર ચાલે જ નહિ. નંદશંકર તુળજાશંકર (ઈ. સ. ૧૮૩૫–૧૯૦૫) તેના લેખક છે. તે પુસ્તક ઈ. સ. ૧૮૬૬ માં પહેલીવાર પ્રગટ થયું છે. પહેલી આવૃત્તિમાં ભૂતપ્રેતની વાતો તે જમાનામાં જે માન્યતા હતી તે પ્રમાણે લખવામાં આવી હતી; પરંતુ પાછળથી તેમાં સુધારો કરવાની જરૂર જણાઇ હતી. થોડીક ઐતિહાસિક હકીકતનો આધાર લઈ, તત્કાલની સમાજરચના, લોકોની ધર્મ, રાજ્ય, સંસાર તરફની મનોદશા અને લોકોમાં પ્રચાર પામી રહેલા સારાનરસા રિવાજો—એ સઘળાંની અસર-કારક ભાષામાં પિછાન આપતું આ પુસ્તક લોકોમાં બહુ જ પ્રિય થઇ પડયું હતું. લોકોને રંજન કરે તેવી આડકથાઓ, સ્થળ અને પ્રસંગનાં કેટલાંક સુંદર વર્ણનો, જુદા જુદા પ્રકાર-ની નાનીમોટી માહિતી વગેરેને લીધે ‘કરણઘેલો’ બધા જ વાચકોને ઘણા લાંબા વખત સુધી પ્રિય થઈ રહેલો હતો. વિદ્યાર્થીઓ માટે શાળોપયોગી આવૃત્તિ કાઢી તેની ઉપયોગિતા ખૂબ વધારવામાં આવી હતી. હજી ગઈ કાલ સુધી તે પુસ્તક સર્વપ્રિય પુસ્તકોમાં સ્થાન પામી રહ્યું હતું. હવે જમાનો ફરી જતાં લોકોની મનોદશા અને જ્ઞાનમર્યાદામાં બહુ પલટો થયો છે, એટલે હવે ‘કરણઘેલો’ અસલ કીર્તિ ટકાવી રાખે એવો સંભવ ઓછો છે. તોપણ આપણી પહેલી સુંદર નવલકથા તરીકે તો તે હંમેશાં માન અને સદ્‌ભાવથી સંભારી રખાશે.

પ્રકરણ ૫ : અંગ્રેજી શિક્ષણનાં પહેલાં ફળ

ઈ. સ. ૧૮૫૭ માં મુંબઇ યુનિવર્સિટીની સ્થાપના થઈ. તે પહેલાં અંગ્રેજીના અભ્યાસ માટે થોડીઘણી સગવડ હતી, પણ યુનિવર્સિટી સ્થપાયા પછી તો અંગ્રેજી અભ્યાસ માટે દેશભરમાં ખૂબ આકર્ષણ વધી ગયું. અંગ્રેજી ભણેલાઓને સારી-સારી નોકરી મળતી, અને લોકોમાં પ્રતિષ્ઠા મળતી; એટલે અંગ્રેજી ભણતર માટે મોહ ઉત્પન્ન થયો હતો. અંગ્રેજી ભણેલાઓનું માનસ અંગ્રેજીનું પક્ષપાતી અને અંગ્રેજો તરફ માનની નજરે જોનારું બની જતું હતું.

અંગ્રેજો આવ્યા તે પહેલાં દેશમાં સામાન્ય જ્ઞાનના પ્રચાર માટે અને ઊંચા શિક્ષણની પ્રાપ્તિ માટે કાંઈ સગવડ હતી નહિ. સંસ્કૃતના પંડિતો અને શાસ્ત્રીઓ, કે વૈદક કે જ્યોતિષના અભ્યાસી, પોતપોતાને ઉપયોગી લાગે તેવું ભણતર ભણતા. ઘણેભાગે બ્રાહ્મણો જ આવું ભણતર ભણતા, ઈતર લોકો તો વ્યવહારજ્ઞાન અનુભવથી મેળવી લેતા. પુરાણવાચન, માણભટ્ટ, લોકકથા, વગેરે દ્વારા જ સામાન્ય જ્ઞાન મેળવાતું. સર્વને આકર્ષક બને એવી શિક્ષણવ્યવસ્થા નહોતી. ઊલટું, બ્રાહ્મણો જે કાંઇ થોડુંઘણું ભણતા તેથી એકમાર્ગી અને અભિમાની થઇ જતા. વગર ભણેલો પણ બ્રાહ્મણ હોય તો જ્ઞાનનો દાવો કરી બેસતો. પરિણામે દેશમાં એક તરફથી જ્ઞાનશૂન્યતા, તેમ બીજી તરફથી જ્ઞાતિઅભિમાન વધી ગયાં હતાં. દંભ, ઢોંગ, વહેમ અને મિથ્યાભિમાન વધી જવાને લીધે સંસારનું જીવન

આદર્શ વગરનું અને ધ્યેય વગરનું બની ગયું હતું. સૌ પોતપોતાનાં કૂંડાળામાં એકરંગી જીવનમાં નિમગ્ન બની રહેતા અને તેમાંથી જો કોઈ આઘોપાછો ખસે, તો તેના તરફ અણગમો અને તિરસ્કાર બતાવાતાં.

આવા જમાનામાં, અંગ્રેજ જેવા પરદેશી લોકો રાજ્યકર્ત્તા તરીકે સત્તાધારી થયા એટલે સર્વ દેશી લોકો નવી સત્તાને તાબે થયા એટલું જ નહિ, પણ અંગ્રેજી ભણતરથી ઉત્પન્ન થયેલી નવી પ્રજા અંગ્રેજોના પ્રભાવથી એવી તો દબાઇ ગઈ, એવી તો મોહમાં પડી ગઇ, એવી તો પામર બની ગઈ, કે અંગ્રેજોની પ્રશંસક જ નહિ, પણ પૂજક બની ગઈ—અંગ્રેજોના જાણે દાસાનુદાસ જેવી બની ગઈ.

અંગ્રેજોમાં લોકોને પ્રસન્ન રાખી, જીતી લેવાની હુશિયારી હતી. વળી અંગ્રેજી રાજ્યપદ્ધતિ દેશની જૂની પદ્ધતિ કરતાં એવી જુદી રીતની હતી કે લોકોને ખૂબ રાહત અને શાંતિ મળ્યાં હતાં, એવો સંતોષકારક અભિપ્રાય દેશભરમાં ફેલાઇ રહ્યો હતો.

આવા વાતાવરણમાં દેશના સર્વ લોકો એકસરખો લાભ લઈ શકે તેવી શિક્ષણપદ્ધતિ અંગ્રેજોએ દાખલ કરી. ઉચ્ચ શિક્ષણનો લાભ આપવા માટે યુનિવર્સિટીની પણ સ્થાપના કરી. યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગ્રેજી દ્વારા જ લેવાતી, એટલે અંગ્રેજીનો અભ્યાસ વધ્યો અને અંગ્રેજી ભણેલાઓ અંગ્રેજી ભાષાના અને અંગ્રેજી રીતરિવાજના વખાણનારા બનવા લાગ્યા. દેશભરમાં વાતાવરણ જ એવું થઈ ગયું કે અંગ્રેજી ભાષા, અંગ્રેજી પહેરવેશ, અંગ્રેજી રીતભાત, અંગ્રેજી વસ્તુઓ, જે કાંઇ અંગ્રેજી હોય તે બધું જ સરસ અને શીખવા, અનુકરણ કરવા, વસાવવા લાયક; અને દેશી એટલે અણઘડ, જંગલી, હલકું, નિર્માલ્ય.

આ મનોદશા વાજબી નહોતી એમ માનનારા પણ કોઈ કોઈ નીકળી આવતા. સદ્‌ભાગ્યે યુનિવર્સિટીના ભણતરમાં સંસ્કૃતને સ્થાન મળ્યું હતું એટલે ઉચ્ચ શિક્ષણ લેનારાઓને સંસ્કૃતનો પણ અભ્યાસ કરવો પડતો. આ અભ્યાસથી એક લાભ એ થયો કે કોઈ કોઈ તીવ્ર બુદ્ધિવાળાને સત્યદર્શન થવા લાગ્યું. દેશમાં પ્રચલિત રીતરિવાજો, આચારવિચારો, આહારવિહાર બધા માટે તિરસ્કાર ઉત્પન્ન કરનાર જે વાતાવરણ સુધારકોએ ફેલાવ્યું હતું, તે વાતાવરણ બદલવું જોઈએ; આપણા રીતરિવાજો અને આચારવિચારો તદ્દન અર્થશૂન્ય કે મૂર્ખાઈ ભરેલા નથી, પણ તે બધાની પાછળ કોઈક ઉચ્ચ હેતુ રહેલો છે, એવી સમજ સંસ્કૃતના અભ્યાસથી આવવા લાગી.

નવા ભણતરથી જુવાન ભણેલાઓની મનોદશા જ એવી થતી કે તેમાંના ઘણા તો જૂનાને નિંદનારા જ થઈ જતા. સામાન્ય જનતાને તો જૂના માટે જ શ્રદ્ધા હોય અને તે જૂનાનું જ પાલન કર્યા કરે. તેથી સામાન્ય જનતા પર સુધરેલા વિચારો લાદવાના પ્રયત્ન અંગ્રેજી ભણેલાઓ કરતા હતા. પરંતુ સદ્‌ભાગ્યે તેવા ભણેલાઓમાંથી પણ કોઇ કોઇ વિચારશીલ પંડિત જૂનાનવાનો મુકાબલો કરનારો નીકળી પડતો. ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઇ. સ. ૧૮૫૫ થી ૧૯૦૭) આવા એક વિદ્વાન ચિંતક હતા. તેમણે દેશમાં પ્રસરી રહેલા સુધારાના વિચારોની સારાસારતા લોકો પાસે રજૂ કરી અને પછી જૂના અને નવાનાં દૃષ્ટાન્તો આપી શું પસંદ કરવું એ લોકોને સમજાવ્યું.

નવા ભણેલાઓમાં કોઈ કોઈ તો વળી એવા જૂનવાણી રહ્યા હતા, કે જે જૂનું તે જ સારું, એમ આગ્રહથી માની પુરાણપ્રેમી જ બની રહ્યા હતા. મણિલાલ નભુભાઈ દ્વિવેદી (ઇ. સ. ૧૮૫૮ થી ૧૮૯૮) સંસ્કૃતના સારા અભ્યાસી

હતા–યુનિવર્સિટીના શિક્ષણ દ્વારા જ આ જ્ઞાન મેળવેલું હતું; છતાં તે સુધારાના રીતરિવાજોથી બહુ વિરુદ્ધ હતા. તેમ સાટે નરસિંહરાવ ભોળાનાથ (ઈ. સ. ૧૮૫૯–૧૯૩૭) અને રમણભાઈ મહીપતરામ (ઈ. સ. ૧૮૬૮–૧૯૨૮) નવા વિચારોને સ્વીકારનારા અને સુધરેલા આચારને સેવનારા હતા. ભણેલા અને તેથી સારી પાયરી પામેલા આવા લોકોની અસર વધારે થાય એ સ્વાભાવિક જ હતું. મનુષ્યમાત્રને નવીનતાનો મોહ ઝટ લાગી જાય છે. કેટલાક લોકો અંગ્રેજોના અનુકરણના રસિયા બન્યા હતા અને કેટલાક જૂનાં બંધનોમાંથી મળતી મુક્તિથી સ્વતંત્રતાના બહાના હેઠળ સ્વચ્છંદી બની રહ્યા હતા. ગોવર્દ્ધનરામ જેવા વિચારકને આ વાતાવરણે બહુ ચિંતનશીલ બનાવ્યા. સુધારાની અવશ્ય જરૂર હતી. જૂના રિવાજોમાં ક્યાંક ક્યાંક પેસી ગયેલા અનર્થો સમજવા જોઈએ અને દૂર કરવા જોઈએ એ, અને ભણેલાઓ કેવી ઉતાવળ કરી બેસે છે, દેશોદ્ધારને માટે કેવા આદર્શોની જરૂર છે, વગેરે અનેક બાબતો તેમણે સરસ્વતીચંદ્ર નામની નવલકથાદ્વારા ગુજરાત આગળ મૂકી.

સરસ્વતીચંદ્રનો પહેલો ભાગ ૧૮૮૭ માં બહાર પડ્યો, ત્યારે ગુજરાતી સમાજમાં જાણે નવું ચેતન આવ્યું હોય એટલી બધી તેની અસર થઈ હતી. સરસ્વતીચંદ્ર એકલી વાર્તા કે નવલકથા નથી. તે તો સમાજ માટે ચિંતા કરનારા ગંભીર વિચારકની મનોદશાનું ચિત્ર છે. જૂના રિવાજોમાં સારા સારા અંશો કેટલા બધા છે; રૂઢિઓનાં આંધળાં અનુકરણથી પણ સમાજનાં બંધનો કેવાં શુભપરિણામી બને છે; રાજાઓ, ધનપતિઓ, વિદ્વાનો અને બાવાસાધુઓ માટે કેવા ઊંચા આદર્શો કલ્પાયા છે; જગતમાં દુષ્ટતા તો પગલે ને ડગલે

વ્યાપી જ રહેલ છે; તે દુષ્ટતાને પિછાનવા, તેથી ચેતવા, તેનો સામનો કરવા, કેટલી સાવધાનીની જરૂર છે; વગેરે અનેક બાબતોનો ઉલ્લેખ, અને કેટલીકની ચર્ચા સરસ્વતીચંદ્રમાં કરવામાં આવી છે. સરસ્વતીચંદ્રમાંની ચર્ચા વિદ્વત્તાથી ભરેલી હોવા સાથે માર્ગદર્શનમાં અને ઉચ્ચ પ્રેરણામાં ખૂબ મદદરૂપ થાય તેવી છે. અનેક ઈતર વિષયોને સ્પર્શનારી હોવા છતાં તે નવલકથા વાચનરસમાં તો પૂરેપૂરો ટકાવી રાખે છે. કેટલાકને ત્રીજા ભાગનું સંસ્કૃત પ્રકરણ અને ચોથા ભાગની ચિંતનભરી ચર્ચા વાર્તારસમાં વિઘ્નરૂપ લાગે છે. આ વાંધો નવલકથાના સ્વરૂપ માટે, કે વાર્તારસના રસિયા માટે કદાચ સ્વીકારી શકાય, પણ તેથી સરસ્વતીચંદ્રના ગુણોમાં કશી ઊણપ આવે એમ નથી. ગુજરાતના વિચારવંત વર્ગ પાસે ગોવર્દ્ધનરામે ગુજરાતના જીવનની જુદી જુદી રૂપરેખા દોરી, ભવિષ્યમાં દૃષ્ટિ ફેંકી, સમસ્ત ગુજરાતમાં જે ઉત્સાહ, જે પ્રેરણા અને જે આનંદ પ્રસાર્યાં છે, તે ખરેખર ઊંચામાં ઊંચી પ્રશંસાને પાત્ર છે. લખાણદ્વારા લોકોને કેમ કેળવવા, વધારે સમજદાર બનાવવા, અને છતાં લોકોનો વાંચવાનો મોહ ટકાવી રાખવો એ બતાવવામાં સરસ્વતીચંદ્રે ખૂબ યશસ્વી કામ કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં સરસ્વતીચંદ્ર અજોડ અને વિશિષ્ટ પ્રતિના ગ્રંથ તરીકે હમેશાં સન્માન પામશે એમાં શંકા નથી.

સરસ્વતીચંદ્રમાં મૂળ વાત તો બહુ ટૂંકી છે. લખેશરી શેઠિયાનો બુદ્ધિશાળી પુત્ર યુનિવર્સિટીનું શિક્ષણ પામી, દેશ અને દેશજનના વિચાર કરનારો થયો છે. પોતાનો પૈસો દેશના દુઃખી લોકોને માટે કેવી રીતે વપરાય એવા વિચાર કર્યા કરે છે, અને એવા કામ માટે એકલવાયું જીવન હોય તો જ સારું એમ માની લગ્ન કરી સંસાર માંડવા તૈયાર નહોતો.

અણધારી રીતે એક સુશીલ કુમારિકાનો પરિચય થતાં, કુદરતી આકર્ષણને વશ થઈ, લગ્ન પછી પણ દેશકાર્ય થઈ શકશે એવી આશામાં લપટાઈ, લગ્ન કરવા તૈયાર થયો. પરંતુ ભાવનાઘેલા જુવાનિયાની પેઠે નજીવી બૈરકશાહી ટીકાથી મગજ ફેરવી બેઠો, લગ્નનો વિચાર માંડી વાળ્યો, પોતાનું ઘર પણ તજી ગયો; દુનિયાનો અનુભવ લેવા અજાણ્યા રહેવાનું પસંદ કરી નીકળી પડ્યો. દેશી રાજ્યનો, કેટલાંક સારાં અને કેટલાંક સડેલાં કુટુંબોનો, ગરીબ જનતામાંથી થોડીક વ્યક્તિઓનો, બાવા સાધુઓનો અને કંઇક ગ્રામજનતાનો થોડો અનુભવ મેળવ્યો અને દેશના ભવિષ્ય વિષે ખૂબ કલ્પનાઓ કરી. પરંતુ તે બધા અનુભવને પરિણામે તે સમજ્યો કે ગરીબ થઇ રખડવાથી ધારેલું દેશકાર્ય થઈ શકશે નહિ. એટલે ફરી માબાપની સાથે રહેવા નિર્ણય કર્યો, લગ્ન કર્યાં અને કલ્યાણગ્રામની સ્થાપના કરી, પોતાનાં નાણાંનો સદુપયોગ કરવા પ્રવૃત્ત થયો.

સરસ્વતીચંદ્રમાં મુખ્ય વાત તો એટલી જ છે. પરંતુ વાર્તારસ ટકાવી રાખવાની આવડત છે; ભાષાને નવીન જ અવતાર આપ્યો છે; વર્ણન, વિચાર અને પ્રસંગો કળાકારની પીંછીથી આલેખાયેલાં છે; પાનેપાને કવિત્વની ઝાંખી થયા જ કરે તેવી મનોરંજક શૈલી છે; સંસારનાં વિધવિધ દશ્યો, સુખદુઃખ અને સાચાખોટા પ્રસંગોના અનેક કિસ્સાઓ, ગુજરાતનાં ગૃહજીવન, રાજ્યખટપટ, જ્ઞાનચર્ચા, વગેરે અનેક બાબતો પર થયેલું લખાણ દરેક વાચકને આનંદ આપનારું અને ઊંચે લઈ જનારું છે. ચર્ચામાં કોઇ વાર પાંડિત્ય આવી જાય છે, પ્રસંગોમાં કોઇ વાર મર્યાદાનું ઉલ્લંઘન થયેલું લાગે છે, અને કલ્પનાના વિહારો કોઇ વાર વધારે પડતા ઊંચા અને તેથી અપ્રાપ્ય લાગે છે; છતાં શ્રદ્ધા રાખી, અભ્યાસની દૃષ્ટિ રાખી વંચાય, તો જીવનને

નવો જ રંગ લગાડી દેવાની ઊંચી શક્તિ તે પુસ્તકમાં છે. ગોવર્દ્ધનરામ વાર્તાલેખક, ગંભીર વિચારક અને ચિંતનપ્રેરક ઉપદેશક હોવા ઉપરાંત ઊંચા કવિ અને મહાન સમાજસુધારક હતા એમ તે પુસ્તક બતાવી આપે છે.

ગોવર્દ્ધનરામે 'સરસ્વતીચંદ્ર' ઉપરાંત બીજું ઘણું લખ્યું છે. 'લીલાવતીની જીવનકલા' અને 'દયારામનો અક્ષરદેહ' એ બે ચરિત્રનાં પુસ્તકો હોવા છતાં બંને દ્વારા ગૃહજીવનના અને કવિજીવનના જે ખ્યાલો રજૂ કરવામાં આવ્યા છે તે ખૂબ અભ્યાસ કરવા લાયક છે; વાંચનારના જીવનને અત્યંત ઊંડી અસર કરે તેવા છે. 'સ્નેહમુદ્રા' અને 'સાક્ષરજીવન' તો ગુજરાતી સાહિત્યની ઊંચામાં ઊંચી કૃતિઓમાં ગણના પામે છે. 'સ્નેહમુદ્રા' કાવ્ય છે; તેમાં પણ દેશોદ્ધાર અને તત્ત્વચિંતનનું તથા સૃષ્ટ પદાર્થોના રહસ્યદર્શનનું એવું ગંભીર અને ઉત્કૃષ્ટ વર્ણન છે કે તેની બરોબરી કરી શકે એવું એકે પુસ્તક હજી સુધી ગુજરાતને મળ્યું નથી. તેમાં કોઈ કોઇ જગાએ રસક્ષતિ જેવું લાગે, કોઈ કોઇ જગાએ લખાણ કષ્ટબોધ્ય લાગે, કોઈ કોઈ જગાએ રુચિભંગ જેવો પ્રસંગ લાગે; આવા આવા કેટલાક દોષો તે કાવ્યમાં માલૂમ પડે છે, પણ તેથી તે નીરસ છે, દુર્બોધ્ય છે, ક્લિષ્ટ છે એમ સમજી તેને પઠનપાઠનમાંથી બાતલ કરવું એ તો સાહિત્યના અભ્યાસમાં ખોટી ખલેલ પહોંચાડવા જેવું છે. અંગ્રેજીનો અભ્યાસ કરતી વખતે 'બ્રાઉનિંગ,' 'શેક્સપિયર,' 'એમર્સન' વગેરેને સમજવા માટે શ્રદ્ધાપૂર્વક શ્રમ કરનારા વિદ્યાર્થીઓ અને વિદ્વાનો 'સ્નેહમુદ્રા' માટે શ્રદ્ધા રાખી શકતા નથી એ આશ્ચર્યકારક છે. 'સ્નેહમુદ્રા'માં કુદરતનો પરિચય, તત્ત્વચિંતન, દેશપ્રેમ, દંપતીપ્રેમ વગેરેના આલેખનમાં સુંદર કવિત્વ અને ઉદાત્ત ભાવની ઉચ્ચતાનો જે અનુભવ થાય છે તે અત્યંત વિરલ જ છે.

'સાક્ષરજીવન' તો ગુજરાતી સાહિત્યના ઉત્તમોત્તમ ગ્રંથોમાં પણ અગ્રસ્થાને મૂકાય છે. સાક્ષરતા એટલે શું, ખરા સાક્ષરો કેવા હોય, જગત સાક્ષરો પાસેથી કેવી ઊંચી આશા રાખે છે, સાક્ષરો જ ખરા દેશચિંતક અને ખરા દેશોદ્ધારક છે વગેરે પૂર્વ અને પશ્ચિમના મહાન નરોનાં દૃષ્ટાન્તો આપી સમજાવ્યું છે. સાક્ષરોના ધર્મ સમજાવનાર અને તેની ખરી કિમ્મત કરનારું તે પુસ્તક કમભાગ્યે અધૂરું જ રહ્યું છે. આવા પુસ્તકને અઘરું ગણી વિદ્વાનો પણ વિસારી મૂકે, તો ગુજરાતીમાં સારાં પુસ્તકોના અભ્યાસને ઉત્તેજન ક્યાંથી મળે ?

આ ઉપરાંત પણ ગોવર્દ્ધનરામે પુષ્કળ લખેલું છે. ગુજરાતના કવિઓની પિછાન કરાવી છે; સમકાલીન ચર્ચા ઉપાડી લઇ, અંગ્રેજી તથા ગુજરાતીમાં અનેક લેખો લખ્યા છે. આવાં ઊંચાં લખાણો ઉપરાંત ખાસ યાદ રાખવા જેવું તો એ છે કે તે માત્ર લેખબહાદુર જ નહોતા; જીવનમાં ઊંચા આદર્શને અનુસરનારા હતા. યુનિવર્સિટીમાંથી પસાર થયેલા વિદ્વાનોમાં એ પ્રથમ પંક્તિના ચિંતક, ઊંચાં પ્રકારના સમાજસેવક, લોકપ્રિય અને લોકોપકારક લેખક, કવિત્વમય હૃદયવાળા અને ઉત્કૃષ્ટ શક્તિપૂર્ણ મગજવાળા સાધુપુરુષ હોઈ સાહિત્યાકાશમાં અચળ અને નિર્મળ તેજથી પ્રકાશ્યા કરશે.

યુનિવર્સિટીમાંથી બહાર પડેલા બીજા પણ કેટલાક પંડિતો ગોવર્દ્ધનરામની સાથે સાથે જ સાહિત્યસેવા કરનારા હતા. મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ ભોળાનાથ, કેશવલાલ હર્ષદરાય ધ્રુવ (ઈ. સ. ૧૮૫૯થી ૧૯૩૭) અને રમણભાઈ મહીપતરામ તે સમયના સાહિત્યવીરો છે. દરેકનું કામ જુદું હોવા છતાં, ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં દરેકનો હિસ્સો ઘણો મોટો છે.

મણિલાલ નભુભાઈ

મણિલાલ નભુભાઇ, આગળ જણાવ્યું છે તેમ, પુરાણપ્રેમી હતા. સુધારાના વિચાર અને આચાર તેમને આકર્ષી શક્યા નહોતા–બલ્કે તેમને તો તે બધા દોષરૂપ, ઉન્માર્ગગામી, અનર્થકારી લાગ્યા હતા; અને તેથી જૂના આચારોને વળગી રહેવા તેમણે ખૂબ ઉપદેશ આપ્યો છે. જૂના આચારોનાં રહસ્ય સમજાવવા લેખો લખ્યા છે, અને 'નારીપ્રતિષ્ઠા,' 'બાળવિલાસ' વગેરે પુસ્તકોદ્વારા ગુજરાતને સત્યદર્શન માટે ખૂબ પ્રેરણા આપી છે. મણિલાલ તત્ત્વજ્ઞાની હતા; શાંકરમતના રહસ્યદર્શક તરીકે વિદેશમાં સારી પ્રતિષ્ઠા પામ્યા હતા. વેદાંતના તત્ત્વજ્ઞાનને સૂફીમતનો રંગ આપી, તેમણે કેટલીક સુંદર કવિતાઓ કરી છે. 'પ્રેમજીવન' અને 'અભેદોર્મિ'ના નામથી બહાર પાડેલી કવિતાઓ પર તત્ત્વજ્ઞાનદર્શક ટીકાઓ મણિલાલે પોતે જ લખી છે–આ બન્નેમાંનાં કાવ્યો તથા બીજાં છૂટક કાવ્યો બધાં ભેગાં કરી, 'આત્મનિમજ્જન' એવા નામથી તેનો કાવ્યસંગ્રહ છપાયો છે. 'પ્રીતિ પ્રેમ વદું જય જય વાણી,' 'અમે તો વેરાગી,' 'પ્રેમની ઝળક છાઇ રે,' 'આંખ ભર્યે શું થાય,' 'ઊડી જા તું ગાફેલ ગાભરા,' વગેરે કાવ્યોમાં કવિત્વ, તત્ત્વજ્ઞાન, અને પ્રેમપ્રસંગોનું સંમિશ્રણ થયેલું હોઈ, તે કાવ્યો ઘણા લાંબા વખત સુધી ખૂબ પ્રચાર પામી રહ્યાં હતાં.

મણિલાલની કીર્તિ તેમનાં કાવ્યોના કરતાં, તેમની ઇતર સેવાથી વધારે ટકી રહેશે. પહેલાં 'પ્રિયંવદા' અને પછી 'સુદર્શન' દ્વારા સમાજસેવા અને સાહિત્યસેવાની જે લેખમાળા તે પ્રગટ કરી રહ્યા હતા તેથી આખા ગુજરાતમાં સદ્વિચાર અને સત્ય જ્ઞાન માટે ખૂબ પ્રવૃત્તિ થઈ રહી હતી. 'નારીપ્રતિષ્ઠા,' અને 'બાળવિલાસ,' ઉપરાંત 'ગુલાબસિંહ' નામની નવલકથા, 'ચારિત્ર્ય'

નામનો નિબંધાત્મક ગ્રંથ, 'કાન્તા' નામનું સ્વતંત્ર નાટક, 'માલતી-માધવ' અને ' ઉત્તરરામચરિત 'નાં ભાષાંતર વગેરે અનેક પુસ્તકો મણિલાલે લખ્યાં છે. આ બધાંથી પણ ખૂબ મહત્ત્વની સેવા કરનાર ગ્રંથ ' સિદ્ધાંતસાર ' મણિલાલનું સર્વશ્રેષ્ઠ પુસ્તક છે. આર્યતત્ત્વજ્ઞાન-નાં દર્શનોનો પરિચય આપનારું તે પુસ્તક ઉત્તમ માહિતી પૂરી પાડે છે એટલું જ નહિ, પણ તેમાં ભાષાની ગૌરવભરી શૈલી એવી તો ઉત્કૃષ્ટ છે કે મણિલાલની કીર્તિ તે ગ્રંથે અમર બનાવી છે.

નરસિંહરાવ ભોળાનાથ

મણિલાલનો પહેલો કાવ્યસંગ્રહ ૧૮૮૭ માં બહાર પડ્યો, તે જ વર્ષમાં નરસિંહરાવનું પ્રથમ કાવ્યપુસ્તક ' કુસુમમાળા ' પણ પ્રગટ થયું. 'પ્રેમજીવન' સમકાલીન યશ મેળવવા ઠીક ભાગ્યશાળી બન્યું હતું–પણ ' કુસુમમાળા ' તો ગુજરાતી કવિતાને નવીન અવ-તાર આપનાર પુસ્તક ગણાયું–સ્વીકારાયું છે. અંગ્રેજી અને સંસ્કૃ-તના અભ્યાસથી મળેલા નવા સંસ્કારથી નરસિંહરાવનાં કાવ્યોએ તદ્દન નવું સ્વરૂપ મેળવ્યું હતું. વિષયોમાં નવીનતા હતી, ભાષામાં સંસ્કૃત અભ્યાસની અસર હતી, છંદ અને અલંકારના પ્રયોગમાં જૂનાનવાનો સારો ઉપયોગ થયો હતો: આવા ગુણોથી તે કાવ્યો આહ્લાદક અને મોહક બન્યાં હતાં, એટલું-જ નહિ, પણ ગુજરાતી કવિતાનો નવો જ પ્રકાર રજૂ કરનારાં હતાં. નવી કવિતાના પહેલા પુસ્તક તરીકે ગુજરાતે તેને ખૂબ વધાવી લીધું હતું. નરસિંહ, મીરાં આદિ જૂના કવિઓથી જુદા-પણું તો હતું જ, પણ નર્મદ–દલપત જેવા ગઈ કાલના કવિઓથી પણ આ કવિમાં એવું જુદાપણું હતું કે ગુજરાતી કવિતાએ નવો અવતાર ધારણ કર્યો એમ 'કુસુમમાળા'ના પ્રકાશનથી સર્વને લાગ્યું.

નરસિંહરાવનું કાવ્યલેખન મંદ હોવા છતાં વર્ષો સુધી

ચાલુ રહ્યું હતું. 'હૃદયવીણા', 'નૂપુરઝંકાર', 'સ્મરણસંહિતા' એ ત્રણે કાવ્યસંગ્રહોમાં નવજીવનના વિચારો છે, નવસાહિત્યના ઉદ્ગારો છે, નવાં ઘડતરનાં ચિહ્નો છે. નરસિંહરાવ નવી કવિતાના આદ્યકવિ છે, નવી કવિતાના પિતા છે.

કવિ તરીકે ખૂબ યશ અને અમર નામ મળેલું હોવા છતાં, નરસિંહરાવે કવિ કરતાં વધારે યશસ્વી કાર્ય અવલોકન-દ્વારા અને ભાષાશાસ્ત્રના અભ્યાસદ્વારા કર્યું છે. નવલરામ પછી પુસ્તકોનાં અવલોકનમાં શાસ્ત્રીય દૃષ્ટિ અને સાહિત્યની સેવા બંને સિદ્ધ કરનાર નરસિંહરાવ જ છે. તેમના સ્વભાવમાં અમુક પ્રકારની ઉગ્રતા હતી, કડક સ્પષ્ટવક્તાપણું હતું, અત્યંત આત્મવિશ્વાસ હતો, અને કાંઈક અહંતા પણ હતી, એટલે અવલોકનો સ્વચ્છ અને નિર્મળ રહી શક્યાં નથી. પણ તેથી તેમની અવલોકનશક્તિની ઉચ્ચ કોટિ સ્વીકાર્યા વગર ચાલે નહિ. કેટલાક પ્રસંગસૂચિત નિબંધો પણ તેમણે લખ્યા છે. તેમના ગદ્ય લેખો 'મનોમુકુર' એવા નામથી ચાર ભાગમાં પ્રગટ પણ થયા છે.

અવલોકનકાર કરતાં પણ ભાષાશાસ્ત્રના અભ્યાસી તરીકેની નરસિંહરાવની શક્તિ અને નરસિંહરાવની સેવા ગુજરાતને બહુ ઉપકારક નીવડ્યાં છે. નવી કવિતાના તે જેમ પિતા છે તેમજ ભાષાશાસ્ત્રના અભ્યાસના પણ લગભગ પ્રથમ પંડિત જ છે. વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રીએ થોડું સંગીન કામ કરેલું છે ખરું, પરંતુ નરસિંહરાવનાં વ્યાખ્યાનોથી ભાષાશાસ્ત્રના અભ્યાસને મળેલી પ્રેરણા બહુ વ્યાપક અને બહુ અસરકારક થશે એમ ચોક્કસ છે. તે વ્યાખ્યાનો અંગ્રેજીમાં અપાયાં હતાં. એ ગ્રંથોમાંના એકનું ભાષાંતર મુંબઈની ફારબસ સભાએ પ્રગટ કરી, ગુજરાતી વાચકોની સારી સેવા બજાવી છે.

કેશવલાલ ધ્રુવ

ભાષાશાસ્ત્રના બીજા અભ્યાસી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ મૂંગા અને શાંત કામ કરનારા હતા. જૂના સાહિત્યના પ્રકાશનમાં જે ધીરજ, ઉદ્યોગ, કુશળતા અને કળા જોઈએ, તે કેશવલાલમાં સારા પ્રમાણમાં અને ઊંચા પ્રકારનાં હતાં. સંસ્કૃતમાંથી ભાષાંતર કરવામાં પણ તેમણે અજબ શક્તિ બતાવી છે. ભાષાંતરકારમાં પણ કવિત્વ અને સર્જકબુદ્ધિ જરૂરનાં છે એ તેમનાં ભાષાંતરો પરથી આપણા જાણવામાં આવે છે. 'મુદ્રા રાક્ષસ,' 'ગીતગોવિંદ,' 'વિક્રમોર્વશી'ના તથા 'શ્રીહર્ષ' અને 'ભાસ'નાં કેટલાંક નાટકોના ભાષાંતરકાર તરીકે તેમની સેવા બહુ ઉત્કૃષ્ટ પ્રતિની છે. ભાલણની 'કાદંબરી' પ્રગટ કરવામાં અને પદ્મનાભના 'કહાનડદે પ્રબંધ'નાં પ્રકાશનમાં કેશવલાલે જ સઘળો શ્રમ લીધેલો છે. અત્યંત માયાળુ, દોષરૂપ ગણાય તેટલી બધી નિરભિમાન વૃત્તિ, ઠંડો, નરમ, સદ્ભાવપૂર્ણ સ્વભાવ અને સાહિત્યના કામમાં અશ્રાંત ઉદ્યોગ વગેરે ગુણોથી કેશવલાલ બહુ માન્ય અને પ્રિય બની રહ્યા હતા.

રમણભાઈ મહીપતરામ

રમણભાઈ મહીપતરામની સાહિત્યસેવા વિવિધ પ્રકારની હોવા છતાં તે ખાસ તો હાસ્યરસના પ્રથમ લેખક તરીકે જ પંકાયા છે. 'ભદ્રંભદ્ર'માંનો કટાક્ષ અંતભાગમાં વ્યક્તિગત તથા જરા અતિ તીવ્ર થઈ ગયો છે. છતાં સમકાલીન સમાજના એક કટાક્ષ તરીકે તે પુસ્તક હંમેશાં યાદગાર રહેશે. 'હાસ્યમંદિર,' 'નવી ઈસપ નીતિ' વગેરેમાંના લેખોમાં તેમની વિકૃત પરિસ્થિતિમાંથી હાસ્ય ઉપજાવવાની કળા સારી પેઠે ખીલી નીકળી છે. તત્કાલોપયોગી ચર્ચા કરવામાં અને વ્યાખ્યાનો અને લેખો

દ્વારા માહિતીપૂર્ણ સાહિત્ય રજૂ કરવામાં પણ રમણભાઈ સારો શ્રમ લેતા હતા. ‘કુસુમમાળા’માંનું કાવ્યતત્ત્વ કેવું સુંદર અને ઉચ્ચ છે એ બતાવી રમણભાઈએ સમકાલીન અભિપ્રાયને ઘડવામાં સારી મદદ કરી હતી. કાવ્યશાસ્ત્રની ચર્ચા ગુજરાતીમાં શરૂ કરનાર રમણભાઈ હતા. આ બધા ઉપરાંત તેમણે થોડી છૂટક કવિતાઓ તથા એક નાટક પણ લખ્યું છે. કવિતાઓ સીધા ઉદ્‌ગાર, સાદા વિચાર અને આછા કવિત્વથી સુવાચ્ય બની છે, અને નાટક તો ગુજરાતી સ્વતંત્ર નાટકોમાં બહુ ઊંચું સ્થાન ભોગવે છે. ‘રાઈનો પર્વત’ પાત્રવિકાસમાં, પ્રસંગોની કુશળતાભરી યોજનામાં, ભાષા અને વિચારની સૌંદર્યભરી સરળતામાં, કાવ્ય અને સંવાદમાં આવેલી સફળતાભરી ચારુતામાં અને એકંદરે નાટ્યસંયોજનમાં સચવાયેલી યોગ્યતામાં સારામાં સારું કળાવિધાન સાચવી શકેલ હોવાથી ગુજરાતીમાં સારામાં સારાં પાંચસાત નાટકોમાંનું એક સફળ નાટક છે.

રમણભાઈની લોકસેવા એટલા મોટા ક્ષેત્રમાં પ્રસરેલી હતી કે તે સાહિત્યસેવામાં આટલું કામ કરી શક્યા એ અચંબો પમાડે તેવી બીના છે. સ્વભાવે પરગજુ અને માયાળુ, તદ્દન સાદા અને સરળ હોવાથી; તેમનો સમય રોકનારા લોકોનો પાર જ નહોતો. અનેક બાજુથી ખૂબ ખેંચાખેંચ થતી હોવા છતાં રમણભાઈ ગંભીરતા અને શાંતિની સાથે સમયસૂચકતાથી અને સુવ્યવસ્થાથી લગભગ બધાને જ ઉપયોગી થતા, બધાને પોતાની સેવાનો લાભ આપતા.

તેમનાં સઘળાં લખાણોના સંગ્રહ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ બહાર પાડ્યા છે, એટલે અભ્યાસીઓ માટે સારી અનુકૂળતા થઈ છે.

આ સમયમાં સાહિત્યની સેવા કરનારા બીજા નાનામોટા અનેક કાર્યકરો થયા છે. વિધવિધ વિષયનાં પુસ્તકો પણ ઠીક લખાયાં છે. તે બધાંમાંથી અહીં તો માત્ર 'કાદંબરી'ની નોંધ જ બસ થશે. કાદંબરી સંસ્કૃત સાહિત્યમાં સમાસપ્રચુર અને પ્રલંબિની શૈલીનું એક સારામાં સારું પુસ્તક છે. અન્ય ભાષામાં તેનો તરજુમો કરવો એ બહુ મુશ્કેલ છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં છગનલાલ હરિલાલ પંડ્યાએ સારી સફળતા મેળવી છે. ભાષાંતર અત્યંત સુંદર થયું છે એટલું જ નહિ, પણ તે ભાષાંતરથી ભાષાનું નવીન પ્રકારનું સ્વરૂપ પ્રગટ થયું છે. નર્મદ, દલપત અને નવલરામના ગદ્યનું જે સ્વરૂપ હતું તેથી સરસ્વતીચંદ્ર અને નરસિંહરાવના ગદ્યનું સ્વરૂપ સારી પેઠે બદલાઈ ગયું છે. ગદ્યવિકાસના આ ક્રમમાં કાદમ્બરી ખૂબ મદદરૂપ થઈ છે. તે જ પ્રકારની મદદ ભોળાનાથ સારાભાઈની 'ઈશ્વરપ્રાર્થના માળા'એ પણ કરી હશે. ભાષાનો આ વિકાસ ધ્યાન ખેંચે તેવો છે.

યુનિવર્સિટીની પદવી લઇ, ઉચ્ચ જ્ઞાન મેળવી, તેનો પ્રચાર કરી ગુજરાતી સાહિત્યની સેવા કરનારા બીજા પણ થયા છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવ (ઇ. સ. ૧૮૫૬–૧૮૯૬), આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (ઈ. સ. ૧૮૬૯–૧૯૪૨), ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી (ઇ. સ. ૧૮૭૨–૧૯૨૬), નર્મદાશંકર દેવશંકર મહેતા(ઇ. સ. ૧૮૭૧ થી ૧૯૩૫),કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જન્મ (ઈ. સ. ૧૮૬૮) એ બધાએ વિદ્વત્તાથી અને સાહિત્યસેવાથી ગુજરાતને સારો લાભ આપ્યો છે. હરિલાલ ધ્રુવે કવિતા કરી છે, પણ કવિતા કરવા કરતાં પણ જુવાન કવિઓને ઉત્તેજન આપવાનું તેમનું કામ સાહિત્યસેવામાં વધારે ઉપયોગી થયેલું છે. 'ચંદ્ર' નામના માસિક દ્વારા નવીન કવિઓને ઉત્તેજન અને પ્રખ્યાતિ આપવાનું કામ

તે બહુ ઉદાર ભાવથી કરતા, અને તેથી નવા કવિઓને ઉત્પન્ન કરવામાં આડકતરી રીતે સાધનરૂપ બન્યા હતા.

આનંદશંકરની પ્રખર અજોડ વિદ્વત્તા અને અથાક ઉદ્યોગને લીધે ગુજરાતી સાહિત્યને ખૂબ લાભ મળ્યો છે. 'વસંત' માસિક દ્વારા લેખો, સામાયિક ચર્ચા અને ઉત્કૃષ્ટ સમીક્ષા કરી, અગાધ વાચનનો અને ઊંડી તત્ત્વગ્રાહી શક્તિનો ગુજરાતને ખૂબ લાભ આપ્યો છે. આપણાં દર્શનોનો સરળ પરિચય, શુદ્ધ સાહિત્યની પ્રતિભા અને પ્રભાવભરી સમાલોચના, અને દેશીવિદેશી વિચારોની મુકાબલાભરી સુંદર માહિતી ઉપરાંત અનેક તાત્ત્વિક અને સાહિત્યગૌરવભર્યાં લખાણથી 'આપણો ધર્મ' ગુજરાતી સાહિત્યમાં જમાનાઓ સુધી અદ્વિતીય ગ્રંથ ગણાયા કરશે. 'નીતિશિક્ષણ,' 'ધર્મવર્ણન,' 'શ્રીભાષ્ય' વગેરે જુદા જુદા પ્રકારનાં અનેક પુસ્તકો અને લેખોથી તેમણે ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે.

ઉત્તમલાલ ત્રિવેદીની વૃત્તિ કમભાગ્યે બીજી દિશામાં આકર્ષાઇ, એટલે તે સાહિત્યમાં ઘણું થોડું કરી શક્યા. સ્થિર, ગંભીર વિચારક, સમતુલા સાચવી દરેક પ્રશ્નનો નિર્ણય કરવાની અજબ શક્તિ ધરાવનાર, નિષ્પક્ષપાત ચિંતન અને સ્પષ્ટ વિચારપ્રદર્શન માટે ઊંચામાં ઊંચી લાયકાતવાળા ઉત્તમલાલ સ્વસ્થ, શાંત, એકનિષ્ઠ કાર્યકર હતા. તિલકની ગીતાનું ગુજરાતીમાં તેમણે ભાષાંતર કર્યું છે. તે ભાષાંતર એવું તો સુંદર અને યથાયોગ્ય થયું છે કે એ એક જ કૃતિથી ઉત્તમલાલને ઉત્કૃષ્ટ પ્રતિના સાક્ષરનો જશ પ્રાપ્ત થયો છે. તેમણે બીજાં બે ત્રણ પુસ્તકો લખ્યાં છે. પણ તે તો ભૂલાઈ જવાયાં છે. 'સમાલોચક'માં તથા 'વસંત'માં આવેલા તેમના લેખોનો સંગ્રહ થવાની બહુ જરૂર છે.

નર્મદાશંકર દેવશંકર મહેતા શક્તિશાળી અને સંસ્કારપુનિત હોવા છતાં તેમનું જીવન બીજી રીતે વ્યવસાયી હતું. એટલે તે સાહિત્યસેવા થોડી જ કરી શક્યા છે. સાહિત્યમાં 'અખાનું જીવન,' 'તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ,' 'શાક્તસંપ્રદાય' વગેરે લખીને કાંઈ કાંઈ ઉપયોગી સેવા કરી ગયા છે, પરંતુ તેમની શક્તિના પ્રમાણમાં તે સાહિત્યને ઉચિત લાભ આપી શકયા નથી.

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ફારસી અને બંગાળીના સારા પંડિત છે અને તે તે ભાષામાંથી બબ્બે ચચ્ચાર સારાં પુસ્તકોનાં ભાષાંતર કરી ગુજરાતી સાહિત્યને સારો લાભ આપ્યો છે. ગુજરાતી સાહિત્યની પિછાન કરાવનારાં બે પુસ્તક તેમણે અંગ્રેજીમાં લખ્યાં છે—જે બન્નેનાં ગુજરાતીમાં ભાષાંતર થયાં છે. ગુજરાતી સાહિત્યનું, ગુજરાતી સમાજનું અને ઇતર પ્રકારનું જાહેર કામ કરવામાં હમેશાં તત્પરતા બતાવી, એકનિષ્ઠાથી અને શુભ વૃત્તિથી બધાં કામમાં સહકાર આપી તેમણે ખૂબ યશ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં છે.

મુંબઈની યુનિવર્સિટી સ્થપાયા પછી તુર્તમાં શિક્ષણનો લાભ મેળવી તેનો લાભ ગુજરાતને આપનારા આ બધા વિદ્વાનોએ ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી સમાજની ઊંચી સેવા બજાવી છે.

યુનિવર્સિટીના પદવીધરો જે ઊંચું સાહિત્ય આપી રહ્યા હતા તે ઘણેભાગે શહેરવાસી ભદ્ર લોકોમાંના શિક્ષિત વર્ગમાં જ પ્રચાર પામતું હતું. શહેરની અલ્પશિક્ષિત જનતા અને ગામડાંમાં વસતા વિશાળ જનસમુદાયને તે સાહિત્ય સ્પર્શ પણ કરી શકતું નહોતું. તે વર્ગને ઉપયોગી થાય તેવું સાહિત્ય પણ ઠીક ઠીક લખાયું છે. સામાન્ય અલ્પશિક્ષિત જનતાને

અસર કરે અને તેને સુધારવા મદદરૂપ થાય તેવું ઉપદેશક અને ઉપકારક સાહિત્ય રચનારાઓમાં શ્રીમત્ નૃસિંહાચાર્ય (ઈ. સ. ૧૮૫૪–૧૮૯૭), નારાયણ હેમચંદ્ર (ઈ. સ. ૧૮૫૫–૧૯૦૪), અમૃતલાલ પઢિયાર (ઈ. સ. ૧૮૭૦–૧૯૧૯), ઇચ્છારામ સૂર્યરામ (ઇ. સ. ૧૮૫૭–૧૯૧૨), ખાસ નોંધ લેવા લાયક છે. શ્રીમત્ નૃસિંહાચાર્યના 'ભામિનીભૂષણ'ના ભાગો, અમૃતલાલ પઢિયારનાં 'સ્વર્ગ'નાં પુસ્તકો, ઇચ્છારામ સૂર્યરામ પ્રકાશિત 'ચંદ્રકાંત', અને નારાયણ હેમચંદ્રનાં સંખ્યાબંધ પુસ્તકોએ જનસમુદાયને જ્ઞાન અને ઉપદેશની લહાણી કરવાનું બહુ સુંદર કામ બજાવ્યું છે.

પ્રકરણ ૬ : નવી કવિતા

ગોવર્દ્ધનરામ, મણિલાલ, રમણભાઈ એ બધાએ કવિતાઓ લખી છે અને તે બધી જ યુગપરિવર્તનના રંગથી રંગાયેલી છે, છતાં નવા યુગની કવિતા પર અસર કરી શકે તેવું સત્ત્વ તેમની કવિતામાં નહોતું. ગુજરાતી કવિતાને નવો અવતાર આપનાર અને નવ ગુજરાતને નવીનતાથી આકર્ષનાર અને અસર કરનાર તો નરસિંહરાવની કવિતા જ હતી. તેમની કવિતા સંખ્યામાં થોડી હોવા છતાં, તેની છાપ અને તેની અસર નવા યુગમાં પુષ્કળ થયેલ છે. મણિશંકર રત્નજી ભટ્ટ, બળવંતરાય ઠાકોર, હરિલાલ હર્ષદરાય ધ્રુવ જેવાને પણ પ્રેરણા અને પ્રકાશ નરસિંહ-રાવ તરફથી મળેલાં હતાં; મણિલાલ નભુભાઇ કે મસ્ત કવિ બાલાશંકર ઉલ્લાસરામ જેવાને અસર થવા માટે તો અવકાશ નહોતો. પણ ૧૮૯૦–૧૮૯૫ માં અને તે પછી થયેલા કલાપી, બોટાદકર, ખબરદાર, લલિત એ બધા પર મુખ્યત્વે નરસિંહરાવની અસર થયેલી દેખી શકાય છે. ગોવર્દ્ધનરામ મણિલાલની કાંઈક અસર કોઇ કોઇમાં માલૂમ પડે છે, પણ સમગ્રરૂપે બોલતાં નવી કવિતાના સર્જક અને પ્રેરક તો નરસિંહરાવ જ હતા.

નરસિંહરાવથી મળેલો નવો અવતાર કાંઇ સદાસર્વદા તો ટકી રહે જ નહિ. સાહિત્યમાત્ર અને તેમાં કવિતા ખાસ યુગે-યુગે દેહ બદલ્યા કરે છે. નરસિંહ–મીરાં વખતની કવિતા તે આપણી કવિતાનો જૂનામાં જૂનો અવતાર. તે પછી પ્રેમાનંદ,

અખો, શામળ, પ્રીતમદાસ, દયારામ, નર્મદ, દલપત, નવલરામ એ બધાએ કાવ્યદેહનાં સ્વરૂપાન્તર કરવામાં ભાગ લીધો છે. આ બધા પછી નરસિંહરાવે ગુજરાતી કવિતાને નવો અવતાર આપ્યો. નરસિંહરાવ પછી પણ વધારે સુંદર, વધારે આકર્ષક, વધારે અલંકૃત અને વધારે હૃદયંગમ સ્વરૂપ ન્હાનાલાલ કવિએ આપ્યું.

મણિશંકર રત્નજી ભટ્ટ

નરસિંહરાવની પ્રથમ પ્રસાદી મળ્યા પછી તેના જ સમયમાં અને ન્હાનાલાલ કવિ તરીકે પ્રખ્યાતિ પામ્યા તે પહેલાં ત્રણ ચારેક સમર્થ લેખકોનો લાભ ગુજરાતને મળેલો છે. મણિ-શંકર રત્નજી ભટ્ટે (ઇ. સ. ૧૮૬૭–૧૯૨૩) લઘુ કાવ્યના નવીન પ્રતિના પ્રકારમાં કળાવિધાનનું ઊંચું કૌશલ્ય બતાવ્યું. કલ્પના અને ભાવનર્તનમાં ચમત્કારી અસર કરવાની નવી જ જાતની આવડત પ્રગટ કરી, મનોવિકારનાં કંપોત્કંપભર્યાં આંદોલનોના ઝણઝણાટની છાપ ઉપજાવવાની, અને કવિત્વમય વાતાવરણ ફેલાવી દેવાની કળાપૂર્ણ હોંશિયારી બતાવી, થોડી પણ એટલી સરસ કવિતાઓ આપી છે કે ચાળીસપચાસ કવિતાના લેખક હોવા છતાં ગુજરાતી સાહિત્યમાં તે અમરતા મેળવી ચૂક્યા છે. ‘વસંત વિજય’ અને ‘ચક્રવાક મિથુન’ ગુજરાતી કવિતામાં ઊંચો આનંદ આપતાં છંદ, ભાષા, અલંકાર અને રચનાસૌંદર્યથી શોભતાં ઉત્તમ કાવ્યો છે.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

તેવા જ બીજા લખનાર બળવંતરાય ઠાકોર (જન્મ ઈ. સ. ૧૮૬૯) પણ ‘આરોહણ’, ‘ખેતી’, અને કેટલાંક સુંદર સોનેટોના લખનારા પંડિત કવિ તરીકે સારો સત્કાર પામ્યા છે.

બળવંતરાયમાં ભાવ અને કલ્પનામાં કોમળતા કે કમનીયતા કરતાં પાંડિત્ય અને બુદ્ધિવૈભવ વધારે છે, એટલે તેમની કવિતા, કેટલીક અત્યંત સુંદર હોવા છતાં, એકંદરે બહુ લોકપ્રિયતા પામી શકતી નથી. વિદ્વત્પ્રિય તો તે અવશ્ય છે. તેમણે અપનાવેલો પૃથ્વીછંદ અનુયાયી જુવાન કાવ્યલેખકોમાં સારો સ્વીકાર પામ્યો છે. નવા પ્રયોગો કરવાની ભવિષ્યદૃષ્ટિ બળવંતરાયની કીર્તિમાં વધારો કરનારી બાબત છે.

કલાપી

ગુજરાતને કાવ્યપ્રેમી અને કાવ્યપ્રશંસક બનાવનાર કલાપી-એ (ઇ. સ. ૧૮૭૪ થી ૧૯૦૦), નરસિંહરાવ અને ન્હાનાલાલ એ બેની વચ્ચેના ગાળામાં કવિ તરીકે સારો યશ મેળવ્યો છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવે થોડી કવિતાઓ કરી છે, પણ તે તો ભૂલાઈ જતી લાગે છે. વેચાતી ન મળે, અને વાચન માટે સુલભ ન હોય, તો તેવી કવિતાઓ સહેજે વિસરાઇ જાય. 'કુંજવિહાર' નામથી બહાર પડેલા તેના કાવ્યસંગ્રહમાં દેશોન્નતિ માટેની, દશાવતારની, અને કેટલીક વર્ણનાત્મક કવિતા અભ્યાસ કરવા લાયક છે. યુરોપના પ્રવાસ પછી લખેલી 'યુરોપપ્રવાસપુષ્પાંજલિ' પણ કાવ્યભંડારમાં ગણનાયોગ્ય છે. છતાં તે બધી હમણાં વિસારે પડી છે. કવિતાઓ વિસરાય તો ભલે, પણ હરિલાલે નવા ઊછરતા કવિઓને ઉત્તેજન અને પ્રકાશન આપવાનું જે કામ કર્યું હતું તે તો ભૂલાવું ન જોઇએ. 'ચંદ્ર' નામના માસિકદ્વારા કલાપી, બોટાદકર, લલિત, જટિલ, ત્રિભુવન પ્રેમશંકર અને બીજા ઘણા ઘણા લેખકોને ઉત્તેજન મળ્યું હતું. કલાપીને, 'કેકારવ' બહાર પડ્યા પહેલાં, કવિ તરીકે જાણીતા કરવામાં 'ચંદ્ર'નો હિસ્સો ઘણો મોટો હતો. કલાપીએ

યુનિવર્સિટીનું શિક્ષણ લીધેલું નહોતું, પણ તેનું અંગ્રેજી વાચન અને જ્ઞાન વિશાળ હતું, કાવ્યસાહિત્ય સાથે પરિચય સારો હતો. મણિલાલ નભુભાઈ, હરિલાલ હર્ષદરાય ધ્રુવ અને મણિશંકર રત્નજી ભટ્ટ એ ત્રણની કલાપી ઉપર સારી અસર હતી. કલાપીનું હૃદય બહુ લાગણીવાળું હતું, સ્વભાવ બીજાની ચિંતા કરનારો હતો, વિરલ પ્રતિના અનુભવો થાય તેવું જીવન હતું; ઉગ્રતા અને નરમાશના વિચિત્ર સંમિશ્રણવાળી પ્રકૃતિ હતી; ભાવમાં જેવી કોમળતા હતી, તેવી જ ભાષામાં પણ તે લાવી શક્યા હતા. નિત્યજીવનની નાની નાની અનેક બાબતોને કવિતામાં એવી સફળતાથી ઉતારી શક્યા છે કે વાચક એકદમ જ મુગ્ધ થઈ જાય. ભાષાના માધુર્ય સાથે છંદના પ્રવાહી સૌંદર્યનો સરસ સુમેળ કરી શકતા એટલે તેમનાં કાવ્યો વાચકોની જીભ પર અને સ્મૃતિ પર એકદમ વસી જતાં. સામાન્ય વાચકને તેમનાં કાવ્યો ગમી જતાં એટલું જ નહિ, પણ સાહિત્યના રસિક જાણકાર અને વિદ્વાન પંડિતોને પણ રુચિકર બનતાં. કન્યા અને ક્રૌંચ, વીણાનો મૃગ, મહાત્મા મૂળદાસ, આપની યાદી, તુલસી વગેરે સંખ્યાબંધ કાવ્યોવાળો 'કેકારવ' ગુજરાતી સાહિત્યમાં હંમેશાં મધુરા ટહુકા પૂર્યા કરશે એ નિર્વિવાદ છે. ('તુળસી' કાવ્યનું નામ કેકારવમાં 'બિલ્વમંગળ' રાખવામાં આવ્યું છે, અને તે ફેરફારને લીધે કાવ્યમાંની કેટલીક લીટીઓ પણ બદલવી પડી છે. તે કાવ્ય કલાપીએ પોતે 'તુળસી' નામથી જ છપાવ્યું હતું— નામફેર અને આનુષંગિક શબ્દફેર કરવાથી કાવ્યનો અસલ ભાવ અને શ્રદ્ધાપૂરનું અસલ જોમ ઘટી જાય છે એટલું જ નહિ, પણ કલાપીના કલાપીત્વનો પણ-હ્રાસ થતો જણાય છે. આ નામફેર અને પાઠફેર કોણે અને શા માટે કર્યો હશે એ પ્રશ્ન હજી સુધી કોઈએ ઉપાડ્યો નથી. ('કાવ્યમાધુર્ય'માં તે

કાવ્ય અસલ સ્વરૂપમાં જ છપાયું છે એ વાચકની જાણ માટે નોંધવું જરૂરનું છે).

ન્હાનાલાલ

નરસિંહરાવે ગુજરાતી કવિતાને નવું સ્વરૂપ, નવો દેહ આપ્યાં. કલાપીએ મધુરા ઝંકાર કરતા પ્રવાહી છંદોમાં, લાગણીના મૃદુતાભર્યાં કંપોત્કંપનાં અને હર્ષશોકના પ્રસંગોનાં ભાવભર્યાં વર્ણન કરી કવિતાને લોકપ્રિય બનાવી. ત્યાર પછીના આપણા નવા કવિ ન્હાનાલાલે (જન્મ ઇ. સ. ૧૮૭૭) ગુજરાતી કવિતાના સમગ્ર સ્વરૂપને મનોહર બનાવી દીધું. તેમણે સમજાવ્યું કે કવિતા એટલે કલ્પના; કવિતાની ભાષા એટલે સામાન્ય ભાષાથી જુદી પડતી ભાષા—અર્થઘન, પ્રકાશપૂર્ણ, માધુર્ય અને પ્રસાદ ભરેલી: શબ્દભંડારની સમૃદ્ધિ દાખવતી. કવિતા લખવી એટલે એક કાવ્ય આજે અને બીજું બીજે વરસે લખીએ તોય ચાલે એવું ગુજરાતી કવિલેખકો સમાધાનીથી સ્વીકારી લેતા. કલાપી સિવાય બીજા લેખકોમાં મંદતા સારી પેઠે માલૂમ પડે છે—પછી તે અવકાશને અભાવે હોય, ઊભરાને અભાવે હોય કે પ્રસંગો અને કારણોને પ્રભાવે હોય. આ બધાથી ન્હાનાલાલનો લેખપ્રવાહ વધારે વિપુલ અને વધારે વેગવાળો છે.

પ્રેમ અને લગ્નના ઊંચા આદર્શ ન્હાનાલાલની કવિતાનો જાણે પ્રધાન સૂર છે. ‘પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં’ એમ લખનારો કવિ, ‘મન માને તે વર, અને બીજા તે પર’ એવું સમજાવવામાં પણ શિથિલ નથી; લગ્ન એ કરાર નથી; લગ્ન એ ખાલી સંસ્કાર પણ નથી; દિવ્ય પ્રેરણાથી આકર્ષાતાં હૃદયોનું સમર્પણ એ લગ્ન છે. લગ્નની આ ઉન્નત અને પવિત્ર

ભાવના કવિતા દ્વારા ગુજરાતમાં લોકપરિચિત કરાવનાર ન્હાનાલાલને કોઈએ પ્રેમના પેગમ્બર કહ્યા છે એ વાજબી જ છે.

ન્હાનાલાલની કવિતામાં પ્રસાદ છે, પ્રકાશ છે, પ્રતિભા અને પ્રતાપ છે, છતાં તેમાં એક જાતની એકતાનતા–એકરૂપતા–પણ છે. વિષયોનું વૈવિધ્ય પુષ્કળ હોવા છતાં, લેખનધાટીમાં એવું ન્હાનાલાલત્વ વસી રહ્યું છે કે વાચકને રોચક અને આકર્ષક લાગે, છતાં એકતાનતા પણ જણાઇ જ આવે. ગામડાંના લોકોની વાત હોય કે અકબરશાહ—નૂરજહાંની વાત હોય, યોગી બોલતો હોય કે પારધી બોલતો હોય, સંઘમિત્રા હોય કે મહાભારત હોય; વિવિધ પ્રતિના વિષયો હોવા છતાં લેખનધાટી બધી જ એકરૂપિણી છે. ન્હાનાલાલે છંદમાં ખૂબ સ્વતંત્રતા લઇ, સરવાળા બાદબાકી દાખલ કર્યાં છે એ તો સમજી, નિભાવી શકાય તેવું છે—કોઈ કોઈ ફેરફાર તો અનુકૂળ જ નહિ, પણ મોહક છે એટલે અનુકરણીય બન્યા છે. પણ તેમની ડોલનશલી કોઈ સમજી, સ્વીકારી, અપનાવી શક્યું નથી. ન્હાનાલાલને પોતાને હાથે તો તે સફળતા મેળવી શકી છે; પણ તેમાં કોઇ નિયમ કે માપ નહિ હોઇ, બીજા લેખકો તેને ઉપયોગમાં લઈ શકતા નથી. મણિશંકર રત્નજી ભટ્ટ જેવાએ પણ પ્રયોગ કરી જોયો હતો, પણ ફાવ્યા નહોતા. ન્હાનાલાલના લખાણુમાં જે નૈસર્ગિક સત્ત્વ અને સ્વાભાવિક ડોલન આવી રહે છે તે બીજા કોઇને સિદ્ધ થઈ શક્યું નથી. ડોલનશૈલી ન્હાનાલાલના એકલાની જ વિશિષ્ટતા રહી છે.

અલંકારની પુરાણી શાસ્ત્રોક્ત પ્રણાલિકામાં નવી રીતો ન્હાનાલાલે દાખલ કરી છે. તેમની કલ્પના અલંકારપરંપરાનાં મોજાં એવાં ઉપરા ઉપરી અને એવા વેગથી ઉત્પન્ન કર્યાં કરે છે કે એકને

શબ્દમય બનાવે ત્યાં બીજો ત્રીજો એમ અલંકાર ઘસારાપૂર્વક બહાર નીકળવા ઉછાળા મારી રહે છે. કેટલીક વાર તો આ ધમાલને પરિણામે એકબીજાનું વિસ્મરણ કે સંમિશ્રણ અજબ ગોટાળો ઉત્પન્ન કરે છે. કવિત્વની ઊંચી બક્ષિસ પામેલા કોઈ કોઈ ઉત્તમ કવિમાં માલૂમ પડતી આવી અસ્પષ્ટતા ઘણી વાર આહ્લાદક બને છે–પૂરેપૂરી રીતે સમજાય નહિ અને સમજાવી શકાય પણ નહિ, છતાં વાંચનારને વાચનમાં જ આનંદનો અનુભવ થયા કરે છે.

ન્હાનાલાલની કાવ્યસૃષ્ટિની નવીનતા દરેકે દરેક કૃતિમાં એક કે બીજે રૂપે દૃષ્ટિગોચર થયા જ કરે છે. 'વસન્તોત્સવ' અને 'જયા જયન્ત,' 'ઇન્દુકુમાર' અને 'મહાભારત,' 'નૂરજહાં' અને 'અકબરશાહ,' 'વિશ્વગીતા' અને 'સારથિ' તથા 'કેટલાંક કાવ્યો'માંનાં કેટલાંક કાવ્યો ગુજરાતી કાવ્યદેહને નવીન અવતાર આપી ખૂબ સુંદર, આકર્ષક અને મનોરંજક બનાવનાર ન્હાનાલાલે સાહિત્યના સર્જનમાં વિશિષ્ટ નામના મેળવી છે.

અનેક વિશિષ્ટતાઓમાં તેમનાં ગીતો એક ઓર વધારો કરે છે. હૃદયને આર્દ્ર બનાવી, ભાવોનો ઉલ્લાસમય થનગનાટ જગાવી, મગજને સુપ્રસન્ન કરી, ન્હાનાલાલનાં ગીતો શબ્દમાધુર્ય, લયમાધુર્ય, અને તાલમાધુર્યથી ઊંચા આનંદનો અનુભવ આપે છે. ગીતોમાં અપ્રયત્ન કળાવિધાન એવું સ્વાભાવિક રીતે જ આવી રહે છે કે સાંભળતાં વેંત જ અંતરમાં વસી જઇ, પરમ સાહિત્યાનંદનો વરસાદ અનન્ત ધારાથી વર્ષાવ્યા કરે છે. નરસિંહનાં પ્રભાતિયાં, મીરાંનાં ભજનો અને દયારામની ગરબીની પેઠે ન્હાનાલાલનાં ગીતો પણ અજબ નૈસર્ગિક શક્તિની અનુપમ કૃતિઓ છે.

ખબરદાર

ન્હાનાલાલના સમકાલીન કવિલેખકોમાં ખબરદાર (જન્મ ઇ. સં. ૧૮૮૨) ખૂબ માન અને પ્રતિષ્ઠા પામ્યા છે. તેમનો કાવ્યપ્રવાહ અખૂટ ઝરણાની પેઠે અસ્ખલિત વહ્યા જ કર્યો છે. ખબરદારની સર્જકશક્તિ વાતાવરણને બહુ સફળ રીતે અને ત્વરાથી ઝીલી શકે છે, એટલે ખબરદારની સાહિત્યકૃતિનાં રૂપ-રંગ વાતાવરણ પ્રમાણે પલટાતાં રહ્યાં છે. દલપતરામની અસરથી રંગાયેલા હતા ત્યારે 'કાવ્યરસિકા,' નરસિંહરાવની અસરથી અંકિત થવા લાગ્યા ત્યારે 'વિલાસિકા,' દેશમાં સ્વરાજ્ય અને રાષ્ટ્રીયતાના ખ્યાલો પ્રસરી રહ્યા ત્યારે 'ભારતનો ટંકાર,' રાસનો જમાનો આવ્યો ત્યારે 'રાસચંદ્રિકા:' આમ સમય સમયના વાતાવરણને ઝીલી, તેના રંગથી રંગાઈ, સાહિત્યસર્જન કરવા તે હંમેશાં ઉદ્યુક્ત રહ્યા છે. સાહિત્યની સૃષ્ટિમાં જે કાંઈ 'ગુણગૌરવવંતુ' દૃષ્ટિગોચર થાય, તેનાથી મુગ્ધ થઈ તેના ગુણોને અપનાવી, તે ગુણોને પોતાની કૃતિમાં વણી દેવાની કુશળતા ખબરદારની કૃતિને નવનવીન અને મનોરંજક બનાવે છે. પરંતુ તે મનોહરતા કેટલો વખત રસદાયી રહેશે એ તો ભવિષ્ય જ કહી શકે. ખબરદારમાં સામાન્ય સત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોવા છતાં, બુદ્ધિ અને કલ્પના, કવિત્વ અને આદર્શ, રસની સમજ અને ભાવના ઉમળકા, વગેરે સાધારણ પ્રતિનાં જ છે એટલે તેમની બધી કૃતિઓ સાહિત્યનિધિનાં અમૂલ્ય રત્ન તરીકે ભાગ્યે જ ગણાશે. 'ગુણવંતી ગુજરાત' જેવાં થોડાં કાવ્યો અમર કીર્તિ અવશ્ય ભોગવશે. અલબત્ત, યુગવિજયી તો તેમની બધી જ કૃતિઓ હતી. 'સંદેશિકા,' 'ભારતનો ટંકાર' જેવી કૃતિ અવશ્ય લાંબો વખત ટકશે; 'દર્શનિકા'ના વખાણનારા હાલ છે તેટલા રહેશે કે કેમ એ શંકા જેવું છે; સમકાલીન કીર્તિ પ્રાપ્ત કરવામાં તો ખબરદાર ઘણા જ ભાગ્યશાળી છે.

બોટાદકર

બોટાદકર અને લલિત એ બે બીજા કાવ્યલેખકો ખબરદાર કે ન્હાનાલાલ જેટલા વિપુલ પ્રવાહી ન હોવા છતાં તે બંનેએ ગુજરાતી સાહિત્યમાં સારો ફાળો આપ્યો છે. બોટાદકર (ઈ. સ. ૧૮૭૦–૧૯૨૪) અને લલિત (જન્મ ઇ. સ. ૧૮૭૭) બંને ગૃહજીવનના કવિ છે. બોટાદકરે દામ્પત્યપ્રેમ અને હિન્દુ સંસારનાં ઘરોમાં આદર્શરૂપ મનાયેલી સંપ અને સુખવર્ષી સ્થિતિનો સરસ ચિતાર આપ્યો છે. કુટુંબીજનના પરસ્પર સ્નેહભાવ કેવા સુખદ હોય છે, અને સ્વજનના સહવાસથી સંસાર કેવો સુખમય બને છે એ વિષેનાં કેટલાંક સુંદર કાવ્યો, અને વિશેષે કરીને, રાસો લખી બોટાદકરે ગૃહજીવનની ઊજળી બાજુ બતાવી, હિન્દુ સંસારના સુંદર આદર્શોને કાવ્યમય બનાવ્યા છે. બોટાદકર સંસ્કૃતના સારા પંડિત હતા અને તેથી કેટલીક વાર સંસ્કૃત શબ્દોનો વધારે પડતો ઉપયોગ કરી બેસે છે. કોઈક વાર તો આખી લીટી એક જ સમાસની બનેલી હોય છે. આવું છતાં તેમની ભાષા સૌથી સમજાય તેવી તથા વિચારો સર્વગમ્ય હોવાથી તેમનાં કાવ્યો એકદમ કંઠે રહી જાય છે. ભાવ અને પ્રસંગો સહુના અનુભવમાં એકદમ આવી જાય તેવા હોવાથી વાચકો સંપૂર્ણ આસ્વાદ લઈ શકે છે–અને કોઈવાર તદ્દન અજાણ્યો સંસ્કૃત શબ્દ આવી જાય છે તો પણ વાચક તેને વિનાસંકોચે નિભાવી લે છે.

'લલિત'—જન્મશંકર મહાશંકર બુચ

જીવનની શરૂઆતમાં દુઃખ અને પ્રતિકૂળ સંજોગોમાંથી પસાર થવું પડયું હતું એટલે તેમની કવિતા લખવાની શરૂઆત વિષાદ, ગ્લાનિ, અસંતોષ અને વિરાગી વૃત્તિથી થઈ હતી; પરંતુ હળવે હળવે વિષાદનાં વાદળાં દૂર થતાં ગયાં અને જીવનના આનંદનો અનુભવ થવા લાગ્યો તેમ તેમ કાવ્યકૃતિ-

માં પણ ફેર પડતો ગયો, અને સ્નેહી અને સ્વજનના સહવાસનો આનંદ તથા કુટુંબજીવનના લહાવા માટેના આદર્શ કવિતામાં લખાવા લાગ્યા. સ્ત્રીઓના ત્યાગભર્યા જીવનની પુરુષો પર કેવી અસર થાય છે, સ્ત્રીઓનો સહવાસ પુરુષોના જીવનને કેટલો ઉત્સાહપ્રેરક અને શાંતિદાયી થાય છે, સ્ત્રીઓ પ્રેમ અને સ્વાર્પણના કેવા સ્વર્ગીય આદર્શોને સેવનારી હોય છે, એ વિશે લખતાં લલિત હળવે હળવે, પણ મક્કમપણે, નારીપૂજા તરફ વલણ લે છે અને 'માતૃજ્યોતની જ્વલંત જ્વાલા' 'નારી તું નારાયણી,' 'સજાત જોડાં જાતભોગથી'—જેવી ઊંચી ભાવના ગુજરાત પાસે શ્રવણમધુર અને ભાવમધુર ગીતો દ્વારા રજૂ કરે છે. તેમનું લખેલું 'જન્મભૂમિનું જયમંગળ' તત્ત્વજ્ઞાનની અસરથી એકાદ કડીમાં જરાક ડહોળાઈ ગયેલું છે, છતાં સંભવ છે કે કોઈ વાર વંદેમાતરમની પેઠે પુનરુદ્ધાર અને પ્રતિષ્ઠા પામે-તેમાંનો એક વિચાર—'જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ' એ એક વખત ગુજરાતમાં ઠેકઠેકાણે ગવાઈ રહ્યો હતો.

આ બધા ૧૮૮૫ થી ૧૯૩૦-૩૫ સુધીના આપણા સમર્થ કવિઓ. રામમોહનરાય જશવંતરાય દેસાઈ (જન્મ ઈ. સ. ૧૮૭૩) ઉર્ફે 'સુમન્ત' વીશપચ્ચીશ જ કાવ્યોના લેખક હોવા છતાં આ જમાનામાં સમર્થ લેખક તરીકે ગણાતા આવ્યા છે-તેમનો કાવ્યસંગ્રહ-'તરંગાવલિ'-બહાર પડ્યો છે. બેચાર સુંદર કાવ્યો તેમણે લખ્યાં છે; પરંતુ જગત તો જથ્થાને જ દેખી શકે છે એટલે એવા નાના નાના સંગ્રહો ભૂલાઇ જ જવાય છે.

એવા જ એક બીજા કવિ—'વિધવા', 'કુમારિકા' એ બે નાનાં કાવ્યો તથા કેટલાંક રાષ્ટ્રીય ગીતોના લખનાર-વસન્ત વિનોદી-ચંદુલાલ મણિલાલ દેસાઈ પણ ભૂલાઈ જવાયા છે. તેમના જીવનમાં પલટો થઈ જવાથી સાહિત્યસેવા અટકી પડી—જોકે દેશસેવા તો ખૂબ કરી રહ્યા છે.

બીજા લેખકો

આ લેખકો ઉપરાંત અકેક બબ્બે સુંદર કાવ્યો લખી સાહિત્ય સમાજમાં સારું સ્થાન મેળવ્યું હોય એવા પણ કેટલાક લેખકો નોંધવા લાયક છે. 'ભૂલી પંથ ભમું દિનરાત, મને સંત બતાવોજી વાટ'ના લેખક કેશવ હ. શેઠ (જન્મ ઈ. સ. ૧૮૮૮) જેમણે ચારપાંચ કાવ્યસંગ્રહ અને બીજું પણ સાહિત્ય લખવાની સારી પ્રવૃત્તિ કરી છે તે, ગિરનારનાં વન અને ઋતુઓનાં વર્ણન નવીન છટાથી લખનાર અને રતનબા ગરબો તથા બીજાં કેટલાંક રાષ્ટ્રીય અને બાળગીતો લખનાર ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ (જન્મ ઈ. સ. ૧૮૯૮), 'એક જ દે ચિનગારી' ના લેખક હરિહર ભટ્ટ (જન્મ ઈ. સ. ૧૮૯૫)ના જેવા લેખકોનાં કાવ્યો ભૂલાઇ જવાશે તો ગુજરાતી કાવ્યસંગ્રહમાં ઊણપ જ રહી જશે.

સામાન્ય જનસમુદાયમાં પ્રિય બની જનારા, શેરીના ફેરિયા અને ગાનારામાં પ્રચલિત થયેલા, વેપારી મંડળમાં કે, ગાયનનો અને ગાવાનો શોખ ધરાવનારને રંજનકારક થઇ પડનારા કોઇ કોઇ લેખક બહુ લોકપ્રિય અને ધ્યાન ખેંચનારા બની રહે છે, છતાં તેવાઓની કશી નોંધ અહીં લેવામાં આવી નથી. 'મણિકાન્ત કાવ્યમાળા'ના લેખક એક એવા શેરીના શોખીનોમાં ખૂબ પ્રિય બન્યા હતા. આવી સહેલી સરળ કવિતાઓ સાહિત્યમાં સ્થાન પામે તેવી નથી હોતી, છતાં અલ્પશિક્ષિત સમાજમાં ઘડીભર ગાનાનંદ અને કાવ્યાનંદ આપી લોકપ્રિય બની રહે છે. શીઘ્રકવિતા, પાદપૂર્તિ, ઉખાણું, વગેરેમાં કોઈ કોઈ વાર સારું કવિત્વ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેવી વિગતો સાહિત્યના બૃહત્ ઇતિહાસમાં પણ નોંધ લેવા લાયક ગણવી કે કેમ એ પ્રશ્ન થઈ પડે; પ્રારંભિકામાં તો આટલો ઈસારો જ બસ છે.

પ્રકરણ ૭ : નવલકથા

વાર્તા સાંભળવી એ મનુષ્યસ્વભાવની આદિ પ્રકૃતિઓમાંની એક પ્રકૃતિ છે. ઘણા જૂના કાળથી નાનીમોટી વાર્તાઓ અને કથાઓ માનવી કહેતો આવ્યો છે. વાર્તાઓ અને કથાઓના સંગ્રહો થતા આવ્યા છે–કેટલીક વાર્તાઓ તો બહુ પ્રિય થયેલી હોવાથી જમાનાના જમાના સુધી પ્રચલિત રહી હોય છે. યાદ રાખવું સહેલું પડે અને કહેનાર સાંભળનારને ગમી જાય માટે શરૂઆતમાં વાર્તાઓ પદ્યમાં–કવિતામાં–કહેવાતી. પંચતંત્ર જેવી ગદ્યમાં કોઈ કોઈ જ હતી. દશકુમાર, કાદમ્બરી જેવી લાંબી વાર્તા પણ ગદ્યમાં છે, પણ ઘણું કરી બધું જૂનું સાહિત્ય પદ્યમાં છે તેમ વાર્તાઓ પણ પદ્યમાં જ લખાઈ છે. ગુજરાતીમાં પણ તેવું જ થયું છે–ઘણા જૂના કાળથી વાર્તાઓ કવિતામાં જ કહેવાઈ છે–છાપખાનાંનો જમાનો આવતાં સુધી તો સાહિત્યનું સઘળું લખાણ પદ્યમાં જ થતું–ગદ્ય લખાણ તો છાપખાનાં દાખલ થયાં ત્યારથી જ પ્રચારમાં આવ્યું. અંગ્રેજી પ્રજા સાથે સંબંધ જોડાયાથી દેશનાં સાહિત્ય, સમાજ અને એકંદર જીવન પર નવી નવી અસરો થવા લાગી હતી. તેના પરિણામે જે જે નવું સાહિત્ય ઉત્પન્ન થયું તેમાં વાર્તાઓ અને નવલકથાઓને પણ પ્રેરણા અને ઉત્તેજન મળ્યાં છે.

'કરણઘેલો'–ગુજરાતીની પહેલી સુંદર નવલકથા લખવાની પ્રેરણા એક અંગ્રેજ તરફથી જ મળી હતી. અંગ્રેજીમાં ઐતિ-

હાસિક નવલકથાઓ છે તેવી ગુજરાતીમાં લખવા નંદશંકરને એક અંગ્રેજ મિત્રે સૂચના કરી, તે પરથી કરણ વાઘેલાનો સમય પસંદ કરી કેટલાક આડવિષયોને પણ સમાવી, નંદશંકરે 'કરણઘેલો' એ નામ આપી એક નવલકથા લખી.

કરણઘેલામાં કેટલીક ચર્ચા અસ્થાને છે, ભૂતપ્રેતની વહેમભરી વાતો છે, ઐતિહાસિક હકીકતોમાં ભૂલો છે, તેમાં કળાવિધાન જેવું કાંઈ છે જ નહિ વગેરે દોષો છે એમ ટીકા કરવામાં આવે છે. નવલકથાનો આદર્શ નક્કી કરી, કરણઘેલાની પરીક્ષા કરવા બેસીએ ત્યારે તેમાં જે દોષો માલૂમ પડે તેને દોષો તરીકે સ્વીકારવા જરા પણ બાધ ન જ હોય. પરંતુ આપણે એ પણ યાદ રાખવું જોઇએ કે જ્યારે કરણઘેલો લખાયો ત્યારે નવલકથાના સ્વરૂપ વિષે આજનું ધોરણ કોઇના ખ્યાલમાં પણ નહોતું. તે પુસ્તક તે જાતનું પહેલું જ પુસ્તક હતું. તેમાં કેટલીક રસમય હકીકત સરળ, રસભરી ભાષામાં આપવામાં આવી હતી; સ્થળ, સમય અને પ્રસંગનાં કેટલાંક સુંદર વર્ણનો હતાં; જનસમુદાયમાં પ્રચાર પામેલી કેટલીક બાબતોની રસિક ચર્ચા હતી; વાર્તારસ અસ્ખલિત વહેતો હતો. કોઈ કોઈ જગાએ વિષયાંતર થઈ ગયેલું હોવા છતાં મૂળકથા માટે ઉત્કંઠા ટકી રહેતી હતી. નર્મદ–દલપતની ભાષાથી કરણઘેલાની ભાષાનું સ્વરૂપ જુદું હતું. ભાષામાં સંસ્કાર વધારે હતા; લખાવટમાં આકર્ષકતા વધારે હતી; નાનામોટા બધાને તે એકસરખી રીતે ગમી જતી હતી. આવા ગુણોને લીધે કરણઘેલો લોકપ્રિયતા મેળવી શક્યો હતો. સામાન્ય વાચકોમાં તેમજ શાળાઓમાં બહુ પ્રચાર પામ્યો હતો.

કરણઘેલાના અનુકરણરૂપે કે તે પરથી સૂચન ગ્રહણ કરીને બીજી કેટલીક વાર્તાઓ લખાઈ છે; પણ કરણઘેલા જેટલી

લોકપ્રિયતા મેળવવા જેટલું સત્ત્વ કોઇનામાં નહોતું. 'રત્નલક્ષ્મી', 'મુદ્રા અને કુલીન', 'રાણકદેવી', 'સધરા જેસંગ', 'વનરાજ ચાવડો' વગેરે કેટલીક વાર્તાઓ લખાઈ છે—ગુજરાત કાઠિયાવાડની જૂની વાતો તથા મણિલાલ નભુભાઈ કૃત ગુલાબસિંહ જેવી કોઈ કોઈ બહુ પ્રશંસા પણ મેળવી શકી હતી. પરંતુ તેમાંની કોઇ લાંબું આયુષ્ય ભોગવી શકી નથી. કરણઘેલો ઈ. સ. ૧૮૬૬ માં પહેલી વાર પ્રગટ થયો—ત્યાર પછી બીજી સારી નવલકથા લખાતાં લગભગ વીશ વર્ષ નીકળી ગયાં. ઇ. સ. ૧૮૮૭ માં સરસ્વતીચંદ્રનો પહેલો ભાગ બહાર પડ્યો ત્યારે નવલકથાનું સુધરેલું સ્વરૂપ ગુજરાતને મળ્યું.

સરસ્વતીચંદ્ર પણ નવલકથા નથી એમ હમણાં હમણાં ટીકા કરવામાં આવે છે. તેનું કારણ એમ આપવામાં આવે છે કે, તેમાં કળાવિધાન કશું નથી. નવલકથા કળાકૃતિ હોવી જોઇએ. આવું કહેનારાને પણ સરસ્વતીચંદ્રના પહેલા બે ભાગ માટે તો કશું જ કહેવાનું મળે એમ નથી. ત્રીજા ભાગમાંનું સંસ્કૃત પ્રકરણ કથામાં કોઈ રીતે બંધબેસતું આવે તેમ નથી એ ખરું છે. તેમજ ચોથા ભાગમાંની કેટલીક ચર્ચા પણ નવલકથાના સ્વરૂપને વિકૃત કરનારી બની જાય છે એ પણ ખરું છે. છતાં સમગ્ર સ્વરૂપે જોતાં આદર્શ નવલકથામાં જે જે તત્ત્વો હોવાં જોઇએ તે બધાં તત્ત્વો સરસ્વતીચંદ્રમાં સંતોષકારક પ્રમાણમાં માલૂમ પડે છે. ઉદ્દેશ ઊંચો છે; વસ્તુની કલ્પના મનોહારી જ નહિ, પણ ઉત્તમ આદર્શથી મનને આહ્‌લાદ આપનારી, ઉન્નતિને પંથે લઈ જનારી, પાવનકારી, ભવ્ય અને દિવ્ય વાતાવરણમાં રમાડનારી અને તદ્દન નવી જ પ્રતિની હોઈ સર્વ વાચકોને આકર્ષનારી અને સંતોષ આપનારી છે. વસ્તુની કલ્પના જેવી ભવ્ય છે તેવી જ સંકલનાશક્તિ પણ સમર્થ અને સત્ત્વશાલી

છે. પાત્રાલેખન, પ્રસંગવર્ણન અને સંવાદચાતુર્યમાં ઊંચી જાતની કુશળતા છે. વાર્તારસ એવો અખંડ પ્રવાહે વહ્યા કરે છે કે તેમાં કોઇ કોઇ જગાએ આવતાં વિષયાંતર કે સ્ખલન વાચકને રસક્ષતિ કે રસભંગ જેવાં લાગવાને બદલે ઊલટાં બોધભર્યાં વિનોદ આપનારાં બને છે. ભાષા તો તત્કાલીન કે પૂર્વકાલીન કરતાં બહુ જ જુદા સ્વરૂપની છે. સંસ્કારી, સમર્થ, અર્થભરી, અને પ્રસાદયુક્ત ભાષા એ સરસ્વતીચંદ્રના અનેક ગુણોમાંનો એક મુખ્ય ગુણ છે. સંસ્કૃત શબ્દોનો ઉપયોગ વધારે થયો છે, પણ તેથી ગુજરાતીપણું કમી થયું નથી. ગુજરાતી ભાષાનું આવું સામર્થ્ય અને આવું સૌંદર્ય પહેલી વાર છગનલાલ હરિલાલ પંડ્યાએ કાદમ્બરીના ભાષાંતરમાં બતાવ્યું હતું. કાદમ્બરી વિદ્વાનવર્ગમાં–સુશિક્ષિતવર્ગમાં પ્રચલિત અને પ્રિય પુસ્તક હતું, પણ સરસ્વતીચંદ્ર તો વિશાળ ગુજરાતી સમાજમાં પ્રચલિત અને પ્રિય થયું હતું–સરસ્વતીચંદ્રે ગુજરાતી ભાષાને નવતર સ્વરૂપ આપ્યું એટલું જ નહિ, પણ વાચકોની ઉત્કંઠાને પ્રજ્વલિત કરી. ગુજરાતના વિચારક્ષેત્રમાં ઉત્તમ સંસ્કારોનાં બી વરસાવી ગુજરાતને એવું તો મુગ્ધ બનાવી દીધું હતું કે ૧૮૮૭થી ૧૯૧૦–૧૫ સુધી ગુજરાત જાણે સરસ્વતીચંદ્રમય જ બની રહ્યું હતું.

સરસ્વતીચંદ્રના સીધા અનુકરણરૂપે એકાદ પ્રયત્ન થયો હતો. સમાજમાં અને દેશમાં શરૂ થયેલી નવી જાગ્રતિ અને તેથી ઉત્પન્ન થયેલા નવા વિચારો નવલકથાદ્વારા ચર્ચવાની દિશા સરસ્વતીચંદ્ર દ્વારા સૂઝી હતી. તેણે ગુજરાતીઓમાં અજબ મનોમંથન ઉત્પન્ન કર્યું હતું. તેને પરિણામે ઘણા ઘણા લેખકોને પ્રેરણા મળી હતી અને અનેક વાર્તાઓ લખાઈ હતી. પરંતુ ગોવર્દ્ધનરામની બુદ્ધિ અને સર્જકશક્તિને વિસરાવે એવું સામર્થ્ય

કોઈ લેખક બતાવી શક્યો નહિ. જે જે પ્રયત્નો થયા હતા તે બધા તત્કાલજીવી જ રહ્યા. 'ઉષાકાન્ત', 'મૃદુલા', 'જ્યોત્સ્ના' વગેરે કેટલીક કૃતિઓમાં ભોગીન્દ્રરાવ દિવેટિયા પર ગોવર્દ્ધનરામની સીધી અસર માલૂમ પડે છે. ભોગીન્દ્રરાવની (ઈ. સ. ૧૮૭૫થી ૧૯૧૭) લેખનશક્તિ ઠીક ઠીક વેગવાળી હતી; આસિસ્ટંટ ક્લેક્ટર, સિતારનો શોખ, મોહિની, અજામિલ વગેરે કેટલીક નવલકથાઓ તેણે લખેલી છે. બીજા પણ કેટલાક લેખકોએ નવલકથા લખી વાચકોની ઉત્કંઠાને સંતોષવા પ્રયત્ન કરેલ છે. તત્કાલીન લોકપ્રિયતા મેળવવામાં કોઇ કોઇ નવલકથાએ સારો જશ મેળવ્યો છે. અલક્ષ્યજ્યોતિ, યોગિની, વિક્રમની વીસમી સદી, હિન્દ અને બ્રિટાનિયા, ઔરંગજેબ અને રાજપૂતો, મેવાડની જાહોજલાલી, ઝાંસીની રાણી, અઢારમી સદીનું હિંદુસ્તાન, વગેરે કેટલીક ટકાવી રાખવા જેવી છે. ગુજરાતી સાપ્તાહિક તરફથી વાર્ષિક ભેટ તરીકે અપાતી નવલકથામાંની હિંદના ઇતિહાસને લગતી નવલકથાઓ અને ડાહ્યાભાઈ રામચંદ્ર તરફથી પ્રગટ થયેલી મેવાડના ઇતિહાસને લગતી વાતો આપણી નવલકથાના ભંડારમાં સાચવી રાખી, ગુજરાતી સાહિત્યમાં રસ લેનારને સુલભ થાય તેવી વ્યવસ્થા કરવી જોઇએ. નવલકથાના લખનારા એક પછી એક નીકળ્યા જ કર્યા છે અને ગુજરાતી સાહિત્યમાં-નું તે અંગ હમેશાં જ પુષ્ટ રહ્યું છે. છતાં વીર્યવતી, યુગમાં આંદોલન કરનારી, નવલકથાના સ્વરૂપને નવીન અવતાર આપ-નારી નવલકથા તો ગુજરાતને વીશ વીશ વર્ષને અંતરે જ મળી શકી છે. 'સરસ્વતીચંદ્ર' પછી બીજી સમર્થ નવલકથા ૧૯૧૯-માં મળી. 'ગુજરાતનો નાથ' બહાર પડતાં ગુજરાતમાં કાંઇક નવું જ વાતાવરણ ફેલાવા લાગ્યું. તે જ લેખકની બે નવલકથા-ઓ ક્યારની લખાઇ ચૂકી હતી. 'વેરની વસૂલાત' સરસ્વતી-

ચંદ્રના વાતાવરણની છાપવાળી હતી; 'પાટણની પ્રભુતા'એ નવા લેખકના નિસર્ગપ્રાપ્ત સામર્થ્યને પ્રગટ કર્યું-'ગુજરાતના નાથ'થી તો તે સામર્થ્ય દિગ્વિજયી થઈ ગયું.

'ઘનશ્યામ' તખલ્લુસથી નવલિકાઓ લખનાર તરીકે કનૈયાલાલ મુનશી (જન્મ ઈ. સ. ૧૮૮૭) જાણીતા તો થઇ ચૂક્યા હતા. પહેલી બે નવલકથા પણ તે જ તખલ્લુસથી લખાઈ હતી. ગુજરાતનો નાથ અને તે પછીની નવલકથાઓ, નાટકો વગેરેથી મુનશીએ સાહિત્યસર્જક તરીકે અને ગોવર્દ્ધનરામ પછીના સમર્થ નવલકથાકાર તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

મુનશીની ભાષા સાધારણ ભણેલા શહેરીના જેવી છે. સરળ, સહેલી, ટૂંકાં ટૂંકાં વાક્યોમાં જ વિચાર વ્યક્ત કરી દેનારી, સામાન્ય વ્યવહારમાં હરહમેશ વપરાતી, સામાન્ય ભાષા છે. ભાષા સરળ હોવા છતાં તેમાં બળ અને વેગનો પ્રવાહ એકધારો છે; આડંબર કે પ્રયત્નરહિત છે એટલે વાચકોને એકદમ ગમી જાય છે.

ભાષાના આ આકર્ષક ગુણ ઉપરાંત મુનશીની નવલકથાઓમાં બીજો તેવો જ ગુણ કાર્યવેગ, કાર્યોત્સાહ, અને કાર્યસિદ્ધિનો છે. વાર્તારસ અસ્ખલિત વહેતો રાખવા માટે એક પછી એક કાર્યનો સ્વયમેવ ઉકેલ થતો હોવો જોઇએ અને તેવી કાર્યપરંપરા મૂળકથા સાથે એકરસ હોવી જોઇએ. મુનશીની નવલકથાઓમાં કાર્યપરંપરાનું ચક્ર પૂર્વાપર એવા ગાઢ સંબંધથી સંકળાયેલું અને એવા જોસથી ફરતું રહે છે કે મંદતા કે નિષ્ક્રિયતા ક્યાંય પેસી શકતાં જ નથી. અલબત, આ ગુણ વસ્તુસંકલનાની ઉત્કૃષ્ટ શક્તિને લીધે જ તેનામાં આવ્યો છે.

પાત્રના આલેખનમાં અને કુદરતના વર્ણનમાં પણ મુનશીની કુશળતા ઊંચા પ્રકારની છે. પાત્રોની પિછાન આપવાના

પ્રસંગો તે ખૂબ કળામય રીતે ઉપસ્થિત કરે છે—ઘણે ભાગે તો પાત્રો પોતાના વર્તનવિચાર દ્વારા જ વાચકને સુપરિચિત બની જાય છે. પ્રકૃતિનાં સૌંદર્યને કળાકારની દૃષ્ટિથી જોઈ, ખરાં તત્ત્વોને પકડી કાઢી, તેને આબેહૂબ રીતે શબ્દમય કરવાની આવડતને લીધે, અને પ્રસંગોને સમયાનુસાર આલેખવાની સૂક્ષ્મ વિવેકબુદ્ધિને લીધે મુનશીની નવલકથાઓ એકદમ લોકપ્રિય બની રહે છે.

નવલકથાનાં વસ્તુ અને સંયોજન નવીન પ્રકારનાં અને વૈવિધ્યથી ભરેલાં હોઇ મુનશીની નવલકથાઓ જેમ જેમ પ્રગટ થતી ગઈ તેમ તેમ ખૂબ પ્રચાર પામતી ગઈ. મુનશીમાં સંવાદોને સીધી રીતે, સંક્ષેપમાં અને વાચકનો રસ અધ્ધર જ રહ્યા કરે તેવી રીતે ચાલુ રાખવાની સરસ શક્તિ છે.

તેમનામાં વિસ્મિત કરી નાખે તેવી સમયસૂચકતા છે; સંજોગોનો ત્વરિત ઉકેલ કરવાની આવડત છે; વાણી સીધી, હૃદયમાં સોંસરી પેસી જાય તેવી, અર્થની વિશદતાથી હમેશાં સભર ભરેલી, યુક્તિ, ચાતુર્ય અને લાગણીને સફળતાથી વ્યક્ત કરનારી, સરળ અને અખંડિત પ્રવાહબંધ વહેતી, અને બળ અને વેગથી ભરેલી હોવાથી, આજ સુધીમાં વપરાયેલી ગુજરાતી વાણીથી એકદમ જુદી પડતી લાગી આવે છે.

આવા આવા ગુણોને લીધે મુનશીની નવલકથાઓ ગુજરાતીમાં યુગવિધાયક બની છે.

નવીન યુગના સર્જક તરીકે મુનશીમાં કેટલાક વિરલ પ્રતિના ગુણો છે. તેમાંના ખાસ બે ગુણો એકદમ જ તરી આવે એવા છે. એક, જુવાનોની મનોદશા સમજી, તેનાં ઉત્સાહભર્યાં પ્રતિબિંબ પાડવાનો. યુવક માનસની પિછાન મુનશીને પ્રકૃતિથી જ સિદ્ધ થયેલ છે. જુવાનોને જીતી લેવામાં મુનશીને આ ગુણે સારો

વિજય અપાવ્યો છે. તેવો જ વિજય અપાવનાર મુનશીનો બીજો ગુણ ગુજરાતની અસ્મિતાનો સળગતો જ્વાળામુખી છે. ગુજરાતને અસ્મિતાનું પહેલું ભાન આપનાર કવિ નર્મદાશંકર. નર્મદાશંકર પછી તે લાગણી પર વળી ગયેલી રાખ ઉડાડી, અસ્મિતાઅંગાર ફરી સતેજ કરનાર રણજિતરામ. રણજિતરામના સહવાસથી હો, કે સ્વતંત્ર રીતે જાગેલી હો, પણ ગુજરાતની અસ્મિતાની જ્વાલા ભડકારૂપે ગુજરાતમાં ફેલાવનાર મુનશી.

જુવાનોને આકર્ષવામાં મુનશીનો વાસ્તવવાદ ઠીક કારણરૂપ બન્યો છે. ચેતન અને અચેતન પદાર્થોનાં વર્ણનમાં, પાત્રોના સંવાદમાં અને પરસ્પરના વર્તનમાં, હાલમાં જેને વાસ્તવપદ્ધતિ કહેવામાં આવે છે, તેનો મુનશીએ સ્વીકાર કર્યો છે; એટલે જુવાનોને આકર્ષવામાં, ઉત્તેજિત કરવામાં, અને સંતોષવામાં મુનશી સારી પેઠે ફાવી ગયા છે. મુનશીની પહેલાંના લેખકોમાં વાસ્તવિક વર્ણનવિવેચન નહોતાં એમ તો કહી શકાય જ નહિ. પરંતુ આજ સુધી વાસ્તવિકતામાં પણ અમુક મર્યાદા સચવાતી; કલ્પના અને ભાવનાના રંગો પૂરવામાં આવતા ત્યારે પણ અમુક ઉચ્ચ આદર્શનું, લેખનશુદ્ધિની ઉચ્ચતાનું અને ચારિત્ર્યની પવિત્રતાનું ધ્યાન અવશ્ય રાખવામાં આવતું. લેખકે આવું ગુરુપદ સાચવવાની જરૂર નથી; સાહિત્યમાં ચોખલિયાપણાને સ્થાન નથી; વર્ણનોમાં વાસ્તવિક પ્રસંગોને યથાસ્થિત આલેખવામાં કાંઈ ખોટું નથી એવો મત હાલના વાસ્તવવાદીઓ ધરાવે છે. મુનશીનાં લખાણમાં વાસ્તવવાદ પળાયો છે અને તેથી જુવાનોમાં જો કે પ્રિયતા અને પ્રશંસા મળ્યાં છે, તો પણ સમગ્ર વાતાવરણમાં કલુષિતતા, ચારિત્ર્યશિથિલતા અને સંયમહીનતા દાખલ થઈ ગયાં છે. મુનશીનાં સઘળાં લખાણોમાં વાસ્તવવાદની વિકૃતસમજે ખૂબ અનર્થ કર્યો

છે એવું ભાન હળવે હળવે ઉદય પામતું જાય છે.

મુનશીનો અસ્મિતાનો જુસ્સો જુવાન વર્ગને તેમજ પીઢ વર્ગને ખૂબ જ પ્રસન્ન કરનારો છે. નર્મદાશંકરે ઉપાડેલી ‘ જય જય ગરવી ગુજરાત ’ એ ગર્જનાના પડછંદા પાડતી હોય તેવી ત્રણચારેક નવલકથાઓ મુનશીએ લખી છે. નબળા, માયકાંગલા, નમાલા લોકોનું કામ જ નથી; ગુજરાતમાં કાક, જયસિંહ, કીર્તિદેવ જેવા શૂરવીર, અહંતાથી ઊભરાતા અને અસ્મિતાની જ્વાલા ચોતરફ ફેલાવતા મહાન નરો થઈ ગયા છે એ યાદ રાખી ભૂતકાળની કીર્તિ ફરી મેળવવી જોઇએ. મુનશીની આ અભિલાષાને જુવાનિયાઓ એ ઠીક ઠીક ઝીલી છે. ગુજરાતની અસ્મિતા માટે યાહોમ કરી ઝંપલાવનારા તો હજી બહુ તૈયાર થયેલા લાગતા નથી, પણ પોતાની અસ્મિતાને પ્રગટાવવા જુવાનવર્ગ કાંઈક તૈયાર થયો છે એમ તો ખરું. બીજા તૈયાર હોય કે નહિ, પણ મુનશી પોતે તો જીવનની દરેક ક્ષણે પોતાની અસ્મિતાના પ્રકાશથી ઝળહળી રહેલા જ માલૂમ પડ્યા છે.

નવલકથાના ક્ષેત્રમાં દશબાર વરસ મુનશીએ એકચક્રી રાજ્ય કર્યું. તત્કાલીન વાતાવરણ એવું થઇ ગયું હતું કે જુવાનિયાઓ મુનશીની કળા અને મુનશીની સિદ્ધિને સર્વશ્રેષ્ઠ ગણતા હતા. સરસ્વતીચંદ્રના કરતાં પણ ‘ ગુજરાતનો નાથ ’ ચડિયાતું પુસ્તક છે; સરસ્વતીચંદ્ર તો નિર્માલ્ય, આડંબરી, રસવિકાસમાં ઔચિત્યની સમજ વગરનું અને નવલકથા તરીકે તો નાલાયક પુસ્તક છે એવી ટીકા કરવામાં આવતી હતી. તેમ છતાં કહેવું જોઇએ કે સરસ્વતીચંદ્રનો ઊંચો અને ઉમદા ઉદ્દેશ, તેમાંની શાસ્ત્રીય ચર્ચા, લેખકની માનવસ્વભાવને સમજવાની અલૌકિક શક્તિ, ગુજરાતી સંસારનું જ્ઞાન અને સંસારને સમજી, સુધારવાના રસ્તા વગેરે અનેક સદ્ગુણથી ભરેલા

સરસ્વતીચંદ્ર જેવા પુસ્તકની સાથે સરખાવી શકાય તેવું હજી સુધી તો એકે પુસ્તક ગુજરાતીમાં લખાયું જ નથી. અમુક પૂર્વગ્રહમાં સપડાયેલા અને મિથ્યાદૃષ્ટિને સાચી દૃષ્ટિ માની લેવાની ભ્રમણામાં પડેલા વાચકો હજી સુધી નહિ જોઈ શક્યા હોય, તો હળવે હળવે જોઈ શકશે જ કે સરસ્વતીચંદ્રનાં બુદ્ધિવૈભવ, સંસ્કારઉચ્ચતા અને ઉદાર અને ઉદાત્ત હેતુ ખરેખર અદ્વિતીય છે.

ગોવર્દ્ધનરામ અને મુનશી એ બંને એવા જુદા જુદા સ્વભાવવાળી વ્યક્તિઓ છે કે તેમની કૃતિઓ પણ જુદા જુદા સંસ્કારવાળી જ હોય. સાહિત્યસર્જક તરીકે બંનેનો મુકાબલો કરવો એ સાહિત્યસેવકોને આનંદ આપનારી સેવા છે, પરંતુ પ્રારંભિકામાં માત્ર માહિતી જ આપવાનું રાખ્યું છે, એટલે અહીં તો અંગુલિનિર્દેશ જ–થોડી માહિતી જ બસ થશે. થોડો વખત તો ગોવર્દ્ધનરામની કીર્તિને ઝાંખપ લગાડે તેવો પ્રકાશ મુનશીની કીર્તિને મળ્યો હતો. 'વેરની વસૂલાત,' 'પાટણની પ્રભુતા,' 'ગુજરાતનો નાથ' એ ત્રણથી મળેલી કીર્તિ ઘણી ઊજળી હતી. ત્યારપછી પણ થોડે થોડે અંતરે નવલકથાઓ, નાટકો અને પ્રાસંગિક લેખો અને ભાષણોથી મુનશી સાહિત્યાકાશમાં ઠીક ઠીક ઝળકી રહ્યા હતા. પરંતુ ભરતી પછી ઓટ પણ આવે છે જ, એમ મુનશીની કીર્તિનો પ્રકાશ હળવે હળવે ઓછો થવા લાગ્યો. આ પરિણામ માટે માત્ર કુદરતી વાતાવરણ અને વસ્તુસ્થિતિ જ જવાબદાર છે.

મુનશીની લગભગ બધી જ કૃતિઓમાં માલૂમ પડતી એક બે બાબત તરફ પ્રારંભિકાના વાચનારાઓનું પણ લક્ષ ખેંચવાની જરૂર છે. એક, ઐતિહાસિક વ્યક્તિઓ અને પ્રસંગોમાં દાખલ કરેલી વિકૃતિ. ઇતિહાસમાં અમુક નિશ્ચિત સ્વીકાર થયો

હોય તેવી બાબતમાં ફેરફાર કરવો એ કોઇ પણ રીતે વાજબી ગણી શકાય જ નહિ. મુનશીએ એકથી વધારે પ્રસંગોમાં આવા ફેરફાર કર્યાં છે એ જાણીતી વાત છે.

તેવી જ બીજી બાબત એ છે કે મુનશી માનવ માત્રને સ્ખલનશીલ જ માને છે. સંયમ, ઉદાર અને ઉન્નત આદર્શ, પવિત્ર અને વિશુદ્ધ આશય, કે નિર્વિકારી નિર્દોષ જીવન કોઇ પણ માણસ સંપૂર્ણ રીતે પાળી શકે જ નહિ—માણસ માણસ છે, માટે તેનામાં અમુક ઊણપો હોય જ—હોવી જોઇએ જ. આ માન્યતાને લીધે ઘણાં ઘણાં પાત્રોની મનોદશા હલકી આલેખવામાં આવી છે. આવા રંગે રંગાયેલી કૃતિ આદર્શ તરીકે ગણના પામી શકે જ નહિ. ક્ષણિક પ્રશંસા મેળવે, થોડો વખત કીર્તિ પ્રકાશિત રહે, પરંતુ સમય જતાં, વાતાવરણ બદલાતાં, પ્રશંસા બંધ પડે, કીર્તિનો પ્રકાશ ઝાંખો થવા લાગે. શુદ્ધ અને પવિત્ર આદર્શો જ સનાતન કીર્તિ આપી શકે છે.

મુનશીની નવલકથાઓ સાહિત્યરસિકોમાં સારી પ્રશંસા મેળવી રહી હતી, અને ખૂબ વંચાતી હતી, તે અરસામાં જ એક બીજા લેખકે નવલકથાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. નવલકથામાં ઘણું કરી રાજારજવાડાઓ, મોટા લોકો અને વિશિષ્ટ વ્યક્તિઓની જ વાત આવે છે. સામાન્ય જનતા કે સાધારણ લોકો વિષે લખાણ આવતું હોય તો તે બહુ થોડા પ્રમાણમાં અને ગૌણ પ્રસંગ તરીકે જ. આજ સુધી આ પ્રમાણે જ બનતું હતું. કોઈ સામાજિક વાર્તા કે 'નવલકથા લખાઈ હશે તો પણ તેમાં મોટા લોકોને વધારે સ્થાન અને માન મળેલાં હશે. આ વસ્તુસ્થિતિમાં મુનશી પછીના નવલકથાકારોએ સારો ફેર કરી દીધો. રમણલાલ વસંતલાલ દેસાઈ (જન્મ ઇ. સ. ૧૮૯૨) એ 'જયન્ત,' 'શિરીષ,' 'કોકિલા,' 'હૃદયનાથ' જેવી સાદી,

સીધી, ભદ્રલોકોના જીવનનો ચિતાર આપતી, નવલકથાઓથી લખવાની શરૂઆત કરી. 'દિવ્યચક્ષુ' બહાર પડતાં તે લેખક તરફ સૌનું ધ્યાન ખેંચાયું. 'દિવ્યચક્ષુમાં' મોટા લોકોની વાત છે, પણ તે વાતને સામાન્યજનતા અને રાષ્ટ્રીય વિચારોનાં આંદોલનો સાથે એવી એકરૂપ કરી દીધી છે કે અત્યાર સુધીની બધી નવલકથાઓમાં તે જુદી જાતની જ ભાત પાડી રહી છે. રમણલાલની પછીના લખનાર ઝવેરચંદ મેઘાણીની અને ઇતર લેખકોની નવલકથાઓમાં ઘણે ભાગે ગુજરાતી જીવન, શહેરના ભદ્ર લોકો, તથા ગ્રામજનતા વિષે લખાણ થયેલું છે; અને નિત્યના સાધારણ વ્યવહારમાંથી કથાઘટનાનાં સૂત્રો વણેલાં હોય છે એટલે વાચક જાણે રોજના જીવનમાં જ ઘૂમી રહ્યો હોય એવો અનુભવ મેળવે છે.

કથાભાગ અને રસપોષણના સાતત્યમાં રમણલાલ મુનશીના જેટલી જ કુશળતા ભોગવે છે. વસ્તુની પસંગીમાં સંસાર-સમાજના જુદી પ્રતિના થરો લીધેલા હોઈ, રમણલાલ પણ મોટો વાચકવર્ગ મેળવી શક્યા છે. વાર્તાઓમાંના પ્રસંગો, પાત્રો, અને કથનપદ્ધતિમાં રચના અને યોજના ભિન્ન પ્રકારનાં હોવાથી તેમની નવલકથાઓ સારો ફેલાવો પામી શકી છે.

રમણલાલની કથાઘટનામાં વેશપલટા, ચમત્કાર, અને અણધારેલાં પરિણામો લાવવાની વિસ્મયજનક પદ્ધતિ ઠેકઠેકાણે માલૂમ પડે છે. આવા પ્રસંગો ગમે તેટલી કુશળતાથી યોજવામાં આવ્યા હોય તો પણ કળાવિધાનમાં ન્યૂનતા લાવ્યા વગર રહે જ નહિ. ચમત્કૃતિ, દૈવી મદદ, ગુપ્ત વ્યવહાર અને અક્કલને તાજૂબ કરે તેવા અજાયબ પ્રસંગો, રસજમાવટમાં ઉપયોગી ટેકાઓ તરીકે અપનાવવામાં આવતા હશે, પણ તેથી કળાકૃતિ તરીકેની કોટિ ઊતરતી પ્રતિની થઇ જાય છે એ

રમણલાલ જેવા ધીર પ્રકૃતિના લેખકને સમજાયું લાગતું નથી.

રમણલાલ દિવ્યચક્ષુથી પ્રખ્યાતિ પામ્યા અને 'ભારેલો અગ્નિ', 'પૂર્ણિમા,' 'છાયાનટ,' 'શોભના,' 'ઠગ,' 'ગ્રામલક્ષ્મી' વગેરે અનેક નવલકથાથી તે પ્રતિષ્ઠા જાળવી, અને વધારી શક્યા છે.

મુનશી 'જયસોમનાથ'થી કથાલખાણ જાણે સંકેલી લેતા હોય એવું લાગે છે. રમણલાલની સર્જકશક્તિ હજી સારી કૃતિઓ આપી શકશે એમ લાગે છે.

રમણલાલની પછી થોડા સમયમાં જ બીજા સમર્થ નવલકથાકાર મળી ચૂક્યા છે. 'સૌરાષ્ટ્રની રસધાર'થી જાણીતા થયેલા ઝવેરચંદ મેઘાણી (જન્મ ઇ. સ. ૧૮૯૭) જૂની વાર્તા, લોકકથા, અને સાધુસંતો, બહારવટિયાઓ વગેરેની જીવનકથા કહેતા કહેતા હળવેહળવે નવલકથાકાર બનતા ગયા છે. લોકસાહિત્યના રસિક અભ્યાસી હોવાને કારણે અને દેશમાં વ્યાપવા લાગેલા જનપદ-વિકાસના વાતાવરણને લીધે, ઝવેરચંદ મેઘાણી ગ્રામલોકો અને શહેરમાં આવી વસેલ ગ્રામજનતા માટે મમત્વ ધરાવતા થયા અને નવલકથાના પ્રસંગો અને પાત્રોમાં તે મમત્વ મૂર્ત સ્વરૂપે પ્રગટ થયું. 'સમરાંગણ,' 'રા'ગંગાજળિયો,' 'જયગુજરાત,' રાજારજવાડાઓની કથા કહેનારી નવલકથાઓ હોવા છતાં તેમાંનું સઘળું વાતાવરણ ગ્રામીણ અને જાનપદિક જ છે. કાઠિયાવાડના જૂના ઇતિહાસને અને ગુજરાતના પ્રાચીન સમયના વાતાવરણને વર્તમાન વાચકની પાસે રજૂ કરી મેઘાણીએ સારો યશ મેળવ્યો છે. સાંસારિક અને સામાજિક જીવન, અને તેમાં પણ ઘણે ભાગે શહેરના સાધારણ કોટિના મધ્યમવર્ગના નીચલા થરોના લોકોનાં જીવન આલેખ્યાં છે; ગામડાંના લોકો શહેરમાં આવે છે ત્યારે કેવા જીવનપલટા અનુભવે છે તે બતાવી, તેવા ગ્રામ લોકોનાં નિત્યજીવનને આબેહૂબ રીતે ચીતરવામાં મેઘાણીએ

સારી સફળતા મેળવી છે અને તેથી તેની નવલકથાઓ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકી છે. ‘વેવિશાળ’, ‘તુલસીક્યારો’ ‘પ્રભુ પધાર્યા’ અને સમકાલીન સામાજિક જીવન નિરૂપતી બીજી નવલકથાઓથી મેઘાણીએ આપણા નવલકથાસાહિત્યમાં સારો ઉમેરો કર્યો છે.

કાઠિયાવાડના જૂના ઇતિહાસના તથા લોકસાહિત્યના શોખીન ગુણવંત આચાર્ય મેઘાણીના જેવા જ લેખક થવા જોઈતા હતા; પરંતુ કાંઈક નિસર્ગદત્ત બક્ષિસની ઊણપને લીધે, અને ખાસ તો શિક્ષણ અને પ્રયત્નમાં રાખેલી બેદરકારીને લીધે ગુણવંત આચાર્ય, શરૂ શરૂમાં આપેલી આશા પૂરી કરવા ભાગ્યશાળી થયા નથી. ‘ત્રિલોચન,’ ‘ભૂતકાળના પડછાયા,’ ‘સોરઠી સંધ્યા’ વગેરેએ કાંઇક ચમકાર બતાવ્યો હતો, પણ તે વિકસાવી કે ટકાવી શકયા નહિ. કચ્છકાઠિયાવાડના ઇતિહાસમાં શોધખોળ કરી શ્રમસાધ્ય માહિતી મેળવી, જુદીજુદી વાર્તાઓ લખવામાં સારો ઉત્સાહ અને શક્તિ બતાવ્યાં; પણ સમાજવાદનો રંગ કાંઈક વધારે પડતો લાગી ગયો. સમાજની નીચામાં નીચી પાયરીના લોકો વિષે લખવાનું પસંદ કર્યું. તેવા લખાણમાં પણ સંસ્કાર, ઉચ્ચ આશય, ઉદાર આદર્શ, ઉમદા ભાવના વગેરે લાવી ખરી સાહિત્યકૃતિઓ સર્જવા જેટલું સામર્થ્ય હોત, તો તો તેવું લખાણ પણ રુચિકર બનત. પરંતુ સાધારણ, અતિ સાધારણ કોટિથી આગળ જઈ શકયા નહિ, એટલું જ નહિ પણ સમાજવાદ કોઇને સ્વપ્નમાં પણ નહોતો સૂઝ્યો તે જમાનામાં સમાજવાદના વિચારો અને આચારોનાં આરોપણ અને નિરૂપણથી વાર્તાઓમાં કૃત્રિમતા અને અસ્વાભાવિકતા આવી ગયાં. આ દોષ હોવા છતાં, ગુણવંત આચાર્યની નવલકથાઓમાંથી ‘દરિદ્રનારાયણ,’ ‘ઇન્કિલાબ,’ ‘હરિયાલાલ,’ ‘દેશદીવાન’ જેવી

નવલકથાઓ અવશ્ય સુંદર છે અને લેખકને જશ અપાવે તેવી છે.

નવલકથા સાહિત્યના સર્જકોમાંથી પ્રારંભિકાના વાચકને માટે તો ઉપર ગણાવ્યા તેટલાની જ પિછાન પૂરતી છે. વિશેષમાં એ પણ ઉમેરવાની જરૂર છે કે નવલકથા કાંઇ આટલી જ લખાઈ નથી કે તેના લેખક માત્ર ઉપર ગણાવ્યા તેટલા જ નથી. લોકોને નવલકથા વાંચવી બહુ ગમે છે અને તેથી નવલકથાઓની માગણી સારી રહે છે એટલે નવલકથાઓ લખાયા પણ કરે છે. સાધારણ જનતાને તો શોખ પૂરતું જ કામ હોય છે, એટલે તેવાની ભાવનાને અને વાચનરસને સંતોષ મળે તેવી વાર્તાઓ થોકબંધ લખાય છે. આવી નવલકથા કમાણીના—આજીવિકાના—ઉદ્દેશથી જ લખાય છે. વાચકોનો શોખ પૂરો કરી શકે તેવી નવલકથા પ્રચાર પણ પામે છે. પરંતુ આવી નવલકથાઓમાં સાહિત્યગુણ કે સંસ્કારસૌષ્ઠવનું નામનિશાન પણ હોતું નથી. પહેલા વરસાદનાં જીવડાંની પેઠે તેવી નવલકથાઓ અલ્પાયુષી જ હોય છે. ગુજરાતીમાં તેવી નવલકથાના લખનારા અનેક થયા છે અને કોઈ કોઈ લેખકે સંખ્યાબંધ નવલકથાઓ પણ લખી છે. તેવી નવલકથાઓમાંથી પણ કોઇ કોઈ વાંચવા–નિભાવવા જેવી હોવા સંભવ છે, પણ મોટો ભાગ તો વિસારી દેવા લાયક જ હોવાનો સંભવ છે.

આ પ્રકરણમાં ચારપાંચ જ નવલકથાકાર વિષે પિછાન આપવામાં આવી છે; તેમાં પણ પ્રથમ પંક્તિના નવલકથાકાર તો બેત્રણ જ–ગોવર્દ્ધનરામ, કનૈયાલાલ મુનશી, રમણલાલ. મેઘાણીમાં નવલકથાકારના ઘણા ઘણા ગુણો હોવા છતાં, તેની સાહિત્યકોટિ સાધારણ પ્રતિની હોવાથી, તેની નવલકથાઓ સરસ અને સુંદર હોવા છતાં, સાહિત્યકૃતિઓમાં જે ઊંચી યોગ્યતા હોવી જોઇએ તે મેળવી શકી નથી. ગુણવંત આચાર્ય

જૂના ઇતિહાસ અને વર્તમાન લોકવાદ અને સમાજવાદને ભેળસેળ કરી સારી વાર્તા ઉપજાવી શકે છે એટલો એને જશ છે; બાકી, ભાષા, સંસ્કાર, લેખનઘાટી વગેરેમાં બેદરકારી જ નહિ, પણ ધ્યેયશૂન્યતા પણ રહેલી હોવાથી તેની નવલકથામાંની કોઇક જ સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ મેળવી શકે તેવી છે.

ઉપર એક વાર કહ્યું છે તેમ ગુજરાતી ભાષામાં નવલકથાઓ તો પુષ્કળ લખાઇ છે, અને આ પ્રકરણમાં નોંધવામાં આવી છે તે ઉપરાંત પણ સારી નવલકથાઓ હોવા સંભવ છે. નવલકથા સાહિત્યનો અભ્યાસ કરી, તે વિષય પર સ્વતંત્ર પુસ્તક લખનાર નીકળે એ હવે તો બહુ આકાંક્ષાથી ઇચ્છવા જેવું છે. વાચકોને યાદ આપવાની જરૂર છે કે મણિભાઈ તંત્રી નામના એક ગૃહસ્થે વર્ષો પહેલાં આવો એક પ્રયાસ કર્યો હતો. નવલકથાસાહિત્યનો સંપૂર્ણ ઇતિહાસ લખનારો હવે તો તુર્તમાં જ નીકળવો જોઇએ.

પ્રકરણ ૮ : નવલિકા

નવલકથા અને નવલિકા એ અંગ્રેજોના સમાગમના પરિણામે આપણા સાહિત્યમાં દાખલ થયેલાં સાહિત્યઅંગો છે. ગુજરાતી સાહિત્યદેહ તેથી સારી પેઠે પુષ્ટ થયો છે. તે અંગો નવીન પ્રકારનાં હોવાથી તેની વ્યાખ્યા, કળાવિધાનનું શાસ્ત્ર વગેરે માટે ઘણે ભાગે અંગ્રેજી શાસ્ત્રીય દૃષ્ટિને જ પ્રમાણરૂપ માનવામાં આવે છે. ભાષાસાહિત્યના અભ્યાસી માટે અંગ્રેજી સાહિત્યશાસ્ત્રનો અભ્યાસ અત્યારે આવશ્યક ગણાય છે. એટલે નવલકથા અને નવલિકાનાં પ્રયોજન, સંયોજન, કળાવિધાન વગેરે માટે અંગ્રેજી શાસ્ત્રનાં મન્તવ્યો અને સિદ્ધાન્તો સમજવા-સમજાવવાની જરૂર છે. પરંતુ પ્રારંભિકાના વાચકો માટે તેવી ઝીણવટ વધારે પડતી જ ગણાય એમ માની આટલો ઇસારો જ કરવામાં આવ્યો છે,

મનુષ્યસ્વભાવમાં વાર્તાશ્રવણનો મોહ નૈસર્ગિક જ છે અને તેથી નાનીમોટી વાર્તાઓ તો ઘણા જૂના કાળથી જ કહેવાતી –લખાતી આવી છે. સંસ્કૃતમાં ગુણાઢ્યની વાતો, કથાસરિત સાગર, પંચતંત્ર, હિતોપદેશ વગેરે પુષ્કળ સાહિત્ય છે. ગુજરાતીમાં પણ નાનીમોટી વાતો ઘણા જૂના કાળથી લખાતી આવી છે. મોટી વાતોમાં આડકથા તરીકે નાની વાતોનો ઉપયોગ પણ થતો આવ્યો છે.

વાર્તાઓ ઉપદેશ આપવાના, વિનોદ આપવાના, માનવ

પ્રકૃતિના ગુણદોષ પ્રગટ કરવાના, સંસારમાં અવનવા સંજોગોથી થતા લાભગેરલાભ બતાવવાના અને એવા એવા ઈતર હેતુથી લખાય છે. નાના રમૂજી ટુચકાઓ, સ્વતંત્ર રીતે કે નાનીમોટી વાર્તાઓમાં, આનંદ કે ઉપદેશ ખાતર લખાય છે. આવી નાની વાર્તાઓ અને ટુચકાઓમાં, હળવે હળવે કળાની સમજ દાખલ થતી ગઈ, અને નવલિકાનું સ્વરૂપ વિકસવા, નિશ્ચિત આકાર ધારણ કરવા લાગ્યું.

હાલ નવલિકાને નામે ઓળખાય છે તે પ્રતિના લખાણના પૂર્વઅવતાર તરીકે નાની નાની વાર્તાઓ જ હતી. માસિકોમાં અને સાપ્તાહિકોમાં તેવી વાતો પ્રગટ થતી. 'સુંદરીસુબોધ,' 'સમાલોચક,' 'વાર્તાવારિધિ' વગેરે માસિકો નાની નાની વાર્તાઓ, આકર્ષક અને મનોરંજક વાચન તરીકે, વખતે વખતે છાપતાં—'વાર્તાવારિધિ' તો વાર્તાઓ માટે જ હતું.

આવી વાર્તાઓમાં અદ્‌ભુત અને ચમત્કારી પ્રસંગોથી કથાના રસને વધારે રુચિકર અને આકર્ષક બનાવવા પ્રયત્ન થતા ગયા; હળવે હળવે કળાવિધાન પર પણ લક્ષ જતું ગયું. 'સમાલોચક'-માં મુનશીની વાતો નવલિકાના સર્વ ગુણો ધરાવતી હતી, પણ છતાં 'નવલિકા' એવું સ્પષ્ટ નામ તો 'ધૂમકેતુ'ની કૃતિઓના પ્રગટ થવા સાથે જ પ્રચારમાં આવ્યું. નવલિકાના પહેલા લેખક તરીકે—જો ભાષાંતરની ગણતરી ન કરીએ, કે સાદી વાર્તાના સંગ્રહ ધ્યાનમાં ન લઇએ તો—મલયાનિલ ગણાવા જોઇએ. તેમની વાતોનો સંગ્રહ બહુ મોડો બહાર પડ્યો, તેમની વાર્તાઓ માસિકોમાં જ પડી રહી, અને વળી તે નાની ઉંમરમાં જ ગુજરી ગયા એટલે તે ભૂલાઇ ગયા છે; ગુજરાતીમાં નવલિકાના પહેલા લેખક ન હોવા છતાં નવલિકાસાહિત્યના પ્રારંભ સાથે ધૂમકેતુ (જન્મ ઈ. સ. ૧૮૯૨)નું જ નામ જોડાઈ ગયું છે.

નવલિકા સ્વતંત્ર સાહિત્ય તરીકે રજૂ કરનાર ધૂમકેતુ જ છે. માનવસ્વભાવમાં રહેલા જુદા જુદા કોમળ ભાવનું નિરૂપણ ધૂમકેતુની વાતોમાં ઔચિત્યથી અને રસિકતાથી થયું છે. અમુક એક ભાવના, લાગણી, કે કલ્પનાની વિવૃદ્ધિ અને વિકાસ કરવામાં કુદરત કેવી રીતે મદદરૂપ થાય છે, નિસર્ગપ્રાપ્ત વૃત્તિઓ મનને કેવી રીતે મંથનમાં નાખે છે, આપણને સાધારણ લાગતા અમુક બનાવ પાછળ કેવી મનોવૃત્તિ કામ કરી રહી હોય છે, વગેરેનું નિરૂપણ કરવા વાર્તાપ્રસંગો ઉપસ્થિત કરી, ભાવનાનું સૂક્ષ્મ નિરીક્ષણ પરીક્ષણ કરતા જઇ, વાર્તાનું ઘડતર ઘટતી મર્યાદામાં અને છતાં સંપૂર્ણ રીતે સફળ થાય તેવી દૃષ્ટિથી એવી કુશળતાથી કરે છે કે ધૂમકેતુની નવલિકાઓ કળાકૃતિના સુંદર નમૂના બની રહી છે.

મુનશીની વાતો મનુષ્ય સ્વભાવની મૂર્ખાઈ ભરેલી અહંતા, અઘટિત આત્મગૌરવ, છૂપી રહેલી અધમતા, વર્તનની હસવા લાયક વિચિત્રતાના જેવી અપૂર્ણતા અને ક્ષતિઓ બતાવી, કટાક્ષ અને મજાક માટે લખાયેલી માલૂમ પડે છે, ત્યારે ધૂમકેતુની વાતો ભાવરંગી વાતાવરણ ઊભું કરી, વાચકને ચિંતનપ્રેરક વિચારોમાં નાખે છે, કે આનંદકારક કલ્પનાવિહારોમાં રમાડે છે. મુનશીનાં પાત્રો ઘણે ભાગે શહેરી અને ભદ્ર લોકોમાંથી પસંદ કરાયેલાં છે; ધૂમકેતુની પાત્રપસંદગી વિશાળતર ક્ષેત્રમાંથી થઈ છે. ગ્રામજનતા, અર્ધશિક્ષિત કે અલ્પશિક્ષિત સમુદાય, અને શહેરનિવાસી હોવા છતાં ઊતરતી ગણાતી પાયરીમાં જીવન ગાળનારા લોકો એ ધૂમકેતુનું પાત્રપસંદગીનું ક્ષેત્ર છે. આવું છતાં ધૂમકેતુનાં પાત્રોના સંસ્કાર અને તે પાત્રોનો ઉછેર તો શહેરી વાતાવરણનાં જ છે.

નવલિકાના બીજા સફળ લેખક રામનારાયણ પાઠકે (જન્મ

ઈ. સ. ૧૮૮૭)-દ્વિરેફે—માનસશાસ્ત્રની ગૂંચો બતાવવા તથા તેનો ઉકેલ કરવાની મનુષ્યબુદ્ધિના પ્રયત્નોનું સ્વરૂપ સમજાવવા વાર્તાઓ લખી હોય એમ લાગે છે. પાત્રો ઘણે ભાગે શહેરી જનતા અને ભદ્ર લોકોમાંથી જ પસંદ કરાયાં છે; ગ્રામજનતા-માંથી પાત્રો લેવાયાં છે ખરાં, પણ એ પાત્રો ઘણે ભાગે શહેરનિવાસી જ થઇ ગયાં છે–વાર્તાઓમાં ગામડાનું વાતાવરણ કે વર્ણન ભાગ્યે જ માલૂમ પડે છે.

ગ્રામલોકો અને ગ્રામજીવનનો સીધો પરિચય પામી ગ્રામીણ વાતાવરણ ઊભું કરવામાં મેઘાણીએ સારી સફળતા મેળવી છે. મેઘાણીએ ત્રણચાર જુદા જુદા પ્રકારની નવલિકાઓ લખી છે. દુનિયામાં સિનેમા પટ પર રજૂ થયેલી કૃતિઓ-માંથી ઉત્તમ કૃતિઓ પસંદ કરી, તે પરથી સર્વદેશીય સ્વરૂપ-વાળી કેટલીક સુંદર વાતો ગુજરાતી વાચકોને આપી છે. ઇતિ-હાસમાં ડૂબકી મારી એ અતલ અને વિશાળ સાગરમાંથી કેટલીક રત્નકણિકાઓમાં જૂના સમયના રૂપરંગ આલેખી, શૌર્ય, પ્રેમ, કરુણા, ઉદારતા, આત્મત્યાગ, તેમજ કૂડકપટ, હલકાઈ વગેરે માનવમાત્રમાં કેવા કેવા સ્વરૂપે માલૂમ પડે છે એ બતાવનારી, ગ્રામજનતામાં માનવસુલભ ગુણાવગુણ કેવા વસી રહ્યા હોય છે, અને સંસાર અને સમાજમાં દ્વેષક્લેશ અને સુખદુઃખ કેવી વિચિત્ર પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે એ બતાવનારી એમ વિવિધપ્રકારની વાતો લખી છે. 'પ્રતિમા,' 'પલકારા,' ચિતાના અંગારા,' 'તેજછાયા' એ સંગ્રહો સારી પેઠે લોકપ્રિય બન્યા છે.

કાઠિયાવાડના ઈતિહાસનો આધાર લઇ ગુણવંત આચાર્યે કેટલીક રસભરી વાતો લખી છે, અને જીવનના વિવિધરંગી કોયડાના અનુભવ પરથી સ્ફુરી આવેલી કેટલીક નવલિકાઓ લીલાવતી મુનશીએ પણ લખી છે.

નવલિકાસાહિત્ય હમણાં હમણાં સારું ખેડાય છે. વાર્તા અને નવલિકાના લેખકો સારી સંખ્યામાં તૈયાર થતા આવે છે તે સંતોષની વાત છે. પ્રારંભિકામાં બધાની નોંધ લઇ શકાય નહિ. એ સાહિત્ય ખૂબ સમૃદ્ધ થાય એ જરૂરનું છે અને સારું પણ છે. બીજા બધા સાહિત્ય કરતાં નવલિકા-સાહિત્ય માટે મોહ અને માગણી વધારે રહે એ સ્વાભાવિક છે. વાર્તા વાંચવાનો શોખ સ્વાભાવિક છે; શહેરી ભદ્ર લોકો-માંની શિક્ષિત જનતાને માટે વખત ગાળવાના સાધન તરીકે વાર્તાઓ બહુ ઉપયોગી અને મદદરૂપ છે; અને તેથી વેચાણ પણ સારું થાય છે. પણ તેથી લોભાઈ, લોકોને વાર્તાદ્વારા મળતી આડકતરી કેળવણીની દરકાર ન કરી, ઓછી સમજવાળા વાચકોની પ્રસન્નતા અને પુસ્તકના ઉઠાવ તરફ જ ધ્યાન રાખી ગમે તેવી વાર્તાઓ લખવી એ એક જાતનો દેશ-દ્રોહ છે એ લેખકોએ સમજવાની ખાસ જરૂર છે.

કથારસ અને ભાવનિરૂપણની વાસ્તવિકતા ઉપરાંત વાર્તા-લેખકે વિશિષ્ટ ઉપદેશ, જ્ઞાનપ્રચાર, અજ્ઞાન દૂરીકરણ, કે એવા કોઈ ઉન્નત પ્રયોજનથી જ પ્રેરણા મેળવવી જોઇએ. દરેકે દરેક વાર્તા અમુક વિશિષ્ટ મન્તવ્યને મૂર્ત કરવા કે અમુક વિશિષ્ટ પ્રસંગ કે વાતાવરણનો અનુભવ પ્રત્યક્ષ કરવા લખાવી જોઇએ. વાચકોને ચોક્કસ રીતના વિચારો કરવા પ્રેરણા મળે અને વાર્તા વાંચ્યા પછી વાચકના જ્ઞાનમાં અને મનોભાવમાં કલ્યાણ-કારી છાપ ચોંટેલી રહે, તો જ વાર્તાલેખકે પોતાની ફરજ યોગ્ય રીતે બજાવી કહેવાય એવું માનનારા લેખકો જ ખરા સાહિત્યસર્જક કહી શકાય. રણજિતરામ (ઈ. સ. ૧૮૮૨–૧૯૧૭) રામમોહનરાય દેસાઈ (જન્મ ઈ. સ. ૧૮૭૩) વગેરે લેખકો આવા ઉદ્દેશથી જ પ્રેરાયેલા હતા. રણજિતરામે જો

કે આઠદશ જ વાર્તાઓ લખી છે, છતાં હરેકે હરેક પાછળ રણુજિતરામનાં મન્તવ્ય અને વાચકોને શુભ માર્ગગામી કરવાની રણુજિતરામની તમન્ના સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આમદ અને રૂપાંદે, દૌલત, માસ્તર નંદવદનરામ વગેરે એકે એક વાતમાં રણુજિતરામની ભાવના, રણુજિતરામની કલ્પના, રણુજિતરામની ગુજરાત માટેની ચિંતા વાચકો પર ઊંડી અસર કરી રહે છે. રામમોહનરાયની 'રસીલી વાર્તાઓ'માં જીવનના કેટલાક ગૂઢ પ્રશ્નોના ઉકેલની ચિંતા દેખાય છે.

વાર્તાલેખનમાં હળવે હળવે જુદાંજુદાં પ્રયોજન સ્વીકારાતાં ગયાં છે. માત્ર કથારસથી વાચકોને મુગ્ધ કરી ઘડીક આનંદ આપવો, દુનિયાના જુદાજુદા અનુભવોથી વાકેફ કરવા, વગેરે અનેક હેતુથી વાર્તાઓ અને નવલિકાઓ હમણાં લખાવા લાગી છે. ગુલાબદાસ બ્રોકરે વર્તમાનમાં જુવાનવર્ગની મનોદશા કેવી રીતે આકુળવ્યાકુળ થઈ રહી છે તે બતાવવા તથા વ્યાપારી તરીકે વ્યવહારદક્ષતા તેમજ વર્તનક્ષુદ્રતાના કેવા કેવા અનુભવ થાય છે તે બતાવવા વાર્તાઓ લખી છે. ડૉ. પ્રાણુજીવન મહેતાએ ડાકટરી ધંધાના અનુભવ પરથી થોડી વાતો લખી છે. આમ વાર્તાનું લખાણુ હમણાં હમણાં ઠીક આકર્ષક બન્યું છે.

ખાસ વાર્તાતત્ત્વ જેમાં ન હોય, પરંતુ સ્વરૂપ પૂરતું જ વાર્તારૂપ રાખી, હાસ્ય, વિનોદ, મજાક, કે કટાક્ષ ખાતર નાનીમોટી વાતો કે પ્રસંગવર્ણનદ્વારા નર્મ હાસ્ય અને સ્થૂલ હાસ્ય જેમાં નિરૂપિત થયેલ હોય એવું સાહિત્ય પણુ હમણાં ઠીક લખાવા લાગ્યું છે.

આવા સાહિત્યની શરૂઆત રમણુભાઈએ કરી એમ કહેવાય. હાસ્યમંદિરમાંના લેખોમાં અને નવી ઈસપનીતિમાં નર્મ અને સ્થૂલ હાસ્યનું સાહિત્ય નાનીમોટી વાર્તાદ્વારા સરજાયું છે. હાસ્યમય પ્રસંગો ઉપસ્થિત કરવામાં ઘણે ભાગે

વિરોધી સ્થિતિની અથડામણી, કે અસંભવિત વિચિત્રતાઓની કલ્પના, કે કુદરતે આપેલી નબળાઈથી માણસમાં દેખાઈ આવતી પક્કાઈ, કે લુચ્ચા, ખંધા, સ્વાર્થી માણસોનાં વર્તનવિચારની ખૂબીખામીઓ; આવા આધાર ઉપરથી રમણભાઈ ઘણે ભાગે હાસ્યપ્રસંગોની પ્રેરણા મેળવે છે.

આથી ઊલટું, નિત્યજીવનના પ્રવાહમાં વહી રહેલી નર્મ-હાસ્યની સરણિને પારખી કાઢી, તે દ્વારા નાર્મિક સાહિત્યનું સર્જન કરવાનું ધનસુખલાલ મહેતાએ શરૂ કર્યું હતું. તદ્દન સામાન્ય લાગતા પ્રસંગોમાં પણ કેવું નર્મહાસ્યતત્ત્વ છૂપાઈ રહેલું હોય છે એ જોવાસમજવાની દૃષ્ટિ ગુજરાતને જરા મોડેથી મળી એટલે ધનસુખલાલની કદર બહુ મોડી થઈ. 'વાર્તાવિહાર,' 'વિનોદવિહાર,' 'ભૂતના ભડકા,' 'હું સરલા ને મિત્રમંડળ' વગેરે સંગ્રહો જેમ જેમ બહાર પડતા ગયા તેમ તેમ ધનસુખલાલની નર્મહાસ્ય ઉત્પન્ન કરવા, સમજવા—સમ-જાવવાની શક્તિ જાણમાં આવવા લાગી.

ધનસુખલાલની પેઠે જ નિત્યજીવનમાંથી નર્મહાસ્ય શોધી કાઢી વિનોદી સાહિત્ય રજૂ કરનારા બીજા લેખક છોટાલાલ ડાહ્યાભાઈ જાગીરદાર હતા. ફૂઈબા, ઉંધિયું વગેરેમાં આપણી સમા-જના માધ્યમિક વર્ગનાં જીવન આલેખવાના સારા પ્રયત્નો છે.

નર્મહાસ્યના લેખોની પેઠે સ્થૂલ હાસ્યનું સર્જન પણ નાની-મોટી વાર્તાદ્વારા લખનારા ખંધેડિયા, ઓલિયા જોશી અને મસ્ત ફકીરે ગુજરાતનાં વિનોદી સાહિત્યમાં ઠીક ફાળો આપ્યો છે. ખંધેડિયાની નવનવી વાતો અને દેવોને ખુલ્લા પત્ર; મસ્ત ફકીરનો હાસ્યભંડાર, મુક્તાહાસ્ય વગેરે કૃતિઓ; ઓલિયાજોશીનાં અખાડાનાં પુસ્તકો; આ પુસ્તકો નર્મહાસ્યના સાહિત્યના અભ્યાસીએ અવશ્ય જોઈ જવાં જોઇએ.

આવાં વિનોદાત્મક લખાણોમાંથી સાહિત્યકૃતિ તરીકે તો રમણભાઈ અને ધનસુખલાલનાં લખાણમાંથી કોઈ કોઈ જ સ્વીકારાય તેવાં છે. સાહિત્યગુણવાળી નવલિકા ગણાય એવી તો ઘણી થોડી છે. રમણભાઇની ચિઠ્ઠી, આંજણી તથા ધનસુખલાલની સાસુજી, બા, બીજવર જેવી વાતો નવલિકા તરીકે અવશ્ય સત્કાર પામે. અતિસુખશંકર ત્રિવેદી કૃત નિવૃત્તિવિનોદ અને સાહિત્યવિનોદ પણ આ જાતની જ કૃતિઓ છે. નવલિકામાં અને નર્મહાસ્યની વાર્તામાં તાત્ત્વિક ભેદ ઉદ્દેશ અને કળામય વિધાનના પ્રકારનો છે. નર્મહાસ્યની કોઈ કોઈ વાતમાં નવલિકાયોગ્ય કળાવિધાન આવી ગયું હોય ત્યારે તેની ગણના નવલિકા તરીકે અવશ્ય કરી શકાય. નવલિકા તરીકે ગણાતા છતાં નર્મહાસ્યનાં લખાણ શુદ્ધ સાહિત્યમાં સ્થાન પામે કે કેમ એ એક પ્રશ્ન છે. નવલિકા સાહિત્યની પેઠે, નર્મહાસ્ય સાહિત્ય પણ હમણાં હમણાં સારો વિકાસ પામે છે અને લોકપ્રિયતા પણ મેળવે છે. એટલે શુદ્ધસાહિત્યની મર્યાદાનું નિરાકરણ તો ભવિષ્યના સાહિત્યપરીક્ષકો માટે રાખવું એ જ યોગ્ય છે.

ધનસુખલાલ અને જાગીરદારની પેઠે સાધારણ જીવનવ્યવહારમાંથી પ્રસંગો ઉપસ્થિત કરેલા હોવા છતાં, રમણભાઈની પેઠે વિચિત્રતાના પાયા પર લેખઈમારત ચણનારા, જ્યોતીન્દ્ર દવે વિચિત્ર સમજફેર, સ્વાભાવિક લાગે તેવો અર્થફેર, વક્રદૃષ્ટિ અને વક્રસમજથી કેવા ગોટાળા મચી રહે છે એ બતાવી, નર્મહાસ્યના અને કોઈ કોઈ વખત સ્થૂલહાસ્યના ઓઘ વર્ષાવનારા છે. તેમનાં નોંધપોથી અને રંગતરંગનાં પુસ્તકો નર્મહાસ્ય સાહિત્યમાં સારી ભાત પાડે છે. ધનસુખલાલ મહેતા અને જ્યોતિન્દ્ર દવેએ મળી 'અમે બધાં' નામની કૃતિમાં સુરતના મુખ્ય અને ગુજરાતીના સામાન્ય જીવન નાર્મિક રસથી આલેખી નર્મહાસ્યનાં પુસ્તકોમાં એક સારા પુસ્તકનો ઉમેરો કર્યો છે.

પ્રકરણ ૯ : નાટક

સંસ્કૃત નાટકસાહિત્ય જગતના ઉત્તમ નાટકસાહિત્યમાં પણ ઊંચું સ્થાન પામે છે. સંસ્કૃત કવિઓમાં ઉત્તમોત્તમ ગણાતા બે ત્રણ ગુજરાત–કાઠિયાવાડ પ્રદેશમાંથી થયા છે; છતાં ગુજરાતીઓમાં નાટકસાહિત્યનો કાંઈ જ વિકાસ થયો નથી એ આશ્ચર્યની વાત છે. બંગાળી અને મરાઠી ભાષામાં નાટકસાહિત્ય સારું ખેડાયું છે, પરંતુ ગુજરાતી ભાષા એ સદ્ભાગ્યથી વંચિત જ રહી છે.

જૂના કવિઓમાંથી માત્ર એકલા પ્રેમાનંદના નામ પર ત્રણ નાટકો ચડાવાયાં છે. તે પ્રેમાનંદનાં જ લખેલાં, કે તેના સમયમાં લખાયેલાં હશે કે કેમ એ શંકા હજી સુધી તો સમાધાન વગર જ ઊભી છે.

તે નાટકો સંસ્કૃત નાટકોની જ પદ્ધતિથી લખાયેલાં છે; તેમાં ગુજરાતીત્વ તો થોડું જ છે. તે પ્રેમાનંદનાં હોય કે ગમે તેનાં હોય; ઊંચી કોટિના સાહિત્યમાં ગણના પામે તેવાં તો નથી જ.

જૂના અને મધ્યયુગના સમયમાં નાટકસાહિત્ય સરજાયું હોય તોપણ કશી જ માહિતી ઉપલબ્ધ નથી—નાટકોનો એક બગડેલો અવતાર મધ્યયુગમાં હતો એટલું જાણવામાં છે. ગ્રામલોકોને આનંદ અને વિનોદ આપનારી ભવાઇ નાટકના સંતાન તરીકે ગણીએ, તો તે બહુ જ બગડેલું સંતાન જ કહેવું

જોઇએ–બગડતાં બગડતાં એટલું હલકું થઇ ગયું હતું કે તેનું નામ લેતાં પણ શરમાવું જોઇએ. એક બીજું કાંઇક સભ્ય સંતાન હતું રામલીલાને રૂપે–ધાર્મિક તહેવારોમાં, ધાર્મિક શ્રદ્ધાથી, કૃષ્ણના અને રામના જીવન પરથી લીલાઓ ભજવાતી–પણ ભવાઈ કે રામલીલા નાટકસાહિત્યમાં ગણના પામી શકે તેવાં તો નહોતાં જ.

અંગ્રેજી રાજ્ય પછી દેશમાં જે શાંતિ ફેલાઇ તેને પરિણામે શહેરો સમૃદ્ધ થતાં ગયાં અને શહેરી જનતાને આનંદવિનોદનાં સાધનોની જરૂર લાગી. આવી જરૂરિયાત-માંથી શહેરોમાં નાટક ભજવવાની શરૂઆત થઇ. મુંબઇમાં તે શરૂઆત પારસીઓએ કરી–પહેલાં તો ઉર્દૂ–હિન્દુસ્તાની-માં ભજવાતાં, પણ હળવે હળવે ગુજરાતી ભાષામાં ભજવાવા લાગ્યાં. પારસી કંપનીઓ બીજાનાં લખેલાં નાટકો વેચાતાં લેતી. ગુજરાતીમાં લખનારાઓને આથી સારી તક મળતી. આવા લખનારાઓમાંથી એક વાર બે ત્રણેક લેખકો તે કંપની પાસે પોતાનું નાટક લઇને ગયા, પણ કંપનીએ તેની ઘટતી કદર ન કરી. લેખકોને તેથી ગુસ્સો ચડ્યો અને પોતામા નાટકની યોગ્યતા પુરવાર કરવા એક નાટક કંપની કાઢી, પારસી કંપનીવાળા પાસે ભૂલ કબૂલ કરાવવી એવો આગ્રહ તે લેખકોએ પકડ્યો. તે ઉપરથી તેઓ રણછોડભાઇ ઉદયરામ દવે પાસે ગયા, અને વસ્તુસ્થિતિ સમજાવી તેમની મદદ માગી. રણછોડભાઇએ પૂરા ઉત્સાહથી મદદ કરી. 'ગુજરાતી નાટક કંપની' એવા નામથી એક નાટક કંપની બધાએ ભેગા મળી કાઢી. રણછોડભાઇ એ કંપનીને નાટકો લખી આપતા. આ કંપની આઠદશ વર્ષ ચાલી. તે ચલાવાય એવું ન રહ્યું એટલે મૂળ લેખકોએ તે વેચી નાખી. પછી તે દયાશંકરે લીધી, અને 'મુંબઇ ગુજરાતી નાટક કંપની' એવું નામ

રાખ્યું. દયાશંકર બહુ લોકપ્રિય નટ તરીકે મુંબઈની જનતામાં સારી કીર્તિ ભોગવતા હતા. અમુક નાટકમાં દયાશંકર પાઠ ભજવવાના છે એમ જાહેર થાય એટલે પ્રેક્ષકગણ મોટી સંખ્યામાં તે નાટક જોવા જતા. આ કીર્તિનો લાભ લઈ દયાશંકરે જૂની નાટક કંપની વેચાતી લીધી અને વર્ષો સુધી ચલાવી. દયાશંકર જુદા જુદા લેખકો પાસેથી નાટકો વેચાતાં લેતા અને એકાદ સારા કવિલેખકને તો હમેશાં કંપનીના કવિ તરીકે રાખતા. આ નાટકોમાં મુખ્ય ધ્યાન પ્રેક્ષકની પ્રસન્નતા ઉપર જ રહેતું, એટલે નાટકોમાં સાહિત્યગુણ છે કે કેમ એ ભાગ્યે જ જોવાતું. નાટકમાંથી ધનપ્રાપ્તિ કરવી એ જ લક્ષ્ય હતું, એટલે પ્રેક્ષકપ્રિય થાય એ જ દૃષ્ટિ રહેતી. નાટકોનું કામ જનતાને રંજન કરી આડકતરી રીતે કેળવવાનું પણ છે એ સમજ નાટકના લેખકોમાં કે માલેકોમાં હતી જ નહિ. છતાં મુંબઈની પ્રજાનો નાટકનો શોખ પૂરો કરવામાં 'મુંબઈ ગુજરાતી નાટક કંપની'એ બહુ જશ મેળવ્યો હતો. ભજવાતાં નાટકોમાં કોઇ કોઇ સારાં પણ હતાં—જોકે સાદ્યંત સારાં તો ભાગ્યે જ બે ચાર ગણાય. 'અજબ કુમારી' નામનું એક નાટક સાદ્યંત સારું હશે ખરું. તે નાટકની અંદરનાં કાવ્યો તો એકેએક સુંદર કવિત્વવાળાં છે. શોકપરિણામી હોવાથી એ લોકપ્રિય બન્યું નહિ એટલે બહુ જ થોડું ભજવાતું. નાટકો આખાં તો છપાતાં નથી એટલે સંવાદ વગેરે ગદ્યભાગ માટે સ્મૃતિ પર જ આધાર રાખવાનો રહે. "અજબ કુમારી" માત્ર એક જ વાર અને તે પણ વર્ષો પહેલાં—લગભગ ઇ. સ. ૧૯૦૫ કે ૧૯૦૬ માં—જોયેલું હોઈ સ્મૃતિના સંસ્કાર ઝાંખા થઈ ગયા છે. સાહિત્યકૃતિ તરીકે પણ તે કદર કરવાલાયક હતું એમ આછી આછી સ્મૃતિ પરથી કહી શકાય છે. મુંબઈ ગુજરાતી કંપનીએ ભજવેલાં સંખ્યાબંધ નાટકોમાં કોઈ

સંવાદ, કોઇ પાત્રચિત્ર, કોઇ ગીત સારાં હતાં; પરંતુ તેવાની કદર કરવા હમણાં સાધન નથી. ઇ. સ. ૧૯૦૮ સુધીનાં જુદાં જુદાં નાટકોમાં સારાં કવિત્વ અંશવાળાં સંગીતો સંગીતમંજરી નામના એક[×] કાવ્યસંગ્રહમાં દાખલ કરવામાં આવ્યાં છે. પરંતુ અભ્યાસની દૃષ્ટિ કાંઈક ટૂંકી અને એકતરફી, મમત્વની પક્ષપાતવાળી કદરવૃત્તિ, જૂનાં લખાણો ભૂલાય તો ભલે એવી પ્રકૃતિ, વગેરે વગેરે કારણોથી ગુજરાતી સાહિત્યમાં અનેક ઊણપો રહે છે. આ કારણથી નાટકો તરફ ઉદાસીનતા ચાલુ જ છે. મુંબઇ ગુજરાતી નાટક કંપનીનાં પણ કોઈ કોઈ નાટક અથવા તો તેમાંનાં કાવ્યો, સંવાદો કે પ્રસંગો ભૂતકાળના વિસ્મૃતિગર્તમાંથી બહાર કાઢવા લાયક તો અવશ્ય હશે. તે કંપનીનાં નાટકોમાંનું એક 'સૌભાગ્યસુંદરી' ઘણું જ લોકપ્રિય થયું હતું. તે નાટકના મૂળ લેખક નથુરામ સુંદરજી કવિ હતા, જો કે મૂળ કૃતિ પર સુધારાવધારાના અનેક અખતરાઓ કરવામાં આવ્યા હતા એમ અધિકારીઓ તરફથી કહેવામાં આવ્યું હતું.

મુંબઇ ગુજરાતી કંપની કમાણી કરવામાં ફાવવા મંડી એટલે નાટક કંપની કાઢવા તરફ બીજા લોકોનું વલણ થવા લાગ્યું. કેટલીક કંપનીઓએ કેટકેટલા ખેલો ભજવ્યા હશે એ વિષે ઐતિહાસિક નોંધ તો કોઇએ કરી નથી. બે ચાર પાંચ ઠીક જાણીતી થઇ હતી, એટલે તે વિષે થોડી માહિતી આપી શકાય તેવું છે. 'મોરબી આર્યસુબોધ નાટક' કંપની મૂળજી આશારામે કાઢી હતી; માલેકના ભાઇ વાઘજી આશારામ (ઇ. સ. ૧૮૫૦–૧૮૯૭) તે કંપની માટે નાટકો લખતા હતા. તે કંપની કાઠિયાવાડમાં સારી કમાણી કરી શકી એટલે

× ગુજરાતીમાં લખાયેલાં સંગીતોમાંથી પસંદગી કરી આ સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે.

હળવે હળવે ગુજરાત અને મુંબઈ પણ જવા લાગી. વાઘજીભાઇનાં લખેલાં નાટકોમાંથી કેટલાંક આખાં છપાયાં છે. લોકરંજન ઉપરાંત ખાસ વિશિષ્ટતાનો દાવો કરી શકે એવું એ નાટકોમાં કાંઈ નથી. વસ્તુસંયોજનમાં સારી આવડત હતી; લોકજીવનમાંથી ચૂંટી કાઢેલા નર્મહાસ્યના કેટલાક સુંદર પ્રસંગો હતા; ઉદ્દેશ હમેશાં ઊંચો અને પવિત્ર; અને સમગ્ર વાતાવરણ સામાન્ય જનતાને ખુશ કરે તેવું હતું. નાટ્યઅભિનય તથા દૃશ્યોને આબેહૂબ બનાવવાની કળામાં પણ ઠીક સફળતા મેળવી હતી, એટલે તેનાં નાટકો સારી લોકપ્રિયતા મેળવી શકયાં હતાં. એક કંપની સારી ચાલે એટલે દેખાદેખીએ બીજી પણ નીકળે એ મનુષ્યસ્વભાવનું લક્ષણ છે. મોરબી નાટક કંપની સારી ચાલવા મંડી એટલે વાંકાનેરનિવાસી બે ત્રંબકભાઈઓએ પણ એ સાહસ ઉપાડયું. પ્રતાપ, શિવાજી, હલામણ જેઠવો વગેરે વીર ધીર પુરુષોનાં જીવન પરથી નાટકો ભજવવાની શરૂઆત કર્યા પછી કેટલેક વખતે તે ભાઇઓને ભક્તજીવનને નાટકમાં બતાવવાનું સૂઝયું—નરસિંહ અને મીરાં એ બે નાટકો ભજવ્યાં. તેમાંનું નરસિંહ મહેતાનું નાટક તો લોકરુચિને એટલું બધું ગમી ગયું હતું કે નાટકના નામને માટે પણ તિરસ્કાર બતાવનારા અને નાટકમાં કદી ન જનારા પણ નરસિંહ મહેતાનું નાટક જોવા જતા. ગામડાંના લોકો, વૃદ્ધ સ્ત્રીઓ, ધર્મ પર શ્રદ્ધાવાળાં સ્ત્રીપુરુષો નરસિંહ મહેતાનાં દર્શન કરવા ખાતર નાટક જોવા જતાં. વારંવાર પાઠ ભજવ્યા કરવાથી નરસિંહ મહેતાનો પાઠ ભજવનાર ત્રંબકલાલને એટલી બધી અસર થઈ ગઈ કે જતે દહાડે તે નરસિંહ મહેતારૂપ જ થઈ ગયો—નાટક છોડી પોતે ભક્તજીવનમાં જ તન્મય થઈ ગયો.

'સૌભાગ્ય સુંદરી'ના લેખક નથુરામ સુંદરજી કવિ (ઇ. સ.

૧૮૬૨-૧૯૨૩) એ પણ એક નાટક કંપની કાઢી હતી. નાટકો પોતે જ લખતા. તે કવિ હતા, હિન્દી, વ્રજભાષા અને સાંહિત્યના સારા અભ્યાસી હતા; કાઠિયાવાડમાં બે ત્રણ રાજ્યોના રાજકવિ પણ હતા. તેમની કવિતા દલપતચરણની હતી એટલે સામાન્ય વાચકોમાં સારો પ્રચાર પામતી. નાટકોમાંનાં ગીતોમાં કવિત્વ સારા પ્રમાણમાં છે. તેમનાં નાટકોમાં પાત્રો વધારે પડતાં આવતાં પણ પાત્રનિરૂપણ, વસ્તુસંકલના, લાગણીઓનું આલેખન અને ભાષામાં યમકાદિનો ઉપયોગ વગેરેમાં ઈશ્વરદત્ત બક્ષિસને લીધે સારી કુશળતા હતી. કુમુદચંદ્ર, લાલખાંની લુચ્ચાઈ, રાજયોગી, માધવોનળ, કબીરવિજય વગેરે નાટકો પ્રેક્ષકપ્રિય બન્યાં હતાં-તેમાંના કોઇકોઈમાં સંવાદમાં અને ગીતોમાં સાહિત્યગુણ સારા પ્રમાણમાં આવેલો છે.

નથુરામ સુંદરજીનાં નાટકો કરતાં વધારે જાણીતાં, વધારે લોકપ્રિય અને એકંદરે સાહિત્યગુણમાં ચડિયાતાં નાટકો ડાહ્યાભાઇ ધોળશાજીએ લખ્યાં અને ભજવાવ્યાં છે. ડાહ્યાભાઈ (ઇ. સ. ૧૮૬૭-૧૯૧૨) નવી કેળવણીના સંસ્કાર પામ્યા હતા, અને જાતે શિક્ષક તરીકેનો ધંધો સ્વીકાર્યો હતો. તેમને જૈન સિદ્ધાંતમાં ખૂબ શ્રદ્ધા હતી. નાટક કંપનીઓનું વાતાવરણ સુધારવાના હેતુથી તેમણે નાટકનો ધંધો ગ્રહણ કર્યો હતો. તેમનાં નાટકોનાં વસ્તુઓમાં એક જાતની એકતાનતા આવતી હતી, છતાં વિગતોમાં વૈવિધ્ય હતું; પાત્રવિકાસ અને પાત્રઆલેખનમાં કળામય કુશળતા હતી અને લોકરંજનની પણ સારી આવડત હતી; એટલે તેમનાં બધાં નાટકો પ્રેક્ષકપ્રિય બન્યાં હતાં; ગીતોમાંથી કેટલાંક સારી સાહિત્યકૃતિ તરીકે ગણના પામે તેવાં હતાં. ડાહ્યાભાઇવાળી કંપનીએ દશાની ચક્રગતિના અનુભવ ખૂબ મેળવ્યા છે-સારાં સારાં નાટકો ભજવવાની તેની પ્રતિષ્ઠા હમણાં

પણ ટકી રહી છે. ચાલુ એટલે ૧૯૪૨ની સાલમાં પ્રભુરામ દ્વિવેદી નામના તે કંપનીના કવિલેખક 'વડીલોને વાંકે' નામના નાટકથી ખૂબ જાણીતા થયા છે. પ્રભુરામ દ્વિવેદીનાં બીજાં પણ ત્રણચાર નાટકો પ્રેક્ષકોમાં સારી પ્રશંસા પામ્યાં છે.

નાટક કંપની ભજવી શકે તેવાં નાટકો લખવા સાક્ષરો અને વિદ્વાનોએ પ્રયત્નો કર્યાં છે, પણ તેમાં જશ મેળવવા કોઇક જ ભાગ્યશાળી થયા છે. મણિલાલ નભુભાઇએ મુંબઈ ગુજરાતી નાટક કંપની માટે એક નાટક લખ્યું હતું–ઘણું કરી 'નરસિંહાવતાર' એવું નામ હતું, પણ પ્રેક્ષકોને તે ગમ્યું નહોતું. રણછોડભાઈ ઉદયરામનાં કેટલાંક નાટકો પહેલાં ભજવાતાં હતાં; પણ થોડા જ વખતમાં જમાનો ફરી ગયો. રણછોડભાઈનાં નાટકોમાંથી એક 'લલિતાદુઃખદર્શક' સારી લોકપ્રિયતા મેળવી શકયું હતું.

પછીના જમાનામાં નૃસિંહપ્રસાદ વિભાકરે નાટકો લખવા માંડ્યાં હતાં. બે ત્રણેક પાંચપંદર વાર ભજવાયાં હશે, પરંતુ તે પ્રવૃત્તિ વધુ વાર ટકાવી શકયા નહોતા. પછી ગજેન્દ્રશંકર પંડ્યા નાટક લખવાની પ્રવૃત્તિમાં પડ્યા હતા–પણ ત્રણ ચારેકથી વધારે લખી શકયા નથી. તેમનાં નાટકો તો બીજા સામાન્ય લેખકોના નાટકો જેવાં જ હતાં–એમ. એ. સુધીના અભ્યાસનાં અને સંસ્કૃતના ઊંચા જ્ઞાનનાં ખાસ ફળ નાટ્યકૃતિઓને કાંઈ જ મળી શક્યાં લાગતાં નથી.

ભજવાતાં નાટકોની સ્થિતિનો ઉપર જે સંક્ષિપ્ત પરિચય આપ્યો છે તે પરથી જાણી શકાશે કે સાચું કવિત્વ કે શુદ્ધ સાહિત્યગુણ કોઇકમાં જ માલૂમ પડે છે. થોડા સારા અંશો હોય તોપણ આખાં છપાય નહિ એટલે વાચન–અધ્યયન માટે અવકાશ જ ન રહે. ભજવાતાં નાટકો સાધારણ રીતે એવાં

ક્ષુલ્લક હોય છે કે શિષ્ટ લોકોમાં તે માટે ઘૃણા જ ઘર કરી રહી છે. તેવાં નાટકોમાં સત્ત્વાંશ ઘણો નજીવો હોવાથી સાહિત્ય-દૃષ્ટિએ ચર્ચા કે સમાલોચના ભાગ્યે જ થયેલ છે.

નાટક સાહિત્યનું એક આવશ્યક અને આકર્ષક અંગ છે એ તો કોઇ દિવસ વિસરાયું નથી. સાહિત્યસેવકોએ નાટક લખવાની પ્રવૃત્તિ વિસારી નથી. નવીન પ્રકાશનાં કિરણો પડ્યાં ત્યારથી જ, ભજવાતાં નાટકોની શરૂઆત થઈ ત્યારથી જ, સાહિત્યસર્જકોએ નાટકો પણ લખવા માંડ્યાં છે. નર્મદાશંકર, દલપતરામ, નવલરામ ત્રણેએ નાટકો લખ્યાં છે. નર્મદાશંકરનાં તો બધાં વિસરાઈ ગયાં છે. દલપતરામનું મિથ્યાભિમાન નાટક કાંઈ ખાસ ગુણવાળું તો નથી જ, પણ જીવરામ ભટ્ટ ગુજરાતમાં એટલા બધા જાણીતા થઇ ગયા છે કે મિથ્યભિમાન શબ્દના પર્યાય તરીકે ગુજરાતીમાં વપરાય છે. કટાક્ષપાત્રના તે સફળ સર્જનથી તે નાટક યાદ રહે છે. નવલ-રામનું 'ભટ્ટનું ભોપાળું' ઘડીક ગમ્મત આપે તેવી કૃતિ છે–હાસ્યોત્પાદક અને સુવાચ્ય હોઈ આનંદ આપે તેવું તો છે, પણ સાહિત્યકૃતિ તરીકે તો ભાગ્યે જ સ્વીકારાય. બીજું 'વીરમતી' નાટક અભ્યાસ કરવા લાયક અને નાટ્યકૃતિ તરીકે સફળ કહી શકાય–ભજવવા લાયક તો ભાગ્યે જ કહેવાય, પણ વાંચવા લાયક નાટક તો અવશ્ય ગણી શકાય. પાત્રનિરૂપણ, જ્ઞાનચર્ચા, સંવાદકુશળતા અને ભાવોનાં આલેખનમાં સારી સફળતા મેળવી છે, જો કે તે નાટકમાં ખાસ આકર્ષકતા કે મોહ પમાડે તેવી રસિકતા તો નથી.

પછીના જમાનામાં થયેલા વિદ્વાન સાક્ષરોએ પણ નાટકો લખ્યાં તો છે. ભાષાંતર તરફ જરાક વધારે પ્રવૃત્તિ થઈ છે એ ખરું છે, તોપણ સ્વતંત્ર કૃતિ માટે પણ પ્રયાસો તો થયા

છે જ. મણિલાલ નભુભાઈએ ‘માલતી માધવ’ અને ‘ઉત્તરરામચરિત’નાં ભાષાંતર કર્યાં છે–ઉત્તરરામચરિત તો એવું સુંદર થયું છે કે સ્વતંત્ર કૃતિ જેવું જ તે લાગી જાય. ‘કાન્તા’ નાટક એ તેમની સ્વતંત્ર કૃતિ છે. ગુજરાતીમાં નાટકોનો લગભગ અત્યંતાભાવ હોવાથી, ઘણા કાળ સુધી ‘કાન્તા’ સારી પ્રશંસા મેળવી રહ્યું હતું. હરિલાલ હર્ષદરાય ધ્રુવ, બાલાશંકર ઉલ્લાસરામ, દોલતરામ કૃપારામ અને બીજા લેખકોએ પણ નાટકો લખ્યાં છે, પણ નિભાવી રાખવા જેટલી લાયકાતવાળાં કોઈ જ નીવડ્યાં નથી.

સંસ્કૃતમાંથી ભાષાંતરરૂપે ઘણાં નાટકો ગુજરાતીમાં લખાયાં છે. ભવભૂતિનાં બેનાં ભાષાંતર મણિલાલ નભુભાઈએ કર્યાં છે એ ઉપર કહેવાઈ ગયું. શૂદ્રકના ‘મૃચ્છ કટિક’નું ભાષાંતર બાલાશંકર કંથારિયાએ કર્યું છે. તે ભાષાંતર સુવાચ્ય, રસભર્યું અને સફળ છાપ પાડનારું હોવા છતાં, બજારમાં ચાલુ ન હોવાને કારણે ભૂલાઈ જવાયું છે. કાલિદાસનાં, ભાસનાં, અને શ્રીહર્ષનાં તો લગભગ બધાંનાં અને બીજાં પણ કેટલાંકનાં ભાષાતર થઈ ચૂકયાં છે. ભાષાંતરમાં સારામાં સારો જશ કેશવલાલ હર્ષદરાય ધ્રુવે મેળવ્યો છે.

કાલિદાસના સારામાં સારા નાટક શાકુંતલનો ભાષાવતાર કરવામાં પૂરી સફળતા કોઈને મળી નથી. પ્રયત્નો ઘણા થયા છે, પણ કાલિદાસત્વ તો કોઈ ઉતારી શકયું નથી. શબ્દાર્થ અને ભાવાર્થ ઝીલવાના પ્રયત્નમાં કાંઈક અંશે ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક અને સંપૂર્ણ અંશે બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ફાવ્યા છે–ભાવ અને કવિત્વને ગુજરાતીમાં પ્રતિબિંબિત કરવામાં મનસુખલાલ ઝવેરી સારી સફળતા મેળવી શકયા છે. એકદમ અને એકલી સરળતા જોઈએ તો પહેલા જ ભાષાંતરકાર દલપતરાય ખખ્ખરમાં છે. આ લેખકો ઉપરાંત

પણ મગનભાઈ ચતુરભાઈ પટેલ, ન્હાનાંલાલ કવિ વગેરેએ પણ શાકુંતલને ગુજરાતીમાં લખવા શ્રમ લીધો છે, પણ છતાં શાકુંતલ હજી સુધી સફળ ભાષાંતર વિનાનું જ રહ્યું છે.

મુદ્રારાક્ષસ, મૃચ્છકટિક, વેણીસંહાર અને બીજાં પણ સારાં સારાં સંસ્કૃત નાટકો ગુજરાતીમાં ઊતરી ચૂક્યાં છે. ઉપર સૂચવ્યું છે તેમ સંસ્કૃતમાંથી ભાષાંતર કરવામાં કેશવલાલ હર્ષદ-રાય ધ્રુવનો ફાળો સૌથી મોટો છે. તેમણે ભાષાંતરોને એવું સુંદર ગુજરાતી સ્વરૂપ આપ્યું છે કે સાચું સ્વપ્ન, પરાક્રમની પ્રસાદી, વિન્ધ્યવનની કન્યકા વગેરેના મૂળ લેખકનો આપણને સરસ પરિચય થાય છે, કૃતિ માટે માન ઉત્પન્ન થાય છે અને મૂળ લેખક અને ભાષાંતરકાર જે રસલહાણ આપે છે તે માટે અત્યંત પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ભાષાંતરકારમાં પણ સર્જક-શક્તિ હોવી જોઇએ, કવિત્વ હોવું જોઇએ, નૈસર્ગિક સાહિત્યગુણ હોવો જોઇએ એ આપણને કેશવલાલ ધ્રુવનાં ભાષાંતરોથી સમજવામાં આવે છે.

સંસ્કૃત ભાષામાં લખાયેલાં નાટકો ગુજરાતીમાં ઉતારવામાં સ્વાભાવિક સરળતા હોવાથી સંસ્કૃતમાંથી નાટકોનાં ભાષાંતર સારા પ્રમાણમાં થયાં છે. અંગ્રેજી ભાષાનો સંગીન અભ્યાસ હોવા છતાં, અંગ્રેજી નાટકોમાંથી સારાં ભાષાંતર હજી સુધી થઇ શક્યાં નથી; અંગ્રેજીમાંથી જ ન થયાં હોય, એટલે પછી ફ્રેન્ચ, જર્મન કે બીજી યુરોપીય ભાષામાંથી સીધાં ભાષાંતરો-ની તો આશા જ કેમ રખાય? જો કે તેમાં એક અપવાદ છે. ઈશ્વરભાઈ પટેલે જર્મન ભાષામાંથી વિલ્હેમ નામના નાટકનું સીધું ભાષાંતર કર્યું છે.

હિન્દુસ્થાનની ઈતર ભાષાઓમાંથી મરાઠી, બંગાળી અને હિન્દીમાંથી ભાષાંતરો થયાં છે. બંગાળીમાંથી મેઘાણીએ કરેલાં

શાહજહાં અને પ્રતાપરાણો એ બે ખાસ નોંધવા લાયક છે. સ્વતંત્ર કૃતિ જેવાં જ તે સુંદર અને આકર્ષક છે. શાહજહાં અને પ્રતાપરાણોના બંગાળી લેખક દ્વિજેન્દ્રલાલ રોયનાં બીજાં નાટકોનાં પણ ભાષાંતર થયાં છે અને રવીન્દ્રનાથ ટાગોરનાં નાટકો પણ ગુજરાતીમાં ઉતારાયાં છે. ટાગોરનું 'ચિત્રા' નાટક મહાદેવ હરિભાઇએ 'ચિત્રાંગદા' એ નામથી ગુજરાતીમાં ઉતાર્યું છે. ચિત્રાંગદા મેઘાણીનાં પ્રતાપરાણો અને શાહજહાંની પેઠે સફળ અને સુંદર સાહિત્યકૃતિ છે.

ભાષાંતરોમાં કોઇ કોઈ કૃતિ ઘણી જ સરસ હોવા છતાં ગુજરાતી નાટક સાહિત્યની સ્થિતિ હજી સુધી તો અસંતોષ આપનારી જ છે. સ્વતંત્ર કૃતિઓ ઘણી થોડી છે. મણિલાલ નભુભાઈનાં 'કાન્તા' પછી રમણભાઇનું 'રાઈનો પર્વત' અને ન્હાનાલાલનું 'જયાજયંત' એ બે કૃતિ હજી સુધીના આપણા નાટકસાહિત્યમાં સારામાં સારી છે. તેમાં પણ ખરાં અને સર્વાંગ સુંદર નાટક તરીકે તો 'રાઇનો પર્વત' જ છે. 'જયાજયંત'માં તેજસ્વી કલ્પના, ઉન્નત આદર્શ, આશ્ચર્યકારક મનોનિગ્રહ, અપાર્થિવ વાતાવરણ, સુંદર પાત્રો અને પ્રશંસનીય કલાવિધાન હોવા છતાં તેને આદર્શ નાટક તો ભાગ્યે જ કહી શકાય. નાટ્યાંશોથી ભરેલું હોવા છતાં, તેને નાટકના કરતાં વિશિષ્ટ પ્રકારનું કાવ્ય જ ગણવું જોઇએ. પ્રવેશો છે, નાટકને યોગ્ય પ્રસંગો છે, નાટકમાં હોવી જોઇએ તેવી ક્રિયાઓ પણ છે; ભાષા, પાત્રવિકાસ, સંવાદો એ બધાં સુંદર હોવા છતાં, તે બધાંમાં સાચાં નાટકનું તત્ત્વ જણાતું નથી. ન્હાનાલાલે બીજાં પણ નાટકો લખ્યાં છે. વિશ્વગીતા, અકબરશાહ, નૂરજહાં, સંઘમિત્રા વગેરે. એ બધી સુંદર કૃતિઓ છે, સાહિત્યકૃતિ તરીકે ગુણગૌરવશાલી છે; કોઈ કોઈની ઉત્ત-

મતા સર્વમાન્ય થઈ ચૂકી છે, છતાં નાટકસાહિત્યમાં તે કૃતિઓ વધારો કરે તેવી નથી.

'રાઈનો પર્વત' એ નાટક તરીકે સર્વ રીતે સફળ કૃતિ છે. ગુજરાતીમાં સારામાં સારી સ્વતંત્ર કૃતિ તરીકે તો એ એકલું જ ગણાવી શકાય. બળવંતરાય ઠાકોરકૃત 'ઊગતી જુવાની' સારો અખતરો હોવા છતાં, સર્વાંગસુંદર નાટક બની શક્યું નથી. મુનશી-નાં નાટકો પણ આપણા નાટકસાહિત્યમાં વધારો કરનારાં નથી.

નાટકલેખક તરીકે જે જે ગુણો જોઈએ તે આપવામાં કુદરત જ કૃપાવર્ષી બની નથી. નાટક લખવાનો મોહ ઘણા લેખકોને થાય છે, અને તેથી ગુજરાતીમાં નાટકો લખાયાં છે, જો કે સંખ્યાપ્રમાણ બહુ મોટું તો ન કહેવાય. નાટકો ભૂત-કાળમાં લખાયાં છે, હમણાં પણ લખાય છે, અને ભવિષ્યમાં પણ લખાશે. કાલિદાસ, ભવભૂતિ, શેકસપિયર, કે દ્વિજેન્દ્રલાલ રૉય તો કુદરતની કૃપા થશે ત્યારે જ ગુજરાતમાં અવતરશે. ત્યાં સુધી તો જેવા લેખકો મળે તેવાને વધાવી લેવા એ જ આપણું કર્તવ્ય.

એવા વધાવવા લાયક પ્રયત્નો પણ થયા છે–થાય છે એટલી સંતોષની વાત છે. ચંદ્રવદન મહેતાકૃત 'આગગાડી' એ સારી કૃતિ તરીકે સ્વીકારાય એવું નાટક છે. ચંદ્રવદન મહેતા (જન્મ ઈ. સ. ૧૯૦૧) એ બીજાં નાટકો પણ લખ્યાં છે, અને ઈતર લેખકો પણ નાટકો લખી રહ્યા છે. કેટલાંક એકાંકી નાટકો પણ લખાયાં છે—એકાંકી નાટકો તો નાટક કરતાં સંવાદરૂપ નવલિકાઓ હોય તેવાં લાગે છે. નાટક તત્ત્વનું રહસ્ય સમ-જાવનારી ચર્ચા ઉપસ્થિત કરી, નાટકોનાં આવશ્યક અંગ અને અંશ વિષે નિર્ણય કરનારા લેખોની ગુજરાતીમાં ખાસ જરૂર છે. આવા સાહિત્યના ઉત્પાદન માટે ઘટતી પ્રવૃત્તિ જલદી જ થવી જોઈએ એ પ્રારંભિકાના વાચકોએ ખાસ લક્ષમાં રાખવાનું છે.

પ્રકરણ ૧૦: વ્યાપક સાહિત્ય

સાહિત્યકૃતિઓમાં સત્ત્વભેદને લીધે ભિન્ન ભિન્ન શ્રેણી પડી જાય છે. કેટલીક કૃતિઓ સત્ત્વની ઉચ્ચતાને લીધે ધવલગિરિ જેવી બની રહે છે. ત્યાંસુધી પહોંચનારા પ્રવાસી બહુ વિરલ હોય છે. ગોવર્દ્ધનરામનું 'સાક્ષરજીવન' અને 'સરસ્વતીચંદ્ર'માંનાં કેટલાંક પ્રકરણો, મણિલાલ નભુભાઇનું 'સિદ્ધાંતસાર', આનંદશંકર ધ્રુવનું 'આપણો ધર્મ', ન્હાનાલાલનું 'વિશ્વગીતા', તેમજ 'સત્યાગ્રહની મર્યાદા', 'કાદમ્બરી' વગેરે ઉચ્ચ સાહિત્ય સર્વની પૂજા પામે છે, પરંતુ તેને સમજી, તેમાંના સાહિત્યાનંદનો આસ્વાદ લેનાર ઘણા થોડા નીકળે છે. કેટલુંક સાહિત્ય, વળી, ધવલગિરિ જેવું એકલું અટુલું નથી રહેતું; છતાં ગંગોત્રી જન્મોત્રી બદ્રીકેદાર, દાર્જીલીંગ, મહાબળેશ્વર કે ઉત્તાકામંડ જેવાં વિરલ સ્થાનોના જેવું વિરલ પ્રવાસીઓથી જ સેવાય છે. સરસ્વતીચંદ્ર, ન્હાનાલાલની કેટલીક કૃતિઓ, બળવંતરાય ઠાકોરનું ભણકાર, અખાની અખેગીતા અને વેદાંતવિષયક લખાણો, વગેરે જેવું સાહિત્ય, પાર્થિવ ભાવોથી પર લઈ જઈ, દિવ્યદર્શન કરાવનારું અને ઊંચો આનંદ આપનારું હોઈ, બધા વખાણે છે, પણ પ્રમાણમાં થોડા વાંચે છે. મુનશી તથા રમણલાલની નવલકથાઓ, ધૂમકેતુ–દ્વિરેફની નવલિકાઓ, ખબરદાર, બોટાદકર, નરસિંહરાવ વગેરેનાં કાવ્યો અને વ્યક્તિ વ્યક્તિના ખાસ શોખ અનુસાર નિબંધિકાઓ, સાહિત્યચર્ચાના લેખો, અવલોકનો, વગેરે સાહિત્યના વાંચનારા પુષ્કળ હોય છે. સરસ્વતી-

ચંદ્ર જેવું શિષ્ટ સાહિત્ય, અને નવલિકા, નવલકથા, કાવ્ય, સાહિત્યચર્ચા વગેરે જેવું સુંદર સાહિત્ય સમાજના સુશિક્ષિત સમુદાયમાં સારો પ્રચાર પામે છે.

પરંતુ આવા સાહિત્ય ઉપરાંત બીજું એવું કેટલુંક સાહિત્ય પણ હોય છે કે જે સમાજના ઊંચાનીચા, શિક્ષિત–અશિક્ષિત સમુદાયમાં પ્રચાર પામે છે. આખા દેશમાં લોકધનની પેઠે સર્વત્ર ફેલાય છે. નરસિંહમીરાંનાં કાવ્યો, પ્રેમાનંદનાં દશમસ્કંધ, મામેરું, નળાખ્યાન વગેરે લોકપ્રિય આખ્યાનો, અખાના છપ્પા, દયારામની ગરબીઓ, પ્રીતમદાસનાં પદો, ધીરાભોજાની કાફી અને ચાબખા, દલપતરામનાં કેટલાંક કાવ્યો, નવલરામની ગરબાવળી વગેરે સાહિત્ય ગામડાંમાં અભણવર્ગમાં પણ વ્યાપી રહેલું માલૂમ પડે છે. છતાં એ સાહિત્ય 'શેરિયાં સાહિત્ય' થી તો અવશ્ય જુદા પ્રકારનું છે. મણિકાન્ત કાવ્યમાળામાંનાં કાવ્યો કે નાટક-સિનેમામાંનાં ગીતો જે પ્રતિનું શેરીયું સાહિત્ય છે તેના કરતાં ભજન, કીર્તન, આખ્યાન, પ્રભાતિયાં કે ગરબીચાબખાનું સાહિત્ય અવશ્ય ઊંચી પ્રતિનું છે. આવું સાહિત્ય સમાજના બધા થરોમાં સરખી રીતે વ્યાપક બને છે; સાહિત્ય તરીકેની પ્રતિષ્ઠા સાચવી રાખી, લોકોને પ્રેરણા, સદુપદેશ, અને સન્માર્ગ બતાવવામાં બહુ ઉપયોગી બને છે. સકળ જનસમુદાયમાં વ્યાપવાની શક્તિ હોવાથી, આવા સાહિત્યને વ્યાપક સાહિત્ય તરીકે અહીં ઓળખાવવામાં આવ્યું છે.

આવું વ્યાપક સાહિત્ય ઉત્પન્ન કરવાની શક્તિ જૂના કવિઓમાંથી કોઈ કોઈમાં ખાસ ઊંચા પ્રકારની હતી. નવા લેખકોમાંથી નવલરામ અને દલપતરામનાં લખાણોમાં વ્યાપક બનવાની યોગ્યતા ખૂબ છે. સંસ્કૃત અંગ્રેજીના અભ્યાસમાં વધારે પ્રગતિ થતાં, વિદ્વાનો અને સાહિત્યસર્જકોનાં દૃષ્ટિબિન્દુ નિર-

નિરાળી વિકૃતિને વશ થવા લાગ્યાં. સાહિત્યનો અભ્યાસ સમાજની ઊંચી કોટિના જ ભાગ્યમાં લખાયેલો લાગ્યો. સાહિત્યસર્જકો પણ બુદ્ધિ અને કલ્પનાના ઊંચા પ્રદેશોમાં વિહાર કરવાના શોખીન થતા ગયા. પરિણામ એવું આવ્યું કે સાહિત્યના અભ્યાસીઓ અને ઉચ્ચ સાહિત્યના સર્જકો વિશાળ જનસમાજથી અલગ પડવા લાગ્યા. ભોગીન્દ્રરાવ દિવેટિયા જેવાનાં લખાણો વચ્ચેના મોટા ગાળાને પૂરવા, પુલ જેવાં બની બન્નેને એકબીજાથી જોડેલા રાખવા પ્રયત્ન કરતાં હતાં. 'સુંદરી સુબોધે' ઘણાં વર્ષો સુધી આવા પ્રયત્નો ચાલુ રાખ્યા હતા, અને પછી ઇન્દુલાલ યાજ્ઞિકના માસિક 'નવજીવને' તે પ્રયત્નો ફરી ઉપાડ્યા હતા.

આ પ્રયત્નો માસિકો અને સાપ્તાહિકોદ્વારા ઠીક ઠીક ચાલુ રહ્યા છે. આ કાર્યમાં 'ગુજરાતી' સાપ્તાહિકનો ફાળો ઘણો જ મોટો હતો. ભાગ્યના ચક્રની અસરને પરિણામે 'ગુજરાતી'મા કાંઇક મંદતા આવી, ત્યાં તો મહાત્માજીએ 'નવજીવન' હાથમાં લીધું. ઈન્દુલાલ યાજ્ઞિકનું 'નવજીવન' માસિક હતું તેને સાપ્તાહિક બનાવ્યું અને મહાત્માજીએ તેનું તંત્ર સ્વીકાર્યું ત્યારથી વ્યાપક સાહિત્યનો નવો પ્રવાહ ચાલુ થયો. મહાત્માજીનાં 'હિન્દ સ્વરાજ્ય,' 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો-ઇતિહાસ,' 'આરોગ્ય વિષે વિચારો,' અને 'આત્મકથા' એ બધાં પુસ્તકો વ્યાપક સાહિત્યના સારા નમૂના છે. 'નવજીવન,' અને પછીથી 'હરિજનબંધુ'માંના સ્વતંત્ર ગુજરાતી લેખો, ભાષાની નિર્મળતા, વિચારોનો વેગ, દલીલોની સચોટતા, ભાવની નિખાલસતા અને લાગણીના ઊભરાથી સત્પ્રવાહનાં જે પૂર રેલાવી રહે છે, તે પૂર દેશમાં ખૂણે ખૂણે ફરી વળ્યાં છેઃ તે લખાણો એટલાં બધાં લોકપ્રિય થઈ પડ્યાં છે કે શહેરીઓમાં અને ગ્રામવાસીઓમાં, વિદ્વાનોમાં અને અર્ધશિક્ષિત–અલ્પશિક્ષિત જનતામાં અને ભિન્ન

ભિન્ન અભિપ્રાય ધરાવતા વર્ગોમાં પણ એકસરખા ઉત્સાહથી વંચાય છે. ગાંધીજીની સર્વાનુકૂળ વિચારસરણિ અને વિચારોને વ્યક્ત કરવાની અદ્‌ભુત સરળતાભરી સંસ્કારગૂઢતા, તેમના લેખોમાં એવું અજબ અનિર્વચનીય આકર્ષણ મૂકે છે કે એ લેખો વારંવાર વાંચ્યા કરવાનું મન થયા કરે છે. વિચાર–વિરોધ હોય તોપણ લેખનશૈલીમાં એવી મોહની છે, ભાષા અને વિચારમાં એવો ઊંચી જાતનો નિર્મળ પ્રસાદ છે, કે તેમનું લખાણ ઊંચા સાહિત્યની કૃતિની પેઠે વાંચ્યા કરવાનું ગમ્યા કરે છે. ઉચ્ચ સાહિત્યમાં જે જે આકર્ષક ગુણો હોય છે તે બધા ગાંધીજીનાં લખાણમાં સર્વવ્યાપી જેવા માલૂમ પડે છે. હૃદયનો ભાવ એવો જોરથી પ્રકટ થાય છે કે વાચક મુગ્ધ બની, તન્મય અને તદ્‌વશ થઈ જાય છે. વર્ણનોમાં એવી સ્વાભાવિક ચિત્રમયતા આવી જાય છે કે જાણે કોઇ કળાકુશળ ચિત્રકારની પીંછીની જ રેખાઓ ન હોય એવું લાગી આવે છે. કોઈ કોઇ વાર લેખમાં કલ્પના અને કવિત્વની એવી સુંદર છાંટ આવી જાય છે કે સારામાં સારા કવિની કૃતિથી પણ તે લેખ જાણે વધારે ઉચ્ચ, વધારે ઉન્નત, વધારે પ્રાસાદિક અને વધારે આનંદ આપનાર બની જાય છે. ગાંધીજીનું લખાણ સ્વતંત્ર પુસ્તકના રૂપમાં થોડું જ છે; પરંતુ તેમના લેખોમાંથી ઘટતી યોજના કરી સંગ્રહો તૈયાર કરવામાં આવ્યા છે. નવજીવનના લેખો પણ ફરી છપાયા છે. ગાંધીજીએ જ્યારે જ્યારે લખ્યું છે ત્યારે ત્યારે હૃદયના ઊભરાઈ જતા મનોભાવને વ્યક્ત કરવા, પોતાના વિચારો જગત આગળ સ્વચ્છ, સ્પષ્ટ ભાષામાં શબ્દમય કરવા તથા અંતરના મંથનને યથાસ્થિત સ્વરૂપમાં બતાવવા માટે જ લખ્યું છે. તેમના પવિત્ર ઉદ્દેશ અને નિર્મળ મનોભાવને લીધે તેમનાં લખાણમાં એવી તો આકર્ષકતા

પ્રવિષ્ટ થઈ રહે છે કે વાચકને તે વારંવાર વાંચ્યા કરવાનું મન થયા જ કરે છે. તેમનું લખાણ સંસ્કારભર્યું અને સત્ત્વભર્યું હોય છે; કોઈ કોઈ વાર તો તે શિષ્ટતાની એવી ઊંચી કોટિનું બને છે કે સમાન્ય વાચક તેમાંથી કદાચ થોડું જ સમજી શકે; છતાં ગાંધીજીનાં લખાણમાં જે માર્ગદર્શકતા, જે ઉત્સાહપ્રેરણા, જે ઉન્નતિવિચારણા હોય છે તે સામાન્ય વાચકને મોહક અને આકર્ષક લાગે છે, અને તેથી તેમનું લખાણ સર્વ વાચકોને પ્રિય લાગે છે. તેમાં એવી તો અજબ મોહની છે કે તે સર્વને પ્રિય થવા ઉપરાંત પણ તે ઉચ્ચ અને શુદ્ધ સાહિત્યમાં ગણના પામે છે.

ગાંધીજીનું લખાણ બુદ્ધિને અને લાગણીને બંનેને અસર કરે છે, જ્યારે કિશોરીલાલ મશરૂવાળાનું લખાણ ચિંતન-પ્રચુર હોઈ બુદ્ધિને જ ખૂબ અસર કરે છે. કેળવણીના પાયા, ગીતામંથન, સત્યમયજીવન વગેરે તેમનાં પુસ્તકો ચિંતન અને સત્યાન્વેષણ માટે મથામણ કરતી બુદ્ધિનો પરિપક્વ ફાલ છે. 'સહજાનંદ' ચરિતાત્મક છે, છતાં બુદ્ધિને વિચારચક્રે ચડાવે તેવું તેમાં ઘણું છે. કિશોરીલાલનાં લખાણ સાહિત્યની દૃષ્ટિએ ખૂબ અધ્યયન યોગ્ય છે, પરંતુ ગાંધીજીનાં લખાણ જે પ્રમાણમાં વ્યાપક કહેવાય તે પ્રમાણમાં કિશોરીલાલનાં લખાણ વ્યાપક કહી શકાય તેવાં નથી. તેમાં પક્ષવાદ નથી, વાર્તા કે નવલિકા જેવું એકમાર્ગીપણું નથી, વર્ણન કે કલ્પનાસૌંદર્ય નથી; તેમાં બુદ્ધિને કસનારું અને સમજશક્તિને વિકસાવ-નારું ઘણું છે. ઉચ્ચ અને શુદ્ધ સાહિત્ય તરીકે તો તે અવશ્ય સ્વીકાર પામે છે.

ગાંધીજીએ પોતાના તરફ અનેક વ્યક્તિઓને આકર્ષી છે. તે વ્યક્તિઓમાંથી કેટલાંક તો સાચાં બેમૂલાં રત્ન દેશને

સાંપડ્યાં છે. આ રત્નભંડારમાંથી આપણને ત્રણચાર લેખકો મળ્યા છે. કિશોરીલાલ જેમ બુદ્ધિને કસનારા છે તેમ કાકા કાલેલકર બુદ્ધિ, હૃદય અને સંસ્કારને કસનારા અને વિકસાવનારા છે. તેમનું વાચન અત્યંત વિશાળ છે અને પોતાના જ્ઞાનભંડારમાંથી જુદી જુદી જાતની માહિતી એવા સુંદર સ્વરૂપમાં રજૂ કરે છે કે તેમનાં સઘળાં લખાણ ખૂબ રસપૂર્વક અને આનંદપૂર્વક વંચાય છે. તેનું ગદ્ય સરસ્વતીચંદ્રના ગદ્ય જેવું સંસ્કારપ્રચુર અને ઉચ્ચકોટિનું હોવા છતાં, તે સરસ્વતીચંદ્રના ગદ્ય કરતાં વધારે સરળ અને વધારે સહેલું છે. નવલરામના સીધા અને પ્રવાહી ગદ્યના કરતાં વધારે અલંકૃત અને વધારે મનોગમ છે. કાલેલકરનું ગદ્ય મીઠું અને મનગમતું, સાદાં ટૂંકાં વાક્યો છતાં એકધારા શ્રવણમનોહર પ્રવાહવાળું, રોચક અને પ્રસાદપૂર્ણ છે. ગુજરાતી ગદ્યસ્વામીઓના ક્રમ ગોઠવવા બેસીએ તો ગાંધીજી અને ગોવર્દ્ધનરામ પછી કાલેલકરને જ મૂકવાનું મન થાય. ઉપર એકવાર સૂચન કર્યું છે તેમ કિશોરીલાલમાં તત્ત્વચિંતનને લીધે વિચારભાર અને ગંભીર પર્યેષણા આવે છે એટલે તેમનાં લખાણ વ્યાપક બની શકતાં નથી. કાલેલકરનાં લખાણમાં વિચારભાર પુષ્કળ હોવા છતાં તે એવો તો હળવો, આછો આછો, ઉત્તેજક અને ઉત્કર્ષક છે કે તેનો બોજ લાગતો નથી; ઊલટું, નવી નવી માહિતી, દિલની કોમળ લાગણીઓને જાગૃતિ અને માનવપ્રકૃતિનાં સંદેશોને ઉન્નતિ આપનારો હોઈ કાલેલકરના ગદ્યનું ગૌરવ આનંદ અને પ્રસન્નતા આપનારૂં બની રહે છે.

કાલેલકરના લેખોના બન્ને ભાગ, ‘લોકમાતા,’ ‘સ્મરણયાત્રા’, ‘હિમાલયનો પ્રવાસ’, ‘ઓતરાતી દીવાલો’, ‘જીવનનો આનંદ’, ‘જીવનભારતી’, ‘જીવન સંસ્કૃતિ’, વગેરે માહિતીપૂર્ણ,

પ્રસાદપૂર્ણ અને સંસ્કારપૂર્ણ સાહિત્ય એવું તો આનંદ અને રસ આપનારું છે કે તે સાહિત્ય કાલેલકરને સાહિત્યસર્જકોમાં માનવંત સ્થાન અપાવનારું બને છે.

ગાંધીજીની અસરથી પ્રવૃત્તિમાન થયેલા અને ગાંધીજીના વિચારરંગથી રંગાયેલા લેખકોમાં મહાદેવ હરિભાઈ દેશાઈની પણ ગણના કરવાની છે. મહાદેવભાઈની સ્વતંત્ર સાહિત્ય-કૃતિઓ થોડી જ છે—ચિત્રાંગદા નાટક તથા સત્યાગ્રહની મર્યાદા બન્ને ભાષાંતર હોવા છતાં સ્વતંત્ર કૃતિઓ ગણાવા પાત્ર છે. જવાહરલાલની આત્મકથાનું ભાષાંતર પણ ઘણું જ સુંદર છે. આટલી કૃતિઓ પણ મહાદેવભાઇને સાહિત્યમાં અમરતા આપે તેવી છે. આ ઉપરાંત ગાંધીજીના અંગ્રેજી લેખોનું ગુજરાતીમાં અને ગુજરાતી લેખોનું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં મહાદેવભાઇએ ઊંચી કોટિનો વિજય મેળવ્યો છે. પોતાપણાનો સર્વદેશીય અને સંપૂર્ણ વિલોપ કરી, એક મહાન સંતની સાથે એકતાનો યોગ સાધી, મહાદેવભાઇએ ગાંધીજીની અને ગુજરાતની જે સેવા કરી છે તે ખરેખર અજોડ અને અણમૂલ જ છે.

ગાંધીજીએ ગુજરાતના જીવનમાં અજબ જાતનો વિદ્યુત-ચમકાર ઝળકાવ્યો છે. 'નવજીવન'થી અને ગાંધીજીના આશ્રમ-જીવનથી ઘણા જુવાનોને અનેક જાતની પ્રેરણાઓ મળી છે અને તેથી તેની આસપાસ કેટલાક કાર્યકરો તૈયાર થયા છે. નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ, વાલજી ગોવિંદજી દેશાઈ, નરહરિ પરીખ, અને છગનલાલ જોશીના જેવા કાર્યકરોને ગાંધીજીના પ્રભાવથી ખૂબ સારી અસર થઈ છે. તેવી જ અસર 'સૌરાષ્ટ્ર'ના સંચાલકો પર પણ થઇ છે. મેઘાણીના જીવનવિકાસમાં પ્રેરણા અને પ્રાણ પૂરનાર ગાંધીજી જ છે. ગાંધીજીના જીવનને સમજનાર

અને પૂજનારં તેમના જેવા ગાંધીભક્તે યુગવંદનાથી, અને વ્યાપક સાહિત્યમાં સ્થાન પામે તેવી અનેક નવલકથા નવલિકાથી, ઋણ-મુક્ત થવા સારા પ્રયત્ન કર્યા છે. ગાંધીજી અને કાલેલકરના લેખો જેટલા પ્રેરક કે માહિતીપૂર્ણ નહિ હોવા છતાં મેઘાણીની સઘળી કૃતિઓ રોચક જ નહિ, પણ સારી પેઠે ઉત્તેજક નીવડી છે. પ્રભુદત્ત શક્તિની ઉચ્ચતા અને સૂક્ષ્મતા લેખકોમાં ગુણ-સમૃદ્ધિ વરસાવનારી બને છે. જેના પર પ્રભુ વધારે કૃપાવાન થાય છે તે વધારે ઊંચી કૃતિઓ સરજી શકે છે. ગાંધીજીની કોટિએ કાલેલકર ન પહોંચે, કે કાલેલકરની કોટિથી મેઘાણીની કોટિ જુદા પ્રકારની અને જુદી પાયરીની હોય એ માટે કુદરતી ક્રમ જ જવાબદાર ગણાય. મેઘાણીએ થોડાંક કાવ્યો, અને નવલકથા નવલિકાના સર્જનથી ગુજરાતને જે સાહિત્ય આપ્યું છે તે વ્યાપક સાહિત્યમાં ગણના પામે તેવું છે; એટલું જ નહિ, પણ વિશાળ જનસમાજમાં વધારે પ્રસરે અને વધારે લાંબો વખત ટકી રહે તેવું છે.

ગાંધીજીના જીવનની અને તેમણે હિંદભરમાં પ્રસારેલા વાતાવરણની ગુજરાતમાં કેટલી બધી અસર થઈ હતી તે બતાવનારું સાહિત્ય પણ ઠીક ઠીક સરજાયું છે. ગાંધીજીની બુદ્ધિ, તેમના ઉચ્ચ ધ્યેય, અને તેમની પવિત્ર વિચારસરણિને સાહિત્યમાં અમરતા આપનાર તો હજી કોઈ નીકળ્યો નથી; તોપણ ગ્રામજીવનમાં, યુવકહૃદયમાં અને ગુજરાતી સમાજમાં થયેલી અસરનું કાંઈક વર્ણન 'સોપાને' આપવા પ્રયત્ન કર્યો છે. અંતરની વાતો, સંજીવની, જાગતા રહેજો, પ્રાયશ્ચિત્ત, વગેરે પુસ્તકો ગાંધીવાતાવરણને લીધે ઉત્પન્ન થયેલી મનોદશા આલેખી, સમાજનું સારું ચિત્ર રજૂ કરે છે.

બબલચંદ મહેતાનું 'મારું ગામડું' એ દરેક ગુજરાતીએ

અને ખાસ કરી જુવાન વિદ્યાર્થીઓએ અવશ્ય વાંચવું જોઇએ. વ્યાપક સાહિત્યના ભંડારમાં આવાં પુસ્તકો ખૂબ વધવાં જોઇએ. ત્યારે જ વ્યાપક સાહિત્ય દેશભર પર ખરેખરા લાભ અને ઉપકાર કરી શકશે.

ગાંધીજીની વિચારસરણિથી કેટલીક વિગતોમાં જુદું પડે તેવું સમાજવાદી સાહિત્ય પણ હળવે હળવે પ્રકટ થવા લાગ્યું છે. સાહિત્યગુણ કે સાહિત્યગૌરવ ન હોવા છતાં વિચારપ્રકાર અધ્યયન યોગ્ય છે એમ તો સ્વીકારવું જ જોઇએ. ચંદ્રભાઇ ભટ્ટ અને ધનવંત ઓઝા આ પ્રકારનું સાહિત્ય ઉત્પન્ન કરે છે. ચંદ્રભાઇ ભટ્ટનું, 'માટીના જાયા' તથા ધનવંત ઓઝાનું 'વૈજ્ઞાનિક સમાજવાદ' એ બે ધ્યાન ખેંચે તેવાં પુસ્તકો છે.

પ્રકરણ ૧૧ : વર્તમાન સ્થિતિ

સિત્તેરથી વધારે ઉંમરવાળા લેખકોમાંથી માત્ર ગાંધીજી જ હજી પ્રવૃત્તિનું જોમ અને પ્રવૃત્તિની ઉચ્ચ કોટિ જાળવી રહ્યા છે. કૃષ્ણલાલ ઝવેરીની સાહિત્યપ્રવૃત્તિમાં કેટલાક સમય થયાં નવું સર્જન પ્રકાશમાં આવેલું જાણવામાં નથી. શ્રી. બળવંતરાય ઠાકોર થોડું થોડું પણ સંગીન અને સામર્થ્યવંતુ સાહિત્ય હજી સમર્પે છે ખરા, પણ હવે તેમનાં પણ વળતાં પાણી જ ગણાય. સાઠથી સિત્તેર સુધીની ઉમ્મરવાળા ન્હાનાલાલ, રામમોહનરાય, લલિત, ખબરદાર વગેરેમાંથી ન્હાનાલાલ અને ખબરદાર સિવાય બીજાની પ્રવૃત્તિમાં મંદતા આવી ગઈ છે. મેઘાણી, ગુણવંત આચાર્ય, જિનવિજયજી, રામનારાયણ પાઠક વગેરે સાહિત્યસર્જનમાં હજી ઘણાં વર્ષો કામ કરી શકે એમ છે, અને મુનશી, ધૂમકેતુ અને રમણલાલ પણ નવીન સર્જનમાં પૂરેપૂરા ક્રિયાશીલ જ રહેશે એમ આશા રાખીએ, તોપણ ૧૯૪૩ માં આ સર્વની પ્રવૃત્તિની પરાકોટિ તો આવી ગઈ છે એમ કહેવામાં નિરાશા કે નિરુત્સાહવાદનું શરણ લેવાય છે એમ માનવાનું કારણ નથી. કેશવ હ. શેઠ, ચંદ્રવદન મહેતા, પૂજાલાલ, હરિહર ભટ્ટ, ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, લીલાવતી મુનશી, હંસા મહેતા, જયમન પાઠકજી, જ્યોત્સ્ના શુક્લ વગેરે હજી તો ચાલીસથી પચાસની મર્યાદામાં હોવા છતાં તેઓ પણ હવે નવીન સર્જનની બહુ આશા આપતાં નથી. એટલે આ બધા સાહિત્યસેવકોની સેવાપૂજાથી પુનિત થયેલી અને થતી હોવા છતાં, તે

સેવકોના કરતાં, હવે નવલોહિયા જુવાનવર્ગ પાસેથી વર્તમાન સ્થિતિ વધારે આશા રાખી રહી છે. તે આશા સફળ થશે જ એવાં 'ચિહ્નો' પણ દૃષ્ટિગોચર થઈ ગયાં છે. કરસનદાસ માણેક જેવા 'આલબેલ'ની સાવધાની આપતા આપતા વૈશંપાયનનો નવો અવતાર લેવા તૈયાર થઈ ગયા, અને લોકસાહિત્યમાં નવીન રસ ઉમેરવા લાગ્યા એ પણ જમાનો કેવી રીતે પલટાતો જાય છે એ બતાવી આપે છે. કાવ્યક્ષેત્રમાં હમણાં નવીન રંગ સુંદર રીતે પૂરાતા જાય છે. 'સુન્દરમ્' ઉમાશંકર જોશી, બેટાઈ, 'સ્નેહરશ્મિ,' અને મનસુખલાલ ઝવેરીના અર્ઘ્યો તો સાહિત્યદેવના ચરણમાં અપાઈ ચૂક્યા છે. સુન્દરમ્‌ની 'કોયા ભગતની કડવી વાણી'એ કડવાશમાંથી પણ મધુરું આકર્ષણ કરનારું સત્ત્વ દાખવ્યું છે. તેમનાં 'કાવ્યમંગલા'માંનાં કેટલાંક કાવ્યોએ ગુજરાતી સાહિત્યમાં અવનવાં ચિત્રો અને તોફાની તરંગો રજૂ કરેલ છે; 'વસુધા'માં જો કે બહુ નવીન પ્રગતિ થઈ શકી નથી, તોપણ 'કર્ણ'ના જેવાં સર્વાંગસુંદર કાવ્યોથી સુન્દરમ્‌ની કીર્તિ અને પ્રતિષ્ઠા સચવાઈ રહ્યાં છે. ઉમાશંકર જોશીના નાનાસરખા કાવ્ય 'વિશ્વશાંતિ'થી સાહિત્યમાં રસ લેનારાઓ ખૂબ આશા રાખી રહ્યા હતા. ગાંધીજીની પ્રવૃત્તિ આખા દેશનાં દિલને હચમચાવી ડોલંડોલ કરનારી હોવા છતાં, કવિતાસર્જનમાં તે પ્રવૃત્તિએ જુવાન હૃદયોને ઝાઝી અસર કરી હોય એમ લાગતું નથી. પ્રભાતફેરી શરૂ થઈ ત્યારે સંખ્યાબંધ ગીતો લખાયાં હતાં અને ત્રિભુવન વ્યાસનાં 'નહિ નમશે' કે 'રતનબા,' કે મેઘાણીનાં 'છેલ્લો કટોરો,' કે 'છેલ્લી પ્રાર્થના,' કે 'કોઈનો લાડકવાયો'ના જેવાં પાંચપંદર કાવ્યો ઉપરાંત સાહિત્યને કાવ્યની ભેટ મળી હોય તો ઉમાશંકરનું નાનુંસરખું 'વિશ્વશાંતિ' કાવ્ય જ. ત્યાર પછી તો ઉમાશંકર પણ જુદે રંગે રંગાયા

અને મૂળરંગની કાંઈ આછી ઘેરી અસર કાયમ રહેલી હોવા છતાં તેમની સાહિત્યસર્જનની દૃષ્ટિ વિવિધમાર્ગી થઈ ગઇ. સુન્દરમ્‌ને પણ નવલિકાના મોહે આકર્ષ્યા છે અને ઉમાશંકર પણ નવલિકા અને નાટિકા જ નહિ પણ નવલકથા પણ લખવા પ્રેરાયા છે. સાહિત્યસર્જકમાં અતલ ઊંડાણ માટે જે ઝંખના રહેવી જોઇએ, કવિ અને સ્રષ્ટામાં રાગ અને કલાકાંક્ષા માટે જે અનન્ય લગની હોવી જોઇએ, સામાન્ય જનતાથી ન્યારી જાતના જીવન અને ચિંતનની જે અશિથિલ તમન્ના હોવી જોઇએ એવી અત્યાર સુધીમાં કોઈ હૃદયમાં ઉદિત થયેલી દેખાતી નથી, એ જરા નિરાશા ઉત્પન્ન કરે છે. પરંતુ નવલોહિયા સાહિત્યસેવકો અનવરત શ્રમ લઈ પોતાની ભાવનાને સંતોષવા ખૂબ આગ્રહથી કામ કરી રહ્યા છે એ એક શુભ ચિહ્‌ન છે. 'વિશ્વશાંતિ' પછી ઉમાશંકરનો 'ગંગોત્રી' કાવ્યસંગ્રહ પ્રગટ થયો. તે સંગ્રહે ખૂબ આશાજનક વાતાવરણ ઊભું કર્યું. પછીના સંગ્રહ— 'નિશીથે' તે આશાઓને ટકાવી રાખી. બુદ્ધિની તીવ્રતા અને અભ્યાસની આગ્રહભરી વૃત્તિનો સુમેળ હોવાથી ઉમાશંકર નવલોહિયા સાહિત્યસર્જકોમાં અગ્રગણ્ય ગણાવા લાગ્યા છે જ.

સુંદરજી બેટાઈ 'જ્યોતિરેખા'થી અને પછીના સંગ્રહ 'ઇન્દ્રધનુ'થી સાહિત્યસેવામાં સુવાસિત અર્ઘ્યો આપી, સુન્દરમ્‌ તથા ઉમાશંકર જોશીથી કેટલેક અંશે ભિન્ન પ્રતિની સૃષ્ટિ ઉત્પન્ન કરી રહ્યા છે. 'જ્યોતિરેખા'માં શસ્ત્રસંન્યાસ મહાભારતનો જ પ્રસંગ રજૂ કરે છે છતાં તે કાવ્યમાં ગાંધીજીએ ઉત્પન્ન કરેલ વાતાવરણની સ્પષ્ટ અસરો જોઈ શકાય છે. જરાક સૂક્ષ્મ સમવલોકનની દૃષ્ટિથી નિહાળીએ તો 'જ્યોતિરેખા'નાં બધાં જ કાવ્યોમાં ગાંધીજીની વિચારસરણિની આછી આછી છાંટ દેખી શકાશે. 'ઇન્દ્રધનુ'માં વ્યક્તિ અને સમાજના પરસ્પર વ્યવહારમાં

ગાંધીજીના વિચારોનું કાંઈક વલણ દાખલ થયેલું માલૂમ પડે છે, છતાં એકંદરે તો બેટાઇની કાવ્યસૃષ્ટિ જૂની પ્રણાલિકા અને જૂના પ્રવાહોમાં જ રમતી, વિહાર કરતી, આનંદ માનતી અને આનંદ માણતી માલૂમ પડે છે. પ્રકૃતિનાં કાવ્યો અને મધુરાં ગીતો એક તરફથી નરસિંહરાવની અને બીજી તરફથી ન્હાનાલાલની કાવ્યસૃષ્ટિની સ્મૃતિ તાજી કરે છે. બેટાઇની ભાષા અને 'ઇન્દ્રધનુ' તથા 'જ્યોતિરેખા'માંના વિષયો પણ જૂનવાણીનો જ પ્રકાર–ઘણી રીતે સુધરેલો હોવા છતાં જૂનવાણી પદ્ધતિનો જ પ્રકાર–છે એમ કહી આપે છે. જૂનવાણી પદ્ધતિ હોવા છતાં, છંદ, અલંકાર અને ભાષાની સરળ મધુરતા બેટાઇનાં કાવ્યોને સુંદર વિશિષ્ટત્વ અર્પે છે–જૂની અને નવી વિચારસરણિ અને ભાષાવૈદગ્ધ્યનું સુભગ સંમિશ્રણ હોવાથી, તેમનાં કાવ્યો અને ગીતો પ્રિય થઇ પડવાનો પૂરેપૂરો સંભવ છે.

સંસ્કૃતપ્રચુર ભાષાથી અને વિચારોને ગંભીર 'વાઘાથી ભારેખમ બનાવનારા 'ફૂલદોલ'ના સંગ્રહથી કાવ્યસર્જકોમાં ઊંચું સ્થાન મેળવી ચૂકેલા મનસુખલાલ ઝવેરી 'આરાધના'ના સંગ્રહ-થી સંપૂર્ણ વ્યક્તિત્વની છાપ પાડી શકયા છે. વ્યક્તિ અને સમષ્ટિના પરસ્પર સંબંધને કાવ્યમય સ્વરૂપ આપી, સમાજ-વાદના નવા વિચારોને રોચકરૂપે રજૂ કરવાની સારી કુશળતા દાખવી છે. સુન્દરમ્, ઉમાશંકર જોશી અને મેઘાણીએ દલિત વર્ગ માટે, દુઃખી જનતા માટે, સંસારમાં પ્રસરી રહેલા અન્યાય અને દંભ માટે સારી પેઠે લખ્યું છે–મનસુખલાલે પણ એવા વિષયોને કાવ્યમય બનાવ્યા છે. પરંતુ મનસુખ-લાલની પદ્ધતિ સારી પેઠે જુદી પડતી છે. વ્યક્તિએ સમષ્ટિ માટે જ જીવવું જોઇએ, અને સમષ્ટિમાંની વ્યક્તિઓએ વ્યક્તિત્વ ભૂલી સમષ્ટિમાં જ પોતાનો વિલોપ કરી દેવો જોઇએ

એ જાતના વિચારોને કાવ્યસર્જનના પ્રેરક હેતુ બનાવવાની શરૂઆત તો કદાચ મનસુખલાલે જ કરી એમ કહી શકાશે. મનસુખલાલની કાવ્યસૃષ્ટિ બીજા જુવાન કવિઓની સૃષ્ટિની સરખામણીમાં કાંઇ વધારે અલ્પ કહી શકાય તેવું નથી; છતાં તેમનું કવિત્વ કેવા પ્રવાહમાં સ્થિર થશે એ હજી ચોક્કસપણે કહી શકાતું નથી. સુન્દરમ્ અને ઉમાશંકર જોશીની પેઠે મનસુખલાલ સદ્‌ભાગ્યે વિવિધ પ્રવૃત્તિઓ તરફ આકર્ષાયા નથી. શાકુંતલનું તેમનું ભાષાંતર એ બીજાં બધાં ભાષાંતરોથી જૂદું પડી આવે એવું હોઈ, તે માટે સારો જશ પ્રાપ્ત કરી શક્યા છે, પણ એ તો કાવ્યસૃષ્ટિનો જ પ્રકાર ગણાય. સાહિત્ય કૃતિઓનાં અને સાહિત્ય સર્જકોનાં અવલોકન લેવાં શરૂ કરી માર્ગવિચલન કર્યું છે—આ જાતની તેમની પ્રવૃત્તિ આશાજનક અને સત્ત્વદર્શક હતી—છતાં તે પ્રવૃત્તિ બહુ ચાલુ રહેલી નથી. આ ચારે કવિલેખકો પર ગુજરાત ખૂબ આશા રાખી રહ્યું છે એટલું જ કથન વર્તમાન માટે પૂરતું છે.

આ ચાર ઉપરાંત પણ બીજા ઘણા જુવાન લેખકો પોતપોતાના અર્ઘ્ય સાહિત્યદેવને અર્પી રહ્યા છે. ગુજરાત અવશ્ય આશા રાખે છે કે તેવાઓમાંથી ભવિષ્યના ઉત્તમ કવિઓ અને સંગીન સાહિત્યાચાર્યો પ્રગટ થશે જ. પ્રારંભિકામાં નામાવલિ આપવાથી કાંઇ ખાસ હેતુ સરે નહિ—સાહિત્યવાચનનો અને અભ્યાસનો શોખ રાખનારાએ આ ઉપરાંત પણ સ્નેહરશ્મિ, કાણકિયા, રમણ વકીલ, ઈન્દુલાલ ગાંધી, ભાનુશંકર વ્યાસ, કોલક, પારાશર્ય, પ્રહ્‌લાદ પારેખ, પ્રહ્‌લાદ પાઠક, રમણિક અરાલવાળા, પતિલ, મુરલી ઠાકોર, નંદકુમાર પાઠક, રતુભાઇ દેશાઇ વગેરે લેખકોનાં કાવ્યો અવશ્ય જોવાં જોઇએ. તેમાંથી કોઈ કોઇના સંગ્રહ પ્રગટ થયા છે અને કોઇ

કોઇ તો હજી માસિકો દ્વારા જ પ્રકાશન સંતોષ માની રહ્યા છે.

વર્તમાન કાળમાં કાવ્ય સંબંધે પ્રવૃત્તિ કાંઈક ઠીક આશાજનક છે, પરંતુ ઈતર સાહિત્ય તરફના વલણમાં જુસ્સો કે સત્ત્વ હજી સુધી તો નજરે પડતાં નથી.

નવલિકા અને નવલકથામાં માત્ર પન્નાલાલ પટેલ ધ્યાન ખેંચે તેવા ગુણો ધરાવતા જણાયા છે. વાર્તાઓના ઉઠાવમાં, તેના વિકાસમાં, અને પરિણામમાં કાંઇક નવીનતા બતાવી શકયા છે એટલું જ નહિં પણ ભાષાનો મરોડ, લખાણની ધાટી અને વર્ણનની પદ્ધતિમાં જૂની પ્રણાલિકાથી જુદા પડતા જણાઈ આવે છે—અને એ જુદા પડવાનો પ્રકાર મનગમતો અને રુચિપોષક છે. કલ્પનામાં ઉચ્ચ પ્રતિભાદર્શક વિહાર નથી, સાહિત્યની દૃષ્ટિએ સત્ત્વભર્યો આદર્શ નથી, અને તેજસ્વી બુદ્ધિના ચમકારાથી ઝળાં ઝળાં થઇ રહેતો પ્રકાશ નથી. એટલે પન્નાલાલની કૃતિ ખૂબ આશાવાદી હોવા છતાં, ઉચ્ચ સાહિત્યમાં સ્થાન ભાગ્યે જ પામે. છતાં મુનશી, રમણલાલ અને મેઘાણી પછી કાંઈક આશાકિરણનાં દર્શન પન્નાલાલ પટેલમાં થાય છે, એમ તો લાગે છે.

ગુજરાતી સાહિત્યના સેવકો અને શોખીનો સાધારણ રીતે સંકુચિત ક્ષેત્રમાં જ રમી રહેનારા છે. નવલકથા, નવલિકા અને કાવ્ય ઉપરાંત બીજી પ્રવૃત્તિ તરફ પ્રયાણ કરનારા બહુ જ થોડા છે. નાટક માટે તો કોઈ પણ પ્રકારની યોગ્યતા હજી દેખાઈ નથી. ભાષાશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, જીવનચરિત્ર, પ્રવાસ વગેરે અનેક શાખાઓમાંથી કોઇ પણ શાખા તરફ જબરું આકર્ષણ તો કોઈનું જ દેખાતું નથી. નવલરામકૃત અંગ્રેજ લોકનો ઇતિહાસ કે કાલેલકરકૃત પૂર્વરંગ, પ્લુટાર્કનાં જીવનચરિત્ર, કે ગોમંડળ પરિક્રમ અને હિમાલયનો પ્રવાસ, નરસિંહરાવનાં અંગ્રેજીમાં અપાયેલાં અને છપાયેલાં વિલ્સન ફાઇલોલોજીકલ

લેકચર્સ–જેમાંના એક ભાગનું ભાષાંતર સદ્‌ભાગ્યે ફારબસ સભાએ છપાવી, સસ્તી કિંમતે વેચવાનું ઠરાવ્યું છે–કે ગાંધીજીની આત્મકથા કે કાન્તિલાલ પંડ્યાનું શ્રીયુત ગોવર્દ્ધનરામ: આમ છૂટક છૂટક જૂજ જૂજ કૃતિઓ જ ગણી શકાય તેવું છે. છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર કે શુદ્ધ સાહિત્યની ચર્ચા તો અહીં ત્યહીં છૂટક લેખ તરીકે રમણભાઈ કે નરસિંહરાવે કરેલી હતી તેટલી જ જમે બાજુમાં ગણાય તેમ છે. કેશવલાલ હર્ષદરાય ધ્રુવનાં તથા આનંદશંકર બાપુભાઈનાં આ વિષયનાં લખાણો હવે પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યાં છે એ જ માત્ર અપવાદરૂપ છે. સમાલોચન અને સાહિત્યચર્ચા સંબંધી પુસ્તકો હમણાં હમણાં ઠીક પ્રકાશમાં આવ્યાં છે. રામનારાયણ પાઠક, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય, નવલરામ જગન્નાથ, વિશ્વનાથ મગનલાલ, રામચંદ્ર શુકલ, રમણલાલ દેસાઇ, મોહનલાલ પાર્વતીશંકર દવે વગેરેનાં પ્રકાશનો આ જાતનો સાહિત્યફાલ ઠીક ઠીક આશાભર્યો છે એમ માનવા પ્રેરે છે–જો કે તે બધા સાથે લઈ વિચારીએ તો પણ વૈવિધ્ય કે વિશાળતા, ગુણગૌરવ કે પ્રેરણાસૌષ્ઠવમાં સંતોષ અપાવે કે ગુજરાતી સાહિત્યને અન્ય ભાષાના મુકાબલામાં ઊંચી પ્રતિષ્ઠા અપાવે એવું તો હજી થોડું જ છે. છતાં પણ આ ક્ષેત્રો તદ્દન પદવી વિનાનાં નથી રહ્યાં એટલું સદ્‌ભાગ્ય છે. ઉપર ઇસારો કર્યો છે તેમ છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર વગેરે વિષયો તો તદ્દન અસ્પૃષ્ટ જ રહ્યા છે એ ગુજરાતને શરમાવનારી હકીકત છે. નર્મદાશંકર કવિના કોશ અને કથાકોશ પછી તે જાતની પ્રવૃત્તિ કોઇએ સેવી જ નથી. ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ પૌરાણિક કથા કોષ તૈયાર કરાવ્યો છે અને શબ્દકોશ માટે

થોડી પ્રવૃત્તિ કરી છે; પરંતુ તે સંસ્થાની પ્રકાશનપદ્ધતિ એવી છે કે તેનો લાભ સામાન્ય જનતા ઉઠાવી શકતી નથી. તે સંસ્થાનાં આ પ્રકાશનોની ગુજરાતની જનતામાં ભાગ્યે જ કશી માહિતી હશે. લલ્લુભાઈ પટેલ અને ભાનુસુખરામ નિર્ગુણ-રામ મહેતા જેવાએ કાંઇક પ્રયાસ કર્યા છે; પરંતુ શુદ્ધિ, સંશો-ધન અને ચોકસાઈમાં એ પ્રયાસો એટલા શિથિલ, ઉન્માર્ગ-ગામી, અટકળિયા અને ગડબડિયા છે કે ખોટ પૂરવાનું કામ કરતા હોવા છતાં તેને સત્કારી કે સ્વીકારી શકાય તેવા નથી. એટલે જુવાન કાર્યકરો, અને સાહિત્યસેવકો માટે હજી તો ઘણાં ઘણાં ક્ષેત્રો તદ્દન અણુખેડાયેલાં પડ્યાં છે. 'જોડણીકોશ' એ એક જ સુંદર અપવાદ છે. કાવ્ય, નવલકથા અને નવલિકા સંબંધે, અને હાલહાલમાં સમાલોચના અને સાહિત્યચર્ચા સંબંધે ઠીક ઠીક પ્રવૃત્તિ થાય છે, એમ કહેવાની સાથે જ એમ પણ કહેવાની ફરજ પડે છે કે વર્તમાન સ્થિતિથી સંતોષ માની બેસી રહેવાનું આપણને પાલવે તેમ નથી. કાવ્ય, નવલ-કથા અને નવલિકામાં પણ નરસિંહ–મીરાંની સ્વાભાવિક ઉચ્ચતા, પ્રેમાનંદ–શામળની શ્રમપ્રાપ્ત સફળતા, અખા–ધીરા–ભોજાની ઊકળતા હૃદયની ઊર્મિઓના ઊભરા, દયારામ–નર્મદ–દલપતની દિલલગીથી વહી રહેતો કાવ્યધોધ, કે ગોવર્દ્ધનરામ ન્હાનાલાલના ઊંચા આદર્શ, પ્રસાદપૂર્ણ સ્વર્ગવિહારી કલ્પના, અને વિશુદ્ધિ અને વિકાસ માટેના આગ્રહઃ આ બધાને પ્રતિબિંબિત કરે તેવું તો હજી થોડું જ સરજાયું છે. કાવ્યમાં મહાકાવ્ય કે બૃહત્-કાવ્ય તરફ તો કાંઇ જ પ્રવૃત્તિ નથી. માત્ર ઊર્મિકાવ્યો, ગીત-કાવ્યો, અને રાસકાવ્યોમાં જ કાંઇક ઉચ્ચતાએ પહોંચી શકાયું છે–નવલકથામાં તો સરસ્વતીચંદ્રની સાથે મૂકાય તેવી એકે કૃતિ હજી આપણને મળી નથી–નવલકથામાં કળાવિધાન, કે

પ્રસંગમેળ કે સંવાદસૌંદર્ય પર ગમે તેટલો ભાર મૂકવામાં આવે, તો પણ જે નવલકથા જીવનના આદર્શને ઊંચે લઇ જનારી, શુદ્ધિ અર્પનારી, પવિત્ર બનાવનારી નથી, તે ગમે તેવી સુંદર હોય તોપણ ઊતરતા દરજ્જાની જ લેખાવી જોઇએ; અને નવલિકા તો નવલકથાનું એક જાતનું લઘુરૂપ જ હોઇ, તે પણ ઉત્તમ તો ત્યારે જ કહેવાય કે જ્યારે તે માનવજીવનની ઉચ્ચતાને આદર્શ બનાવે અને સંસારી માયાજાળમાંથી ઊંચે લઈ જઇ સ્વર્ગીય વિહારોનો આનંદ આપે. આવા ઉચ્ચ અને પવિત્ર આદર્શ કે આશયવિનાનું સાહિત્ય ગમે તેટલું આનંદ આપનારું હોય, તો પણ ઊતરતી પંક્તિનું જ ગણાવું જોઇએ. ગુજરાતના જુવાન સાહિત્યસેવકો કળાની ખાતર કળા, કે વાસ્તવિક વર્ણન અને અવાસ્તવિક વાસ્તવાવદના મિથ્યા મોહમાં ન ફસાય, તેમની સત્યદૃષ્ટિ ખૂલે અને સાચા સાહિત્ય તરફ તેમની પ્રવૃત્તિ થાય એવો વર્તમાન સ્થિતિમાં શુભ પલટો આવે, એવો સંગીન વિકાસ થાય અને તેને પરિણામે ગુજરાતી સાહિત્ય ખૂબ ઊંચી કક્ષાએ પહોંચે એવું કરવા દરેક ગુજરાતી સાહિત્યસેવકે મથવું જોઇએ.

ટિપ્પણ

પાનું ૧૨. દશમ સ્કંધના સોળમા અધ્યાયમાં કડવા ૫૪ માં નીચે પ્રમાણે નામ આવે છે.

હૃદે ઉપની માહરે અભિલાખા,
બાંધું નાગદમણ ગુજરાતી ભાખા.

પાનું ૧૭. ફારબસ સભાએ 'હારમાળા' છપાવી છે તેમાં જે જોડણી હાથપ્રતમાં હતી તે જ રાખવામાં આવી છે.

પાનું ૧૭. ભાલણના જીવન પર રામલાલ ચુનીલાલ મોદીએ લખેલ પુસ્તક 'સયાજી સાહિત્યમાળા'માં પ્રગટ થયું છે.

પાનું ૧૯. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી 'પ્રાચીન ગુર્જર કાવ્યો' એ નામે થોડાંક કાવ્યોનો સંગ્રહ બહાર પડ્યો છે, તેમાં હાથપ્રતની ભાષા રાખવામાં આવી છે. શ્રીધર-નો રણમલ્લ છંદ, કર્મણમંત્રીનું 'સીતાહરણ' વગેરે કાવ્યો તેમાં છપાયાં છે.

પાનું ૨૫. નરસિંહ મહેતાનાં કાવ્યો 'બૃહત્ કાવ્યદોહન'ના ભાગોમાં છપાયાં છે. ગુજરાતી પ્રેસ તરફથી નરસિંહ મહેતાનાં કાવ્યોનો જુદો સંગ્રહ પણ બહાર પડ્યો છે.

પાનું ૨૫. મીરાંબાઈનાં કાવ્યો બૃહત્ કાવ્યદોહનના કોઈ કોઈ ભાગ-માં છપાયાં છે. બૃ. કા. દો. ના સાતમા ભાગમાં ઘણાં કાવ્યો છપાયાં છે. ભજનસંગ્રહનાં જુદાં જુદાં પુસ્તકોમાં પણ મીરાંબાઈનાં ભજનો મળી આવે છે.

નાકરની કૃતિમાંથી કેટલીક 'બૃહત્ કાવ્યદોહન'ના આઠમા ભાગમાં છે અને એકાદ બે મુંબઈ ફારબસ સભાએ પ્રગટ કરી છે. નાકરનું જીવન બૃ. કા. દો. આઠમા ભાગમાં છે.

ભાલણનો દશમ સ્કંધ જુદો છપાયો છે. તેનાં કેટલાંક કાવ્યો પ્રાચીન કાવ્યમાળામાં છપાયાં છે.

પાનું ૨૬. માંડણ બંધારાની 'પ્રબોધબત્રીશી' મુંબઈ ફારબસ સભાએ પ્રગટ કરી છે.

પાનું ૨૮. અખાના જીવન વિષે નર્મદાશંકર દેવશંકર મહેતાનો લેખ સારામાં સારો છે. ગુ. વ. સો. તરફથી અખાકૃત કવિતાનાં પુસ્તકમાં તે લેખ છપાયો છે. ગુ. વ. સો. તરફથી બહાર પડેલ ઉમાશંકર જોષીનો લખેલો નિબંધ– 'અખો–એક અધ્યયન'–અખાના અભ્યાસીએ ખાસ જોઈ જવો જોઇએ.

પાનું ૩૨. પ્રેમાનંદનાં ત્રણે નાટકો વડોદરા રાજ્ય તરફથી છપાયેલ 'પ્રાચીન કાવ્યમાળા'માં છપાયાં છે. 'રોષદર્શિકા'ની બીજી આવૃત્તિ વડોદરાના પ્રકાશક એમ. સી. કોઠારીની કંપનીએ છપાવી છે.

પાનું ૪૦. દયારામનું જીવન ડભોઇવાળા નારણદાસ શાહે પ્રગટ કર્યું છે. ગોવર્દ્ધનરામ ત્રિપાઠીએ 'દયારામનો અક્ષર દેહ' લખી દયારામના જીવનને સમજાવવા પ્રયત્ન કર્યો છે; દયારામના આંતરજીવન વિષે મહત્ત્વનો અભ્યાસ જેઠાલાલ ગો. શાહ તરફથી પ્રગટ કરવામાં આવેલ છે.

ધીરાની સ્વરૂપની કાફીઓ વડોદરાવાળી પ્રાચીન કાવ્યમાળામાં પ્રગટ થયેલ છે. 'બૃહત્ કાવ્યદોહન'ના પાંચમા ભાગમાં થોડી કૃતિ છપાઈ છે.

પાનું ૭૨. મણિશંકર રત્નજી ભટ્ટનાં કાવ્યોનો સંગ્રહ 'પૂર્વાલાપ.'

પાનું ૭૯. બોટાદકરનાં પુસ્તકો—કલ્લોલિની, નિર્ઝરિણી, સ્રોતસ્વિની, શૈવલિની, રાસતરંગિણી. લલિતનાં પુસ્તકો—લલિતનાં કાવ્યો, લલિતનાં બીજાં કાવ્યો, વડોદરાને વડલે.

પાનું ૮૧. કેશવ હ. શેઠના કાવ્યસંગ્રહો—સ્વદેશગીતાવલિ, અંજલિ, રાસમંજરી, કેસરિયાં, રાસ વગેરે.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનાં—નવાં ગીતો, નવી ગરબાવળી, નવાં બાળગીતો.

પાનું ૮૪. રત્નલક્ષ્મી અને મુદ્રા અને કુલીનના લેખક જહાંગીરશાહ અરદેશર તાલેયારખાન. રાણકદેવી—લેખક—અનંતપ્રસાદ ત્રિકમલાલ વૈષ્ણવ.

સધરાજેસંગ અને વનરાજ ચાવડો—લેખક મહીપતરામ રૂપરામ.

કાઠિયાવાડની જૂની વાતો—લેખક હરગોવિંદ પ્રેમશંકર.

પાનું ૮૬. યોગિની:—લેખક રામમોહનરાય જશવંતરાય દેશાઈ. રામમોહનરાયે એક બીજી નવલકથા 'બાલા' પણ લખી છે. હિંદ અને બ્રિટાનિયા—લેખક—ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ. ઔરંગઝેબ અને રાજપૂતો—લેખક—કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. આ બંને ભાષાંતર છે. પહેલું અંગ્રેજીમાંથી, બીજું બંગાળીમાંથી.

'મેવાડની જાહોજલાલી' લેખક—વિઠ્ઠલદાસ ધનજીભાઈ. ઝાંસીની રાણી—લેખક—મણિલાલ છબારામ ભટ્ટ; 'અઢારમી સદીનું હિંદુસ્તાન' પ્રકાશક ગુજરાતી પ્રેસ.

પાનું ૯૨. વેરની વસુલાત, પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, સ્વપ્નદ્રષ્ટા, જયસોમનાથ, મુનશીની આ નવલકથાઓ ખાસ અધ્યયન યોગ્ય છે.

પાનું ૯૯. 'સમાલોચક' પહેલાં ત્રૈમાસિક અને પછી માસિક પત્ર હતું.

પાનું ૧૦૩. ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓ (૧) 'લતા અને બીજી વાતો.' (૨) 'વસુંધરા અને બીજી વાતો'. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા—'ઓપરેશન કોનું અને બીજી વાતો'.

પાનું ૧૧૩. નર્મદાશંકરનાં નાટકો: સાર શાકુંતલ, દ્રૌપદી દર્શન, રામજાનકી દર્શન, બાળકૃષ્ણવિજય, કૃષ્ણાકુમારી.

પાનું ૧૨૦. 'હરિજનબંધુ' સાપ્તાહિકમાં ગાંધીજીના અંગ્રેજી સાપ્તાહિક હરિજનમાંના લેખોનું ભાષાંતર છે; કોઈ કોઈ સ્વતંત્ર લેખ પણ છે. નવજીવનની પેઠે તે પણ ખૂબ વંચાય છે.

પાનું ૧૨૪. નરસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટનાં 'મહાભારતનાં પાત્રો' અને વાલજી ગોવિંદજી દેશાઇના 'કથાકુસુમાંજલિ' અને 'રામકથા' એ પુસ્તકો પ્રારંભિકાના વાચકોએ ખાસ જોઈ જવા જેવાં છે.

પાનું ૧૨૬. ચંદ્રભાઈ ભટ્ટનાં માનવીનું ઘર, માટી જાયા, ચિંતનની વેદી પર, માનસવિજ્ઞાનનો દૃષ્ટિકોણ વગેરે પુસ્તકો સમાજની અત્યારસુધી વિસરાયલી સ્થિતિ સમજાવવાના પ્રયત્નો છે. ધનવંત ઓઝાનાં ગુલામીની શૃંખલા અને વૈજ્ઞાનિક સમાજવાદ એ બે પુસ્તકોએ આધુનિક રાજ-બંધારણની અને સમાજવાદનાં મૂળ તત્ત્વોની માહિતી સારી આપી છે.

પાનું ૧૨૭. ચંદ્રવદન મહેતાના કાવ્યસંગ્રહ,—ઈલાકાવ્યો અને રતન; નાટકો—આગગાડી, નાગાબાવા, અખો વગેરે.

પૂજાલાલનો કાવ્યસંગ્રહ 'પારિજાત'.

હરિહર ભટ્ટ „ હૃદયરંગ.

લીલાવતી મુનશી—રેખાચિત્રો, જીવનમાંથી જડેલી, ઇતર લેખો. હંસા મહેતા—ત્રણ નાટકો. હૅમલેટનું ભાષાંતર.

જયમન પાઠકજી—કાવ્યસંગ્રહ 'તેજછાયા'.

પાનું ૧૩૧ સ્નેહરશ્મિ—કાવ્યસંગ્રહ,—અર્ધ્ય. તૂટેલા તાર, અને સ્વર્ગ અને પૃથિવી બે વાર્તાસંગ્રહ.
ભાનુશંકર વ્યાસ—'કેડી' કાવ્યસંગ્રહ.
કાણુકિયા—દીપશિખા.
રમણુ વકીલ—પ્રણુય કાવ્યો; ચિત્રલેખા.
કોલક—સાંધ્યગીત.
ઇન્દુલાલ ગાંધી—ખંડિત મૂર્તિઓ.
પારાશર્ય—સંસ્મૃતિ.
પ્રહ્લાદ પારેખ—બારી બહાર.
રમણિક અરાલવાળા—પ્રતીક્ષા.
રતુભાઈ દેશાઇ—જનની.
પતીલ—પ્રભાતનર્મદા.
નંદકુમાર પાઠક—સંવેદના

પાનું ૧૩૨ રમણુભાઈના લેખો 'કવિતા અને સાહિત્ય' નામના તથા નરસિંહરાવના 'મનોમુકુર' નામના સંગ્રહોમાં છે.
કેશવલાલ હર્ષદરાય ધ્રુવ—સાહિત્ય અને વિવેચન.
આનંદશંકર બાપુભાઇ ધ્રુવ—કાવ્યતત્ત્વ વિચાર, સાહિત્યવિચાર.
રામનારાયણુ વિશ્વનાથ પાઠક—કાવ્યની શક્તિ, સાહિત્યવિમર્શ, અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો.
વિષ્ણુપ્રસાદ ત્રિવેદી—વિવેચના.
વિજયરાય વૈદ્ય—જૂઈ અને કેતકી. ગુજરાતી સાહિત્યની રૂપરેખા.
નવલરામ જગન્નાથ—કેટલાંક વિવેચનો.
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ—વિવેચનમુકુર.
રામચંદ્ર શુક્લ—ગુ. સાહિત્યનું મનન અને વિવેચન.
મોહનલાલ પાર્વતીશંકર દવે—સાહિત્યકળા, કાવ્યકળા.

નોંધ: લેખકોની કૃતિની માહિતી માત્ર પિછાન પૂરતી—એકાદ બેની જ છે, સંપૂર્ણ નથી.

ગ્રંથસૂચી

	પૃષ્ઠ
અકબરશાહ	૭૭
અખાનું જીવન	૬૯
અખેગીતા	૨૭, ૧૧૮
અંગદવિષ્ટિ	૩૪
અંગઉધારનો ઝગડો	૪૯
અંગ્રેજ લોકનો ઇતિહાસ	૧૩૨
અજબ કુમારી	૧૦૮
અજામિલ	૮૬
અઢારમી સદીનું હિન્દુસ્તાન	૮૬
અધ્યાત્મ રામાયણ	૩૮
અંતરની વાતો	૧૨૫
અનુભવબિંદુ	૨૭
અભિમન્યુ આખ્યાન	૩૦
અભેદોર્મિ	૬૨
અમે બધાં	૧૦૫
અલક્ષ્યજ્યોતિ	૮૬
આગગાડી	૧૧૭
આત્મકથા	૧૨૦
આત્મનિમજ્જન	૬૨
આપણો ધર્મ	૬૮, ૧૧૮
આરાધના	૧૩૦
આરોગ્ય વિષે વિચારો	૧૨૦
આલબેલ	૧૨૮
ઇન્કિલાબ	૯૫
ઇન્દુકુમાર	૭૭
ઇન્દ્રધનુ	૧૩૦

	પૃષ્ઠ
ઈશ્વરપ્રાર્થનામાળા	૬૭
ઊગતી જુવાની	૧૧૭
ઉત્તરરામચરિત	૬૩, ૧૧૪
ઉત્સર્ગમાળા	૫૨
ઉદ્યમકર્મ સંવાદ	૩૪
ઉંધિયું	૧૦૪
ઉષાકાન્ત	૮૬
ઉષાહરણ	૧૯,૨૦
એકાદશસ્કંધ	૩૮
ઓખાહરણ	૩૦
ઓતરાતી દીવાલો	૧૨૩
ઓલ્યા જોશીનો અખાડો	૧૦૪
ઔરંગઝેબ અને રાજપૂતો	૮૬
કરણઘેલો	૫૩, ૮૨, ૮૩
કહાનડ દે પ્રબંધ	૧૪, ૧૯, ૬૫
કાદમ્બરી	૧૩, ૧૪, ૧૮, ૨૦, ૨૪, ૬૫, ૮૫
કાન્તા	૬૩, ૧૧૪
કાવ્યમંગલા	૧૨૮
કાવ્યરસિકા	૭૮
કુંજવિહાર	૭૩
કુમારિકા	૮૦
કુસુમમાળા	૬૩, ૬૬
કૃષ્ણલીલામૃત	૧૮
કેકારવ	૭૪
કેળવણીના પાયા	૧૨૨

કોકિલા ૯૨
કોયા ભગતની કડવી વાણી ૧૨૮
કોશ ૧૩૩
ગંગોત્રી ૧૨૯
ગમાર બાવની ૪૮
ગરબાવળી (નવલરામ) ૫૦
ગીતગોવિંદ ૬૫
ગીતામંથન ૧૨૨
ગુજરાતનો નાથ ૮૬,૮૭
ગુજરાતી ભાષાનો ઇતિહાસ ૫૨
ગુરુશિષ્યસંવાદ ૨૭
ગુલાબસિંહ ૬૨
ગોમંડળ પરિક્રમ ૧૩૨
ગ્રામલક્ષ્મી ૯૪
ચંડીપાઠના ગરબા ૪૨
ચંદ્રકાંત ૭૦
ચંદ્રહાસ આખ્યાન ૩૦
ચાતુરી ૧૭
ચાબખા ૪૧,૧૧૯
ચારિત્ર્ય ૬૨
ચિતાના અંગારા ૧૦૧
ચિત્રાંગદા ૧૧૬
છપ્પા (અખાના) ૨૭
છાયાનટ ૯૪
જય ગુજરાત ૯૪
જયન્ત ૯૨
જય સોમનાથ ૯૪
જયા-જયન્ત ૭૭,૧૧૬
જાગતા રહેજો ૧૨૫
જીવનનો આનંદ ૧૨૩
જીવનની સંસ્કૃતિ ૧૨૩
જીવનભારતી ૧૨૩
જ્યોતિરેખા ૧૨૯
જ્યોત્સ્ના ૮૬
ઝાંસીની રાણી ૮૬
ઠગ ૯૪
તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ૬૯
તપત્યાખ્યાન ૩૨
તરંગાવલિ ૮૦
તિથિઓ (રામૈયાની) ૪૨
તિલકગીતા ૬૮
તુળસીક્યારો ૯૫
તેજછાયા ૧૦૧
ત્રિભુવનદીપકપ્રબંધ ૧૯
ત્રિલોચન ૯૫
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ૧૨૦
દરિદ્રનારાયણ ૯૫
દરિયાલાલ ૯૫
દર્શનિકા ૭૮
દશમસ્કંધ (પ્રેમાનંદ) ૧૨,૩૦,૧૧૯
દશમસ્કંધ (ભાલણ) ૧૮
દિવ્યચક્ષુ ૯૩
દેશદિવાન ૯૪
દ્રૌપદીપ્રસન્નાખ્યાન ૩૨
ધર્મવર્ણન ૬૮
ધર્મવિચાર ૪૭
ધીરાની કાફી ૪૧

નર્મકથાકોશ ૪૭,૧૩૩
નર્મકવિતા ૪૪
નવલગ્રંથાવલિ ૫૧
નવલકથાનો ઇતિહાસ ૯૭
નવી ઇસપ નીતિ ૬૫
નળાખ્યાન (પ્રેમાનંદ) ૩૦,૧૧૯
નળાખ્યાન (ભાલણ) ૧૮
નારીપ્રતિષ્ઠા ૬૨
નિવૃત્તિવિનોદ ૧૦૫
નિશીથ ૧૨૯
નીતિશિક્ષણ ૬૮
નૂપુરઝંકાર ૬૪
નૂરજહાં ૭૬,૭૭,૧૧૬
નોંધપોથી ૧૦૫
પંચીકરણ ૨૭
પલકારા ૧૦૧
પાટણની પ્રભુતા ૮૭,૯૧
પાણીપત ૫૨
પૂર્ણિમા ૯૪
પૂર્વરંગ ૧૩૨
પૌરાણિક કથાકોષ ૧૩૩
પ્રતાપરાણો ૧૧૬
પ્રતિમા ૧૦૧
પ્રબોધબત્રીશી ૨૦,૨૬
પ્રભાતિયાં ૧૬
પ્રભુ પધાર્યા ૯૫
પ્રાચીન કાવ્યમાળા ૧૪,૫૨
પ્રાયશ્ચિત્ત ૧૨૫
પ્રીતમવાણી ૩૯
પ્રેમજીવન ૬૨
પ્લુટાર્કનાં જીવનચરિત્રો ૧૩૨
ફઇબા ૧૦૪
ફારબસ વિલાસ ૪૮
ફૂલદોલ ૧૩૦
બાળવિલાસ ૬૨
બાળલગ્ન બત્રીશી ૫૦
બૃહત્ કાવ્યદોહન ૧૪,૨૫,૫૨
ભગવદ્ગીતા (નરહરિ) ૩૫
ભગવદ્ગીતા (પ્રીતમદાસ) ૩૮
ભટ્ટનું ભોપાળું ૧૧૩
ભણકાર ૧૧૮
ભવાઈ સંગ્રહ ૪૮
ભામિનીભૂષણ ૭૦
ભારતનો ટંકાર ૭૮
ભારેલો અગ્નિ ૯૪
ભૂતકાળના પડછાયા ૯૫
ભૂતના ભડકા ૧૦૪
મણિકાન્ત કાવ્યમાળા ૮૧,૧૧૯
મદનમોહના ૩૪
મનોમુકુર ૬૪
મયણરેહા રાસ ૧૯
મહાભારત ૭૭
મહિના (રત્નો) ૩૫
માટીના જાયા ૧૨૬
મામેરું ૩૦,૧૧૯
મારું ગામડું ૧૨૫
માલતીમાધવ ૬૩,૧૧૪
મિથ્યાભિમાન નાટક ૧૧૩

મુક્તાહાસ્ય ૧૦૪
મુદ્રારાક્ષસ (મેળની મુદ્રિકા) ૬૫,૧૧૫
મૃચ્છકટિક ૧૧૪,૧૧૫
મૃદુલા ૮૬
મેઘદૂત (નવલરામ) ૫૦
મેવાડની જાહોજલાલી ૮૬
મોહિની ૮૬
યોગિની ૮૬
રંગતરંગ ૧૦૫
રણપિંગળ ૫૨
રણમલ્લછંદ ૨૦
રસમંજરી ૨૪
રસિક વલ્લભ ૪૦
રસીલી વાર્તાઓ ૧૦૩
રાઇનો પર્વત ૬૬,૧૧૬,૧૧૭
રા'ગંગાજળિયો ૯૪
રામાયણ ૪૨
રાવણમંદોદરી સંવાદ ૩૪
રાસચંદ્રિકા ૭૮
રોષદર્શિકાઆખ્યાન ૩૨
લલિતાદુઃખદર્શક ૧૧૨
લાયઅલકેસ ૪૭
લોકમાતા ૧૨૩
વનરાજ ચાવડો ૪૮
વલ્લભાખ્યાન ૨૪
વસંતવિલાસ ૧૯
વસંતોત્સવ ૭૭
વસુધા ૧૨૮
વસ્તુપાલ તેજપાલ રાસ ૧૯
વાર્તાવિહાર ૧૦૪
વિક્રમની વીસમી સદી ૮૬
વિક્રમોર્વશી,(પરાક્રમની પ્રસાદી) ૬૫
વિજયક્ષમા ૪૮
વિધવા ૮૦
વિનોદવિહાર ૧૦૪
વિદ્યાવિલાસિની ૩૪
વિન્ધ્યવનની કન્યકા ૧૧૫
વિમળ પ્રબંધ ૧૯
વિલાસિકા ૭૮
વિલ્સન ફાઇલો લોજીકલ લૅક્ચર્સ ૧૩૨
વિલ્હમ ૧૧૫
વિશ્વગીતા ૭૭,૧૧૬,૧૧૮
વિશ્વની વિચિત્રતા ૫૨
વિશ્વશાંતિ ૧૨૮,૧૨૯
વેનચરિત્ર ૪૮
વીરમતી ૧૧૩
વેણીસંહાર ૧૧૫
વેરની વસુલાત ૮૬,૯૧
વેવિશાળ ૯૫
વૈજ્ઞાનિક સમાજવાદ ૧૨૬
શાકુંતલ ૧૧૪,૧૧૫
શાક્ત સંપ્રદાય ૬૯
શાહજહાં ૧૧૬
શિરીષ ૯૨
શુકદેવ આખ્યાન ૨૫
શૂરવીરનાં લક્ષણ ૪૭

શોભના ૯૪
શ્રીભાષ્ય ૬૮
શ્રીયુત ગોવર્દ્ધનરામ ૧૩૩
સંઘમિત્રા ૭૬
સંજીવની ૧૨૫
સત્યમય જીવન ૧૨૨
સત્યાગ્રહની મર્યાદા ૧૨૪
સદયવત્સ ચરિત ૨૦
સધરા જેસંગ ૪૮
સંદેશિકા ૭૮
સપ્તશતી ૧૮
સમરાંગણ ૯૪
સંપલક્ષ્મી સંવાદ ૪૯
સરસ્વતીચંદ્ર ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૮૪, ૮૫, ૮૬, ૯૦, ૯૧, ૧૧૮
સહજાનંદ ૧૨૨
સહસ્રપદી રાસ ૧૭
સાક્ષરજીવન ૬૦, ૬૧, ૧૧૮
સાચું સ્વપ્ન ૧૧૫
સારથિ ૭૭
સાસુવહુની લડાઇ ૪૮
સાહિત્યવિનોદ ૧૦૫
સિતારનો શોખ ૮૬
સિદ્ધાંતસાર ૬૩, ૧૧૮
સીતાહરણ ૧૯
સુદામાચરિત્ર (નરસિંહ) ૧૭
સુદામાચરિત્ર (પ્રેમાનંદ) ૩૦
સુધન્વા આખ્યાન ૩૦
સુરતની હકીકત ૪૭
સોરઠી સંધ્યા ૯૫
સૌભાગ્ય સુંદરી ૧૧૦
સૌરાષ્ટ્રની રસધાર ૯૪
સ્નેહમુદ્રા ૬૦
સ્મરણયાત્રા ૧૨૩
સ્મરણસંહિતા ૬૪
સ્વર્ગનાં પુસ્તકો ૭૦
હરિશ્ચંદ્ર આખ્યાન ૩૦
હરિલીલા ષોડશકલા ૧૮
હંસકાવ્ય શતક ૪૮
હારમાળા ૧૭
હાસ્યભંડાર ૧૦૪
હાસ્યમંદિર ૬૫, ૧૦૩
હિન્દ અને બ્રિટાનિયા ૮૬
હિન્દ સ્વરાજ્ય ૧૨૦
હિન્દુઓની પડતી ૪૭
હિમાલયનો પ્રવાસ ૧૨૩, ૧૩૨
હુન્નરખાનની ચઢાઇ ૪૮
હું, સરલા ને મિત્રમંડળ ૧૦૪
હુંડી ૩૦
હૃદયનાથ ૯૨
હૃદયવીણા ૬૪

લેખકસૂચી

	પૃષ્ઠ
અખો	૨૭,૨૮,૭૨ ૧૧૮, ૧૧૯, ૧૩૪
અતિસુખશંકર ત્રિવેદી	૧૦૫
અમૃતલાલ પઢિયાર	૭૦
આનંદશંકર ધ્રુવ	૬૭,૬૮ ૧૧૮, ૧૩૩
ઇચ્છારામ સૂર્યરામ	૫૧,૭૦
ઇન્દુલાલ ગાંધી	૧૩૧
ઇન્દુલાલ યાજ્ઞિક	૧૨૦
ઈશ્વરભાઇ પટેલ	૧૧૫
ઉત્તમલાલ ત્રિવેદી	૬૮
ઉદ્ધવ	૨૪
ઉમાશંકર જોષી	૧૨૮,૧૨૯, ૧૩૦,૧૩૧
ઓલ્યા જોષી	૧૦૪
કનૈયાલાલ મુનશી	૮૭,૮૮,૮૯, ૯૦,૯૧,૯૨,૯૩,૯૯,૧૦૦, ૧૧૭,૧૧૮,૧૨૭,૧૩૨
કરસનદાસ માણેક	૧૨૮
કરસનદાસ મૂળજી	૪૪,૪૭,૪૮,૫૦
કર્મણ મંત્રી	૧૯
કલાપી	૭૧,૭૩,૭૪
કાકા કાલેલકર	૧૨૩,૧૨૫,૧૩૨
કાણુકિયા	૧૩૧
કાન્તિલાલ પંડ્યા	૧૩૩
કિશોરલાલ મશરૂવાળા	૧૨૨,૧૨૩

	પૃષ્ઠ
કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી	૬૭, ૬૯,૧૨૭
કેશવ (કાયસ્થ)	૧૮
કેશવલાલ હર્ષદરાય ધ્રુવ	૬૧,૬૫, ૧૧૪,૧૧૫,૧૩૩
કેશવ હ૦ શેઠ	૮૧,૧૨૭
કોલક	૧૩૧
ખબરદાર અરદેશર ફરામજી	૭૧, ૭૮,૧૧૮,૧૨૭
ગજેન્દ્રશંકર પંડ્યા	૧૧૨
ગીરધર	૪૨
ગુણવંત આચાર્ય	૯૫,૯૬, ૧૦૧,૧૨૭
ગુલાબદાસ બ્રોકર	૧૦૩
ગોપાળદાસ	૨૪
ગોવર્દ્ધનરામ ત્રિપાઠી	૫૬,૫૮, ૬૦,૭૧,૮૫,૮૬,૯૧, ૧૧૮, ૧૨૩, ૧૩૪
ચંદ્રભાઇ ભટ્ટ	૧૨૬
ચંદ્રવદન મહેતા	૧૧૭,૧૨૭
છગનલાલ હરિલાલ પંડ્યા	૬૭,૮૫
જદુરાય ખંધેડિયા	૧૦૪
જનાર્દન	૧૯
જયમન પાઠકજી	૧૩૧
જયશેખર	૧૯

જાગીરદાર છોટાલાલ ડાહ્યાભાઈ ૧૦૪
જિનવિજય ૧૩૧
જ્યોતીંદ્ર દવે ૧૦૫
જ્યોત્સ્ના શુક્લ ૧૩૧
ઝવેરચંદ મેઘાણી ૯૪,૯૬,૧૦૧, ૧૧૫,૧૧૬,૧૨૪,૧૨૫, ૧૨૭,૧૨૮
ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક ૧૧૪
ડાહ્યાભાઈ ધોળશાજી ૧૧૧
તુળસી ૨૪
ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ ૮૧, ૧૨૭, ૧૨૮
દયારામ ૩૭, ૩૯, ૪૦, ૭૨, ૧૧૯, ૧૩૪
દલપતરામ ૪૪,૪૮,૪૯,૬૭,૭૨, ૧૧૩,૧૧૯,૧૩૪
દલપતરામ પ્રાણજીવન ખખ્ખર ૧૧૪
દુર્ગારામ મંછારામ ૪૪,૪૭,૫૦
દોલતરામ કૃપારામ પંડ્યા ૧૧૪
દેવાનંદ ૪૨
ધનવંત ઓઝા ૧૨૬
ધનસુખલાલ મહેતા ૧૦૪,૧૦૫
ધૂમકેતુ ૯૯,૧૦૦,૧૧૮,૧૨૭
ધીરો ૩૭,૪૦,૪૧,૧૧૯,૧૩૪
નથુરામ સુંદરજી ૧૧૦,૧૧૧
નંદશંકર તુળજાશંકર ૫૩,૮૩
નરભેરામ ૪૨
નરસિંહ મહેતો ૧૩,૧૪,૧૫,૧૬, ૧૭,૧૯,૨૧,૨૬,૩૫,૭૧, ૧૧૯,૧૩૪
નરસિંહરાવ ૩૧,૫૭,૬૩,૬૪, ૬૫,૭૧,૭૨,૭૫,૭૮,૧૧૮, ૧૩૦,૧૩૨,૧૩૩
નરહરિ ૩૫
નરહરિ પરીખ ૧૨૪
નર્મદાશંકર ૪૪,૪૫,૪૬,૪૯, ૬૭,૯૦,૧૧૩,૧૩૪
નર્મદાશંકર દેવશંકર મહેતા ૬૭,૬૯
નવલરામ જગન્નાથ ૧૩૩
નવલરામ ૪૪,૪૮,૫૦,૫૧,૬૪, ૬૭,૭૨,૧૧૩,૧૩૨
નાકર ૨૩,૨૫
નારાયણ હેમચંદ્ર ૭૦
નિરાંત ૪૨
નિષ્કુળાનંદ ૪૨
નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ ૧૨૪
નૃસિંહપ્રસાદ વિભાકર ૧૧૨
નૃસિંહાચાર્ય ૭૦
નોશિરવાન ૩૫
ન્હાનાલાલ કવિ ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૧૧૫, ૧૧૬, ૧૧૮, ૧૨૭, ૧૩૦, ૧૩૪
પતિલ ૧૩૧
પદ્મનાભ ૧૯
પન્નાલાલ પટેલ ૧૩૨

પારાશર્ય ૧૩૧
પૂજાલાલ ૧૩૧
પ્રભુરામ દ્વિવેદી ૧૧૨
પ્રહ્લાદ પાઠક ૧૩૧
પ્રહ્લાદ પારેખ ૧૩૧
પ્રાણજીવન મહેતા ૧૦૩
પ્રીતમદાસ ૩૭,૩૮,૩૯,૭૨,૧૧૯
પ્રેમાનંદ ૧૨,૧૭,૨૩,૨૯,૩૦,૩૧, ૩૨,૩૩,૭૧,૧૦૬,૧૧૯,૧૩૪.
બબલચંદ મહેતા ૧૨૫
બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ૭૧, ૭૨, ૧૧૭, ૧૧૮, ૧૨૭
બાપુસાહેબ ગાયકવાડ ૪૨
બાલાશંકર ઉલ્લાસરામ ૭૧, ૧૧૪
બુટિયો ભક્ત ૪૨
બોટાદકર દામોદર ખુશાલદાસ ૭૧, ૭૩, ૭૯, ૧૧૮
બ્રહ્માનંદ ૪૨
ભાનુશંકર વ્યાસ ૧૩૧
ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા ૧૩૪
ભાલણ ૧૩, ૧૭, ૧૮, ૨૦, ૨૪
ભીમ (સદયવત્સવાળો) ૨૦
ભીમ (હરિલીલાવાળો) ૧૮
ભૂખણ ૪૨
ભોગીન્દ્રરાવ દિવેટિયા ૮૬,૧૨૦
ભોજો ૩૭,૪૦,૪૧,૧૧૯,૧૩૪
મગનભાઇ ચતુરભાઇ પટેલ ૧૧૫
મણિભાઇ તંત્રી ૯૭
મણિલાલ નભુભાઇ ૫૬, ૬૧, ૬૨, ૬૩, ૭૧, ૭૪, ૧૧૨, ૧૧૪, ૧૧૮.
મણિશંકર રત્નજી ભટ્ટ ૭૧, ૭૨
મનઃસુખલાલ ઝવેરી ૧૧૪, ૧૧૮, ૧૩૦
મલયાનિલ ૯૯
મસ્તફકીર ૧૦૪
મહાદેવ હરિભાઇ દેશાઇ ૧૧૬, ૧૨૪
મહીપતરામ ૪૪, ૪૭, ૪૮
માંડણ ૨૬
મીરાં ૧૪, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૭૧, ૧૧૯, ૧૩૪
મુરલી ઠાકોર ૧૩૧
મોહનદાસ કરમચંદ ગાંધી ૧૨૦ ૧૨૧, ૧૨૨, ૧૨૪, ૧૨૫, ૧૨૬ ૧૨૭, ૧૨૮, ૧૩૩
મોહનલાલ પાર્વતીશંકર દવે ૧૩૩
રઘુનાથદાસ ૪૨
રણછોડજી દીવાન ૪૨
રણછોડભાઇ ઉદયરામ ૫૨, ૧૦૭, ૧૧૨
રણજિતરામ ૮૯, ૧૦૨, ૧૦૩
રતુભાઇ દેશાઇ ૧૩૧
રત્નો ભાવસાર ૩૫
રમણભાઇ ૫૭, ૬૧, ૬૫, ૬૬, ૭૧, ૧૦૩, ૧૦૫, ૧૧૬, ૧૩૩
રમણલાલ દેસાઈ ૯૨, ૯૩, ૯૪, ૯૬, ૧૧૮, ૧૨૭, ૧૩૩
રમણ વકીલ ૧૩૧

રમણિક અરાલવાળા ૧૩૧
રામચંદ્ર શુક્લ ૧૩૩
રામનારાયણ પાઠક (દ્વિરેફ) ૧૦૦,૧૧૮,૧૨૭,૧૩૩
રામમોહનરાય જશવંતરાય દેસાઈ (સુમન્ત) ૮૦,૧૦૩,૧૨૭
રામૈયો ૪૨
રાવો ૪૨
રૂસ્તમ ૩૫
લલિત (જન્મશંકર મહાશંકર બુચ) ૭૧, ૭૯, ૧૨૭
લલ્લુભાઈ પટેલ ૧૩૪
લાવણ્યસમય ૧૯
લીલાવતી મુનશી ૧૦૧,૧૨૭
વછરાજ ૨૪
વલ્લભ મેવાડો ૩૫, ૩૬
વસન્ત વિનોદી (ચંદુલાલ મણિલાલ દેસાઈ) ૮૦
વસ્તો ૨૪
વાઘજી આશારામ ૧૦૯
વાલજી ગોવિંદજી દેસાઈ ૧૨૪
વિજયરાય વૈદ્ય ૧૩૩
વિશ્વનાથ જાની ૩૫
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ ૧૩૩
વિષ્ણુદાસ (ખંભાતવાળો) ૨૪
વિષ્ણુદાસ (ભાલણસુત) ૨૪
વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૧૩૩
વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રી ૫૨
શામળ ૩૩, ૩૪, ૩૫, ૭૨, ૧૩૪
શ્રીધર ૨૦
સુંદરજી બેટાઇ ૧૨૯, ૧૩૦
સુન્દરમ્ ૧૨૮
સોપાન ૧૨૫
સ્નેહરશ્મિ ૧૩૧
હરગોવિંદદાસ કાંટાવાળા ૫૧,૫૨
હરસેવક ૧૯
હરિલાલ હર્ષદરાય ધ્રુવ ૬૭, ૭૧, ૭૩, ૧૧૪
હરિહર ભટ્ટ ૮૧, ૧૨૭
હંસા મહેતા ૧૨૭
હીરાનંદ ૧૯

સારામાઠા પ્રસંગે જ્ઞાનલહાણી

પોતે પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું એ તો કોઇથી જ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના ઉપદેશ અને ચારિત્ર્યને લગતાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઈ બીજાને આપી શકે તેમ છે.

કોઈ કોઈ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઇક સદુપયોગ કરે છે; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સૌ કોઇએ સારા પ્રમાણમાં ચાલુ કરીને ઉમદા રૂઢિરૂપ બનાવી દેવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે ઘી વગેરે-માં થોડી કસર કરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માન-સિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પ્રત્યેક મહેમાન, પડોશી, સગાં, કુટુંબી, મિત્ર, જ્ઞાતિબંધુ, બ્રાહ્મણ, વિદ્યાર્થી વગેરેને ભેટ અપાય તો તે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં તેમને માટે વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણ નિમિત્તે અમુક તરફથી ભેટ" કે એવું કંઈ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કે હાથે લખીને આપી શકાય, કે જેથી લોકસેવા થવા ઉપરાંત તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

× × × ×

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇએક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને વહેંચી–વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય તો કોઇએક ઉત્તમ પુસ્તકની યથાશક્ય પ્રતોની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ મળી શકે. માત્ર પાંચ–દશ રૂપિયા ખર્ચવા હોય તો ગીતાઓ કે ગીતાનો ૧૮ મો અધ્યાય અથવા તો બીજી કોઈ સારી હજાર–પાંચસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય. છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલા વડે પણ ધર્મગ્રંથોમાંની અથવા બીજી અસરકારક શિખામણોનાં સો–બસો હસ્તપત્ર સુખેથી વહેંચી શકાય.

ગ્રંથસેવનનો મહિમા

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं। किं तस्य शुष्कैश्चपलाविनोदैः॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા–વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (સ્ત્રીના–લક્ષ્મીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે?

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહિ; એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખ-ચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંત-ર્વિચાર પણ કરી શકશો." —મ૦ ગાંધીજી

"પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તોપણ એ ગ્રંથો જ માનસવાણીથી તમને કહેશે કે, 'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કીમતી છે?"

"ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે, અને જેમ-જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમતેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે."

"સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો."


"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શો તફાવત?"

આ અરધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**. એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.



તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના [illegible] ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે '**कथयन्तो मां नित्यं**' એ ગીતાસૂત્ર પ્રમાણે, ઠેઠ છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં— હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ અને મુંબઈ—૨

સાહિત્યપ્રારંભિકા

પ્રકરણ ૧ લું–નરસિંહ–મીરાંયુગ

શરૂઆત–જૂની ભાષા

આપણી ગુજરાતી ભાષા હાલ બોલાય છે તેવી પહેલાં બોલાતી નહોતી. હમણાં પણ આપણે જાણીએ છીએ કે પ્રાંત પ્રાંતની બોલીમાં ફેર હોય છે; એટલું જ નહિ પણ લેખક લેખકની ભાષામાં પણ જુદાપણું હોય છે. આવું હોવા છતાં બધા જ ગુજરાતીઓની ભાષા એક જ છે—ગુજરાતી જ છે—પછી ભલે ગુજરાતમાં, કાઠિયાવાડમાં કે હિન્દના કે દુનિયાના ગમે તે જુદાજુદા ભાગોમાં વસતા હોય, તો પણ બધા ગુજરાતીઓની ભાષા તો ગુજરાતી જ છે.

હમણાં બોલાતી ભાષા સોબસો વર્ષ પહેલાં આજના જેવી નહોતી; ત્રણસોચારસો વર્ષ પર તો કાંઈક વધારે જુદી લાગે તેવી હતી. પાંચસોછસો વર્ષ પહેલાં તો ગુજરાત–કાઠિયાવાડમાં બોલાતી તે જ ભાષા મેવાડ, મારવાડ, માળવા એ બધા પ્રદેશમાં વપરાતી.